વર્ષ : 10 ◆ અંક : 1
જાન્યુઆરી-ફેબ્રુઆરી 2020
સળંગ અંક : 55

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

*Unfortunately, India's foreign policy lags due to lack of consensus on major issues. `Ruling party proposes and the Opposition disposes' has become a procedural norm which is an unhealthy, but a sort of forced anamorphism of India's future vision. There is no united political determination and focus to push a policy ahead. India's principal political parties would need to follow the bi-partisan approach usually pursued in the USA when major foreign policy issues are at state.*

*...diplomacy is not only about paid stays in foreign countries, cocktail parties, hi-profile meetings and being seen with the who's who of international politics. If someone asks me to demystify diplomacy as a profession and talk about misconceptions and perceptions about it, I would only say that it is a profession which comes with personal and professional challenges. Sixteenth century English diplomat Sir Henry Watson's statement that `an ambassador is an honest man sent to lie abroad for the good of his country' does not apply to all; it did not, at least to me. One needs to be alert and abreast of happenings and not necessarily lie to make things work. Honesty works best, keeping in view your country's interest. In any case, in great majority of the countries, an Ambassador's principal role is now to assist in the economic development of his country unlike in the past where politics ruled high.*

*Ambassador K. H. Patel*





ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી આર. વેંકટરામન
સાથે યુગાન્ડાના હાઈકમિશનર શ્રી કે. એચ. પટેલ



જીસીસીઆરઈના ચૅરમૅન તરીકેની શ્રેષ્ઠ કામગીરી માટે
શ્રી કે. એચ. પટેલને લૉર્ડ ભીખુ પારેખ અવૉર્ડ એનાયત કરી રહ્યા છે.



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પૌત્ર શ્રી રાજમોહન ગાંધી
અને શ્રી સંજયભાઈ...



સ્વ. એમ. એમ. પટેલસાહેબની સ્મૃતિમાં આયોજિત
રક્તદાન શિબિરનું દૃશ્ય







સ્વ. એમ. એમ. પટેલસાહેબની સ્મૃતિમાં આયોજિત રક્તદાન શિબિરનાં બે દૃશ્યો





સર્વ વિદ્યાલય, કડીમાં આયોજિત ‘ચિત્ર પ્રદર્શન’માં પ્રદર્શિત બે ચિત્રો

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૦, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૦; સળંગ અંક : ૫૫

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : ગુજરાતનું ગૌરવ
  રાજદૂત શ્રી કરસનભાઈ પટેલ — મણિભાઈ પ્રજાપતિ — ૧
- શ્રદ્ધાંજલિ : ગુજરાતના ગ્રંથાલય પ્રહરી :
  સ્વ. કિરીટભાઈ ભાવસાર — મણિભાઈ પ્રજાપતિ — ૬
- પ્રાસંગિક — ૧૦
  – શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ એનાયત સમારોહ
  – પ્રજાસત્તાક પર્વ
  – સ્વ. માણેકલાલ એમ. પટેલ સ્મૃતિ રક્તદાન શિબિર
  – રાજમોહન ગાંધી સાથે ગોષ્ઠી
  – સંગીત સમારોહ

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ : ઇતિહાસની અટારીએથી
   કડીની સંસ્થામાં છ વર્ષ — સોમાભાઈ લ. પટેલ — ૧૬
૨. કેલિફોર્નિયા રાજ્યની શિક્ષણવ્યવસ્થા — વિઠ્ઠલભાઈ અં. પટેલ — ૧૯
૩. ઇતર વાચનમાં વિવેકની જરૂર — તુલસીભાઈ પટેલ — ૨૫
૪. નાગરિકતા સુધાર અધિનિયમ-૨૦૧૯ — ડૉ. કમલેશ જોશીપુરા — ૨૭
૫. જુરાસિક યુગનાં પ્રાણીઓ — પ્રિ. (ડૉ.) એમ. આઈ. પટેલ — ૩૦
૬. જંતુનાશક રસાયણોનો વધારે
   પડતો ઉપયોગ જીવલેણ — પ્રિ. (ડૉ.) કિશોર પંડ્યા — ૩૩
૭. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ — ૩૫
   – ભારતીય ધર્મ-દર્શન અને શિક્ષણ / પ્રો. બી. એ. પ્રજાપતિ; સંપાદક : ડૉ. કનકબાળા જાની.
   – બીજા ભારતની યાત્રા / રાજગોપાલ પી. વી.; સંપા. જીલ કાર્લ-હેરિસ વગેરે; અનુવાદક : યતીશ મહેતા.
૮. સંસ્થા સમાચાર
   – યુનિવર્સિટી / કૉલેજ વિભાગ — ૪૧
   – શાળા વિભાગ — ૪૪



**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬


## સંપાદકીય

### ગુજરાતનું ગૌરવ
### રાજદૂત શ્રી કરસનભાઈ પટેલ

ભારત સરકારનાં વિવિધ મંત્રાલયોમાં સનદી અધિકારીઓની સંખ્યા અન્ય રાજ્યોની સંખ્યાની તુલનામાં ગુજરાતી સનદી અધિકારીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી છતાંય બ્રિટિશ શાસનકાળથી તેની ઉપસ્થિતિ જોવા મળે છે, પરંતુ વિદેશસેવામાં તો માત્ર ગણતરીના ગુજરાતી ઉચ્ચ અધિકારીઓનાં નામ ઊડીને આગળ આવે છે. આ પૈકી બે રાજદ્વારીઓ ઉત્તર ગુજરાતના છે, જેમાં યુનાઇટેડ નેશન્સ ખાતેના ભૂતપૂર્વ ભારતીય રાજદૂત અને મધ્યપર્વની બાબતોના વડાપ્રધાનના વિશેષ દૂત **શ્રી ચિન્મય ઘારેખાન (પાટણ)** અને રવાન્ડા તથા બુરુન્ડીના ભારતના રાજદૂત તથા યુગાન્ડાના હાઈ કમિશનર **શ્રી કે. એચ. પટેલ (ઊંઝા)**નો સમાવેશ થાય છે. આ બંને રાજદૂતો પોતાની વિશિષ્ટ કામગીરીઓ અને ઉપલબ્ધિઓ માટે ગુજરાતનું અને સવિશેષતઃ ઉત્તર ગુજરાતનું ગૌરવ છે. આપણા ચરિત્રનાયક શ્રી કરસનભાઈની નિવૃત્તિ સમયે ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી પી. વી. નરસિંહ રાવે શુભેચ્છા પત્રમાં નોંધેલ શબ્દો : "With your research back ground, you would no doubt have found your postings abroad illuminating and instructive. I am sure that your tenure in Kampala as our High Commissioner provided you with ample opporunities of building up India-Uganda relations. Your contributions in this regard are appreciated" તેમની પ્રોજ્જવલતમ કારકિર્દીને ઉજાગર કરતા

હોઈ એક અસાધારણ ગર્વરૂપ ઘટના બની રહે છે. આ ઉપરાંત રિયુનિયન (ફ્રાન્સ)ના ભારતના પ્રથમ કૉન્સલ જનરલ તરીકે તેમણે ઉદાહરણસ્વરૂપ અને સ્મરણીય બની રહે તેટલી ઉત્કૃષ્ટ કામગીરી કરતાં તેમનો કાર્યકાળ પૂરો થતાં વિદાયમાન પ્રસંગે **'Medal of the Prefecture'** એનાયત કરતાં ત્યાંના સેક્રેટરી જનરલ Remi Thuanના શબ્દો ''Mr Patel, as the first Consul General of India, your task was particularly difficult. On account of your performance during the last three and half years, Indian Consulate General has turned out to be an institution well known and appreciated not only by the government authorities but also by the people of Reunion, and it has become an integral part of the Island.'' દ્રષ્ટવ્ય બની રહે છે. આ સંદર્ભે વિદેશ મંત્રાલયમાં સેવાકાળ દરમિયાનના ભૂતપૂર્વ સાથીદાર અને બાદમાં સંસદસભ્ય બનેલા શ્રી મણિશંકર ઐય્યર જ્યારે શ્રીમતી સોનિયા ગાંધી સાથે સિસેલ્સ જતા હતા ત્યારે સેન્ટ ડેનિસ એરપોર્ટ પર થોડોક સમય રોકાવાનું થતાં તેમણે કરસનભાઈએ રિયુનિયલ આઈલેન્ડ (ફ્રાન્સ)માં કરેલ કાર્યો વિશે જે સાંભળ્યું તે (અને તે પણ રવાન્ડા છોડ્યાના ૬ વર્ષ બાદ) તેમના તા. ૨૫ મે, ૧૯૯૫ના પત્રમાં જણાવ્યું હતું, તે શબ્દો આ રહ્યા : ''I was proud to tell everyone I met of long association with you and was delighted to hear the most extravagant praise of your own enduring contribution to the establishment of an Indian presence in Reunion.''

આવા ગરવા શ્રી કરસનભાઈ પટેલ (ઉર્ફે શ્રી કુલીનભાઈ)નો જન્મ વતન ઊંઝા (જિ. મહેસાણા)માં સાધન સંપન્ન કૃષક તથા અગ્રણી વ્યાપારી પરિવારમાં તા. ૧૨ ઑક્ટોબર, ૧૯૩૬ના રોજ થયો હતો. પિતાનું નામ હીરાલાલ પટેલ અને માતાનું નામ દિવાળીબહેન. મોટાભાઈનું નામ ડૉ. ગોપાળભાઈ પટેલ. પત્નીનું નામ કાશીબહેન અને તેમના સુપુત્રોનાં નામ ઉદ્યોગપતિ હરીશભાઈ અને ઓર્થોપેડિક સર્જન ડૉ. સતીશ છે. વતનની જ શાળા 'શેઠ એમ. આર. હાઈસ્કૂલ'માંથી મૅટ્રિક સુધીનો અભ્યાસ કર્યા બાદ સ્વપ્રેરણાથી પ્રેરાઈને તત્કાલિન સમયની મુંબઈની વિખ્યાત 'એલ્ફિન્સ્ટન કૉલેજ'માં પ્રવેશ મેળવીને 'સેવાદળ સાથેના જોડાણ અને રાષ્ટ્રવાદી વિચારધારાના કારણે' બી. એ. (૧૯૫૯)નો અભ્યાસ ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર સાથે કર્યો. આંતરરાષ્ટ્રીય સંબંધો વિષયમાં વિશેષ રસ-રુચિ અને લગાવથી પ્રેરાઈને વધુ અભ્યાસ અર્થે અમેરિકાની અને વિશ્વની પણ સુપ્રસિદ્ધ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં પ્રવેશપત્ર મેળવ્યો હતો, પરંતુ સંયુક્ત રાષ્ટ્રસંઘનું વડું મથક ન્યૂયૉર્ક હોવાથી ન્યૂયોર્કની સિટી કૉલેજ (સિટી યુનિવર્સિટી ઑફ ન્યૂયૉર્ક)માં પ્રવેશ મેળવી ૧૯૬૧માં એમ. એ. (આંતરરાષ્ટ્રીય સંબંધો)નો અભ્યાસ પૂર્ણ કર્યો. આ ઉપરાંત ધ હેગ, નેધરલૅન્ડમાંથી 'પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન ઇન્ટરનેશનલ રિલેશન્સ' (૧૯૭૦) પણ મેળવ્યો છે. વર્ષ ૧૯૭૮માં સિટી યુનિવર્સિટી ઑફ ન્યૂયોર્કમાં પીએચ.ડી. હેતુ પ્રવેશ મેળવી ઘણુંખરું કાર્ય સંપન્ન કર્યું, પરંતુ આકસ્મિક પરિસ્થિતિવશાત્ વતન આવવાનું થતાં આ અભ્યાસ છોડવો પડ્યો હતો.

અમેરિકાથી પરત થયા બાદ 'ઇન્ડિયન કાઉન્સિલ ફૉર આફ્રિકા' નવીદિલ્હીના અધ્યક્ષ શ્રી બળવંતરાય મહેતા (ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી)એ આ યુવાપ્રતિભાથી પ્રભાવિત થઈ કાઉન્સિલમાં ઑફિસર (૧૯૬૧) તરીકે સીધી જ નિયુક્તિ આપી હતી, જ્યાં તેમણે ભારત–આફ્રિકાના સંબંધો ઉપરાંત 'આફ્રિકા ક્વાર્ટરલી'ના સંપાદન અને લેખનની જવાબદારીઓ કુશળતાપૂર્વક નિભાવી હતી. ૧૯૬૩માં યુપીએસસી દ્વારા પસંદગી પામતાં ભારત સરકારના વિદેશ મંત્રાલયમાં ઐતિહાસિક સંશોધન વિભાગમાં ગેઝેટેડ અધિકારી તરીકે જોડાયા અને નિવૃત્તિપર્યંત આ મંત્રાલયમાં કાર્યરત રહ્યા. વિદેશ મંત્રાલયમાં IFS અધિકારી તરીકે સીધી ભરતીથી જોડાયા ન હોવા છતાં પોતાનાં અસાધારણ કાર્યનિષ્ઠા, પ્રતિબદ્ધતા, સંશોધનલક્ષી અભિગમ અને વિદ્વત્તાના કારણે વિવિધ જવાબદારીઓ ઉત્તરદાયિત્વની સભાનતા સાથે નિભાવી હતી, જેમ કે ભારત–પાકિસ્તાન સરહદ વિવાદ સંબંધી કચ્છના રણ અંગેના ઇન્ટરનૅશનલ ટ્રિબ્યુનલ (જીનિવા)માં ભારતીય પ્રતિનિધિ મંડળના સભ્ય (૧૯૬૬), સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ગુયાના અને વંશીય સંવાદિતા વિશે અહેવાલ તૈયાર કરવો (૧૯૭૨), સંયુક્ત રાષ્ટ્રસંઘ (ન્યૂયૉર્ક)માં ભારત સરકારના પરમેનન્ટ મિશનમાં સેકેન્ડ સેક્રેટરી, ડાયરેક્ટર – વિદેશ મંત્રાલય, જીનિવા, (સ્વિટ્ઝરલૅન્ડ)ના માનવ અધિકાર કમિશનમાં

ભારત સરકારના પ્રતિનિધિ, કમ્પાલા – યુગાન્ડામાં કોમનવેલ્થ વરિષ્ઠ અધિકારીઓની પરિષદમાં ભારત સરકારના પ્રતિનિધિ, રિયુનિયન આઈલૅન્ડ (ફ્રાન્સ)માં કોન્સેલ જનરલ, રવાન્ડા તથા બુરન્ડીમાં રાજદૂત, યુગાન્ડામાં હાઈ કમિશનર વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. તેમની અસાધારણ કાર્યનિષ્ઠા અને પ્રતિભાના કારણે મંત્રાલયના ઉચ્ચતમ અધિકારીઓ અને રાજદ્વારીઓ ઉદા. તરીકે પી.વી. નરસિંહરાવ, ડૉ. જી.એસ. ધિલ્લોન, મણિશંકર ઐયર, ચિન્મય ઘારેખાન, રિટાયર્ડ બ્રિગેડિયર બી. એલ. કપૂર, જસ્ટિસ લોકુર, જસ્ટિસ નાગેન્દ્રસિંહ, ડૉ. એસ. ગોપાલ વગેરેની મુક્તકંઠે પ્રશંસા પામ્યા હતા. રાજદૂત તરીકેની તેમની આગવી વિશેષતા એ તરી આવે છે કે તેમણે અમેરિકા, ફ્રાન્સ અને આફ્રિકામાં પોતાના કાર્યકાળ દરમિયાન વિદેશોમાં વસતા બિનનિવાસી ભારતીય લોકો સાથે ગાઢ સંપર્કો કેળવવામાં અગ્રિમતા આપી હતી. આ હેતુસર આઈસીસીઆર, નવી દિલ્હીના સહયોગથી વધુ ને વધુ સાંસ્કૃતિક જૂથોને નિમંત્રવામાં અને અન્ય આનુષંગિક પ્રવૃત્તિઓમાં તથા તેમને મદદરૂપ નીવડવામાં વિશેષ સક્રિયતા દાખવી હતી. આ ઉપરાંત ૩૦૦૦ શીખ યાત્રીઓનો પાકિસ્તાનમાં સુપ્રબંધ, ૧૯૭૨માં યુગાન્ડામાં ઈદી અમીનના શાસન દરમિયાન જે ભારતીયો પોતાની કરોડો રૂપિયાની મિલકતો છોડી ભારત આવ્યા હતા તે તેમને પરત અપાવવી, વિદેશથી ગુજરાતમાં આવતા ઉચ્ચ કક્ષાના વેપારી – રાજદ્વારી ડેલિગેશનને ગુજરાતના વેપારી મહામંડળ તથા ગુજરાત સરકાર સાથે સંકલન કરી આપવું, ભારત સાથેના આયાત–નિકાસ ધંધાને પ્રોત્સાહન અને આર્થિક હિતોની જાળવણી, વિદેશોમાં સ્થાયી થયેલા ભારતીય ઉદ્યોગપતિઓને ગુજરાતમાં મૂડી રોકાણ કરવા પ્રોત્સાહિત કરવા વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

ભારતીય વિદેશનીતિ સંબંધી તેમનાં કેટલાંક તારણો તેમની અધ્યયનશીલતા અને આ ક્ષેત્રના ગહન અનુભવના અને તેની સાથે જ એક પીઢ રાજદ્વારીના દ્યોતક બની રહે છે, જેમ કે ૧. પડોશી દેશ ઉપદ્રવી હોય તો આંતરરાષ્ટ્રીય રાજકારણમાં આદર્શવાદ કામ નથી લાગતો, ૨. ભારત સાથે સિવિલ ન્યુક્લિયર એગ્રીમેન્ટ કરવાનો યુએસનો એક ઉદ્દેશ દક્ષિણ એશિયામાં ચીનના પ્રભાવ સામે ભારતનો ઉપયોગ કરવાનો હોઈ શકે, છતાં ભારતે ચીન પર આવી છાપ પાડવાનું ટાળવું જોઈએ અને મૈત્રીપૂર્ણ સંબંધ રહે એ રીતની નીતિ ઘડાવી જોઈએ, ૩. સલામતી સમિતિના કાયમી સભ્ય તરીકે ઘણા વિકાસશીલ દેશો ઉપરાંત હાલના કાયમી સભ્યો કાયમી સભ્યપદ માટેના ભારતના દાવાને ટેકો આપે છે, પરંતુ કોઈ ઇચ્છતું નથી તે હકીકત છે. ચીન તરફથી આવો કોઈ ટેકો મળશે એવી અપેક્ષા રાખી શકાય નહીં. ભારત જ્યાં સુધી આર્થિક અને લશ્કરી તાકાતની દૃષ્ટિએ વધુ શક્તિશાળી નહીં બને ત્યાં સુધી એ કાયમી સભ્યપદ મેળવવાની આશા રાખી શકે નહીં. ૪. આફ્રિકાને સાર્વત્રિક મદદ કરતી વખતે ભારતે થોડી સાવધાની રાખવાની જરૂર છે. શક્ય છે કે ચીન તેની આફ્રિકાને સર્વગ્રાહી આર્થિક સામેલગીરીને કારણે એમનો રાજકીય અભિપ્રાય બદલવામાં સફળ નીવડી શકે. ૫. ભારતની વિદેશસેવા મુખ્યત્વે નિષ્ણાત નહીં એવા IFS અધિકારીઓ પર આધારિત છે, કે જે ગુરુતાગ્રંથિવાળું અને કંઈક અંશે પૂર્વગ્રહ ધરાવનાર જૂથ છે, આ સંજોગોમાં નિષ્ણાતોનો પણ વિદેશ મંત્રાલયમાં સમાવેશ કરવામાં આવે તેમ જ પ્રતિષ્ઠિત વૈચારિક જૂથોનો લાભ લેવો જોઈએ, ૬. સરકારને દૂરોગામી અસરો ધરાવતી વિદેશનીતિ ચાલુ રાખી શકાય તે પ્રમાણેની માહિતી પ્રાપ્ત કરવા માટે વિદેશ મંત્રાલયે તેના પોલિસી પ્લાનિંગ ઍન્ડ રિસર્ચ વિભાગનું (પીપીઆર) પુનર્નિમાણ કરવું જોઈએ, ૭. એનઆરઆઈ સાથે જોડાણ રચવાની ગુજરાતની નીતિ બીજાં રાજ્યોએ અનુસરવા જેવી છે. ૮. યુએનના કાયમી સભ્યો આંતરરાષ્ટ્રીય બાબતોને અનિવાર્યપણે પોતાના જ રાષ્ટ્રીય હિતના પરિપ્રેક્ષ્યમાં મૂલવે છે. ઉદા., તરીકે ૧૯૯૪ના રવાન્ડા જાતિ સંહારમાં યુએનનું મૌન, ૯. સત્તાપક્ષ અને વિરોધપક્ષ વચ્ચે સર્વસંમતિના અભાવે ભારતની વિદેશનીતિ ખોડંગાય છે તેથી વિદેશનીતિ આગળ ધપાવવા માટે સંયુક્ત રાજકીય પ્રતિબદ્ધતા જોઈએ, તેમજ વિદેશનીતિના લગતા કોઈ મહત્ત્વના મુદ્દા હોય ત્યારે અમેરિકાની જેમ ભારતના રાજકીય પક્ષોએ દ્વિપક્ષી અભિગમ અપનાવવો જોઈએ વગેરે.

એક રાજદૂત તરીકે તેમણે 'An Envoy Looks Back' (૨૦૧૧) શીર્ષક હેઠળના ગ્રંથમાં વિદેશ મંત્રાલયમાં વિવિધ હોદ્દા ઉપર આપેલ સેવાઓ વિશે સંસ્મરણો વર્ણવ્યાં છે, જેનો ગુજરાતી અનુવાદ અલ્પેશ પટેલ દ્વારા 'રાજદૂતનાં સંસ્મરણો' (૨૦૧૨) શીર્ષક હેઠળ પ્રકાશિત છે. તેમના આ ગ્રંથને એમ્બેસેડર શ્રી ચિન્મય

ઘારેખાન, એમ્બેસેડર કે. એલ. દલાલ, ડૉ. પ્રવીણ શેઠ, પ્રો. અમિત ધોળકિયા, પ્રો. અરુંધતી શર્મા, પ્રદીપ મલ્લિક, વનરાજ શેઠ વગેરે દ્વારા ભૂરિ ભૂરિ પ્રશંસા સાથે આવકાર પામ્યો છે. આ પુસ્તકની ગુણસમૃદ્ધિને ઉજાગર કરવાની સાથે શ્રી કરસનભાઈની કાર્યદક્ષતા, કાર્યક્ષમતા અને પ્રતિબદ્ધતાથી પ્રભાવિત એમ્બેસેડર શ્રી ચિન્મય ઘારખાનનું અવલોકન : ''A soft suave and dedicated diplomat, K. H. Patel... carrying out his duties with great commitment and understanding, he rose to the high positions... I strongly recommend this book not only to the people of Gujarat, who will naturally relate sentimentally to his life's work, but to all those who are interested in learning about our foreign policy and how it works in practice.'', તેમજ પ્રતિભાશાળી રાજકીય ચિંતક ડૉ. પ્રવીણ શેઠનું અવલોકન ''In An Envoy Looks Back, K. H. Patel glides through the diplomatic terrain from the UN Mission in New York to Geneva, Rwanda, Burundi and Reunion Island. His deft role as India's High Commissioner to Uganda in an environement of insecurity and handling not-so-explored political issues there, offers lessons that green horn diplomats will do well to learn. The memoir is fascinating given its modest and unassuming tone. The simple text helps understand even complicated situations he has encountered. It is a book about how an intelligent and agile diplomat can best serve the interests of his country without compromising with diplo-political ethics. His book will blaze a new trail in literature on international relations.'' ધ્યાનાર્હ બની રહે છે. ભારતની વિદેશનીતિ અને આંતરરાષ્ટ્રીય રાજકારણ વિશે ચિંતનાત્મક વિશ્લેષણ રજૂ કરતો તથા વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડતો આ ગ્રંથ લેખકની જીવનકથા સુધી અટકી ન જતાં સવિશેષતઃ ભારતની વિદેશનીતિ (૧૯૬૩-૧૯૯૪), ભારત સરકારના વિદેશ મંત્રાલયનું માળખું, રાજદૂતની પ્રતિબદ્ધતા, કેટલાક વિશેષ ઉલ્લેખનીય વિદેશ સચિવો, રાજદૂતો, અધિકારીઓ અને રાજપુરુષોની કાર્યશૈલી, જે જે દેશોમાં રાજદૂત તરીકે કામગીરી કરી હતી તે તે દેશોની સંક્ષેપમાં છતાં અભ્યાસનિષ્ઠ રાજકીય, સાંસ્કૃતિક અને આર્થિક બાબતો વગેરે વિષયક આધારભૂત માહિતી રજૂ કરતો દસ્તાવેજી ગ્રંથ બની મ્હોરી રહ્યો છે. આ ઉપરાંત ગુજરાતી અને અંગ્રેજી સામયિકોમાં વિદેશનીતિ, ડાયસ્પોરા વગેરે વિષયો હેઠળ પ્રસંગોપાત્ત સ્વાધ્યાયશીલ લેખો લખવા ઉપરાંત વિવિધ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓમાં પ્રવચનો આપતા રહે છે, તેમ જ ટી.વી. ચેનલોમાં પેનલ ચર્ચા માટે આમંત્રિત કરવામાં આવતાં પોતાની તજ્જ્ઞતાનો લાભ આપે છે. આવા ગરવા રાજદ્વારીની બહુઆયામી અને દૂરંદેશિતાપૂર્ણ સેવાઓને ધ્યાને લઈ વિવિધ સંગઠનો દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા છે, જેમાં રિયુનિયન દ્વારા પ્રતિષ્ઠિત 'પ્રિફેક્ચર અવૉર્ડ', 'જીસીસીઆઈ એનઆરજી સમિતિ'ના ચૅરમૅન તરીકેની શ્રેષ્ઠ કામગીરી માટે વિશિષ્ટ સન્માન, 'આંતરરાષ્ટ્રીય શાંતિ – સંશોધન એસોસિએશન' દ્વારા 'શાંતિ અવૉર્ડ' (૨૦૧૮) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. પ્રાપ્ત અવૉર્ડ / માન-સન્માનની સાથે જ એક વિશેષ નોંધપાત્ર બાબત એ છે કે તેમની કાર્યદક્ષતા અને કાર્યક્ષમતાને ધ્યાને લઈને વિદેશ મંત્રાલયમાં કામગીરી શરૂ કર્યાના ત્રીજા જ વર્ષે 'કચ્છ ઇન્ટરનૅશનલ અવૉર્ડ' (૧૯૬૬-૬૭) સમક્ષ રજૂઆત માટે જસ્ટિસ લોકુરના વડપણ હેઠળ નિયુક્ત કરવામાં આવેલ ભારતીય પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે સમાવેશ થવો. અહીં તેમના દ્વારા સંપન્ન કરવામાં આવેલાં કાર્યોને ધ્યાને લઈ જસ્ટિસ લાકુરે તેમને આપેલ પ્રમાણપત્રમાં નોંધેલ શબ્દો : ''I found Shri Patel to be an industrious officer... I have no hesitation in recording that, in view of his high qualites of the head and the heart, Shri Patel was a gret asset to the team... I wish him higher responsiblites which he richly deserves'' શ્રી કરસનભાઈની કાર્યનિષ્ઠા અને કર્મઠતાના દ્યોતક બની રહે છે.

આ સાથે જ 'રાજદૂત' હોવું એટલે શું ? સંબંધી તેમનું મંતવ્ય : ''આ કામગીરીમાં અંગત અને વ્યવસાયી પડકારો રહેલા છે. એક રાજદૂત એ એવી પ્રામાણિક

વ્યક્તિ છે, જેને પોતાના દેશના લાભ માટે વિદેશમાં ખોટું બોલવા માટે મોકલવામાં આવે છે તેવું ૧૬મી સદીના અંગ્રેજ રાજદ્વારી સર હેન્રી વોટ્ટસનનું નિવેદન બધાને લાગુ પડતું નથી, મને તો નહીં જ. જે કંઈ બનતું હોય એ પ્રત્યે તે વ્યક્તિએ સાવધ અને માહિતગાર રહેવાની જરૂર હોય છે, અને કામ કઢાવવા માટે ખોટું બોલવું જરૂરી નથી હોતું. પોતાના દેશનાં હિતોને ધ્યાનમાં રાકીને પ્રામાણિકતા રાખવામાં આવે તો એનાં શ્રેષ્ઠ પરિણામ મળે છે. ભૂતકાળમાં રાજકારણનું સૌથી વધારે મહત્ત્વ હતું, પરંતુ હવે તો મોટા ભાગના દેશોમાં એક રાજદૂતની મુખ્ય ભૂમિકા પોતાના દેશના આર્થિક વિકાસમાં સહાય કરવા માટેની હોય છે'' એક પરિપક્વ અને વિચારશીલ રાજદ્વારીનું પરિચાયક બની રહે છે. આમ, તેમના સમગ્ર વ્યક્તિત્વને ધ્યાને લેતાં એક બાબત સ્પષ્ટ ઊપસી આવે છે કે પોતે IFS (Indian Foreign Service) કેટેગરીના માધ્યમથી વિદેશ મંત્રાલયમાં નિયુક્ત થયેલા ન હોવા છતાં કઠોર પરિશ્રમ અને અડગ ધ્યેયનિષ્ઠા સાથે કાર્યશીલ બની રહી પોતાનું આગવું સ્થાન પ્રસ્થાપિત કરી શક્યા હતા. તેમણે સુપ્રસિદ્ધ સંસ્કૃત સૂક્તિ 'दैवायत्तं कुले जन्म मदायत्तं तु पौरुषम्'ને પોતાના પુરુષાર્થ થકી ચરિતાર્થ કરી બતાવી છે, તેમનું જીવન સવિશેષતઃ યુવાવર્ગ માટે અને વિદેશ સેવા ક્ષેત્રે કારકિર્દી ઘડતર કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ - ગુજરાતી વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી બની રહે તેટલું ઉત્કટ છે.

ઉલ્લેખનીય છે કે શાળાજીવન દરમિયાન સેવાદળમાં જોડાયેલા હોવાથી વરિષ્ઠ તાલીમ શિક્ષક સ્વ. મોતીભાઈ ચૌધરી(ભૂતપૂર્વ : સાંસદ, ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રશ્રી અને ચેરમેન, દૂધસાગર ડેરી, મહેસાણા)થી વિશેષ પ્રભાવિત રહેતાં સ્નાતક સુધી ખાદી જ પહેરી હતી તેમ જ આજે પણ ગાંધીજીવનદર્શનમાં વિશેષ આસ્થા ધરાવે છે. આ સંસ્કારોના કારણે વિદેશસેવામાંથી નિવૃત્તિ બાદ સાબરમતી હરિજન આશ્રમના ટ્રસ્ટી, ગાંધીવાદી આદર્શો પર રચાયેલી અને ઈશ્વરભાઈ પટેલ દ્વારા સ્થાપિત એન્વાયર્નમેન્ટલ સેનિટેશન ઇન્સ્ટિટ્યૂટના ટ્રસ્ટી તરીકે સેવાઓ આપવા ઉપરાંત ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝ, એનઆરજીએફ, ઇન્ડો–અમેરિકન ચેમ્બર ઑફ કૉમર્સની ગુજરાત શાખા, વિઝિટિંગ પ્રોફેસર તરીકે નિરમા યુનિવર્સિટી અને ગુજરાત ટૅક્નોલૉજિકલ યુનિવર્સિટી (જીટીયુ), ધ ઇકોનોમિક ટાઇમ્સની આફ્રિકા સંબંધી વિશેષ આવૃત્તિઓ માટેની કામગીરી વગેરેમાં પોતાની બહુમૂલ્ય સેવાઓ આપેલ છે. આ ઉપરાંત હાલમાં જીટીયુમાં સલાહકાર તરીકે સેવાઓ આપી રહ્યા છે. નિવૃત્તિ બાદ અમદાવાદમાં સ્થાયી થયા છે. સરનામું : ૧૯/૪૦૩, સત્યાગ્રહ છાવણી, ભાવનિર્ઝર પાસે, સૅટેલાઇટ રોડ, અમદાવાદ-૧૫. મો. ૯૮૨૫૦૨૬૭૮૦

**મણિભાઈ પ્રજાપતિ**

ભારતની પ્રજા ભાવુક છે. ભારત જ નહીં પાકિસ્તાન, બાંગ્લાદેશ આ બધા દેશોની પ્રજા વધુ પડતી લાગણીશીલ છે. ખાસ કરીને ધાર્મિક બાબતમાં તેમની લાગણી ઉશ્કેરાઈ જતાં વાર નથી લાગતી. ભાવુક પ્રજા કોઈ ને કોઈ ઊભરામાં જીવતી હોય છે. પછી તે ઊભરો વિરોધનો હોય અથવા અનુકૂળતાનો હોય, પણ તેને કોઈ ને કોઈ ઊભરો હોવો જરૂરી છે. પહેલાં લોકો ગાંધીજી અને નહેરુજી પ્રત્યે ગાંડા થયા. એટલી હદે કે તેમના મધ્યાહ્નકાળમાં બીજા કોઈ નેતાને કશું મહત્ત્વ જ ન મળ્યું. જોકે હવે અત્યારે ગાંધી-નહેરુ પ્રત્યેનો ઊભરો શમી ગયો છે, પણ એક જમાનો હતો જ્યારે આખો દેશ ગાંધી-નહેરુમય હતો. આવું જ અત્યારે શ્રી નરેન્દ્ર મોદી પ્રત્યે કહી શકાય. આખો દેશ અને પૂરી પ્રજા મોદીમય બની ગઈ છે. જોકે મોદીએ કામ પણ એવાં કર્યાં છે જે આખી સદીમાં કોઈએ ન કર્યાં હોય. તોપણ મોદી સર્વસ્વ અને સર્વજ્ઞ કહેવાય નહીં. તે પણ માણસ જ છે અને તેમનાથી પણ નાની-મોટી ભૂલો થવાની શક્યતા રહેલી છે. મોદી પ્રત્યે જબરજસ્ત ઊભરો ત્યારે આવ્યો જ્યારે ૫ ઑગસ્ટ, ૨૦૧૯ના રોજ મોદીએ કાશ્મીરની ૩૭૦મી કલમ રદ કરી દીધી... ...આખા દેશમાં કદી ન આવ્યો હોય તેવો ઊભરો આવી ગયો. લોકોએ આઝાદી વખતે ફટાકડા ફોડ્યા નહીં હોય તેટલા ફટાકડા ફોડ્યા અને ટપોટપ વિરોધી નેતાઓ પણ મોદી તરફ વળી ગયા. લગભગ બધા નેતાઓ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આ ઘટનાનું સમર્થન કરવા લાગ્યા હતા.

– **સ્વામી સચ્ચિદાનંદ** 'કાશ્મીરનો ટૂંકો ઇતિહાસ', ૨૦૧૯

# શ્રદ્ધાંજલિ

## ગુજરાતના ગ્રંથાલય પ્રહરી : સ્વ. કિરીટભાઈ ભાવસાર

**મણિભાઈ પ્રજાપતિ**

ગાંધીજીવન-દર્શનના ઉપાસક સ્વ. કિરીટભાઈ ભાવસાર ગુજરાતના ગ્રંથાલય ક્ષેત્રના ખરા અર્થમાં 'ગાંધીજન' / 'વૈષ્ણવજન' તેમજ તેના પ્રહરી પણ હતા અને ધાર્મિક દૃષ્ટિએ પણ વૈષ્ણવ સમ્પ્રદાયના અનુયાયી હોવાથી ડાકોરના રણછોડરાયજીના આરાધક રહ્યા હતા. ગ્રંથાલય વ્યવસાયિક માટે અપેક્ષિત એવી ગુણરાશિ – વિનમ્ર સેવાપરાયણ સંવેદનશીલતા, વ્યવસાયિક તજજ્ઞતા અને સારા વાચક-ના ત્રિવેણીસંગમનું તેઓશ્રી એક મૂર્તિમંત સ્વરૂપ હતા. તેમનાં વાણી–વ્યવહાર – વહાલસોયું વ્યક્તિત્વ અને ગ્રંથાલય વ્યવસાયિક તરીકેની પ્રતિબદ્ધત્તા (Commit-ment) કોઈનેય પણ સ્પર્શી જાય તેટલાં ઉત્કટ અને role model હતાં. સવિશેષતઃ સંદર્ભ ગ્રંથાલયી તરીકેની તેમની સમૃદ્ધિ અને વિદ્યાર્થી વત્સલતાના કારણે વિદ્યાર્થીઓ અને વાચકોથી સતત ઘેરાયેલા રહેતા જોવા મળતા હતા. ગ્રંથાલય ક્ષેત્રમાં કારકિર્દીના પ્રારંભથી અંત સુધી વિવિધ સ્તરની કામગીરીના અનુભવ ઉપરાંત પ્રમાણપત્ર અભ્યાસક્રમથી શરૂ કરી અનુસ્નાતક કક્ષા સુધી સુદીર્ઘકાળના અધ્યાપનના કારણે ગ્રંથાલય વિજ્ઞાનના વિવિધ વિષયક્ષેત્રોમાં તેમની વિહરેલી લેખનપ્રવૃત્તિ પરિપકવ અને સ્તરીય રહી છે. આ ઉપરાંત તેમના દ્વારા વ્યક્તિગત અને અન્યોના સહયોગમાં સંપાદિત કરેલી વિવિધ સાહિત્યસૂચિઓ – bibliographies પણ મૂલ્યવાન બની રહે છે. આ પૈકી **'ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ સંદર્ભસામગ્રી : એક સર્વેક્ષણ'** (વિદ્યાપીઠ ૧૨.૩ (૧૯૭૫) : ૧-૪૩)માં ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલા ૩૮૨ સંદર્ભસ્રોતોની યુવાવયે તૈયાર કરેલી સૂચિ અને તેની સાથે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવામાં આવેલું સટિપ્પણ અવલોકન ભાવિ પીઢ અને દૃષ્ટિસંપન્ન ગ્રંથાલયીની એંધાણીનાં દ્યોતક બની રહે છે. આ ઉપરાંત તેમણે શ્રી અચ્યુત યાજ્ઞિકના સહયોગમાં સંપાદિત **'ગુજરાતી આદિમુદ્રિત ગ્રંથોની સૂચિ'** (૨૦૦૪) દૃષ્ટિપૂત હોઈ ગુજરાતી મુદ્રણકળાની ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં શોધયાત્રા માટે આધારભૂત એવું સીમાસ્તંભ સમાન કાર્ય છે. અહીં ૧૮૦૮માં મુદ્રિત ગુજરાતી પુસ્તકથી શરૂ કરી ૧૮૬૭ સુધીના સમયગાળામાં મુદ્રિત થયેલાં પુસ્તકો પૈકી વિવિધ સાહિત્યસૂચિઓ, કેટલાંક ગ્રંથાલયોનાં કેટલોગ અને કેટલાક ગ્રંથાલયોની રૂબરૂમાં મુલાકાત લઈ ભારે શ્રમ સાથે શોધખોળ કરી ૧૧૪૯ પુસ્તકોની સૂચિ આપવામાં આવી છે, જે ગુજરાતની – ગુજરાતી ભાષા – સાહિત્યની સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતો અણમોલ આધારસ્રોત છે. વધુમાં, આ સૂચિના અનુસંધાનમાં તેમણે **'ગુજરાતી આદિમુદ્રણ પ્રકાશનની તવારીખ'** (૨૦૦૮) ગ્રંથમાં ગુજરાતી મુદ્રણના આદ્યસ્થાપક ફરદુનજી મર્ઝબાનથી શરૂ કરી પ્રમુખ ગુજરાતી મુદ્રકો, મુંબઈ વિસ્તારના ૪૯ છાપખાનાની યાદી અને મુદ્રિત પુસ્તકોની સંખ્યા, મુંબઈથી શરૂ થયેલી આ કળાનો ગુજરાતમાં વિકાસ, 'આદિમુદ્રિત' સૂચિમાં સમાવિષ્ટ પુસ્તકોનું પૃથક્કરણ અને વિહંગાવલોકન કરીને ગુજરાતી મુદ્રણના પ્રારંભથી શરૂ કરી ઈ. સ. ૧૮૬૭ સુધી મુદ્રિત ગુજરાતી પુસ્તકો સંબંધી અને અન્ય આનુષંગિક વિગતો આવરી લેતી ગુજરાતી મુદ્રણકળાની ઝલક એક શોધનિબંધ સમાન છે, જે સર્વથા અભિનંદનીય બની રહે છે. આ સાથે જ ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'ના સ્થાપનાકાળથી જ તેના એક અદના સ્તંભ તરીકે આજીવન જોડાયેલા રહી ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિના પ્રસાર – પ્રચાર અને સંવર્ધનમાં તેમણે નોંધપાત્ર પ્રદાન આપ્યું હતું. ગુજરાતના ગ્રંથાલય–ક્ષેત્રના આવા ગરવા–મુકુટમણિ સમાન ગ્રંથાલયીની બહુઆયામી અને બહુશ્રુત સેવાઓને ધ્યાને લઈને **'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'** દ્વારા



ગુજરાતના અગ્રણી ગ્રંથાલય વૈજ્ઞાનિકની સ્મૃતિમાં પ્રસ્થાપિત **'શ્રી પી.સી. શાહ સ્મૃતિચંદ્રક'** સૌ પ્રથમ વખત તેમને વર્ષ ૨૦૧૮માં એનાયત કરીને વિભૂષિત કરવામાં આવ્યા હતા.

કિરીટભાઈએ ગ્રંથાલય ક્ષેત્રે વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભ વર્ષ ૧૯૬૩-૬૪માં 'ગાંધી સ્મારક સંગ્રહાલય', હરિજન આશ્રમ, અમદાવાદમાં ગ્રંથપાલ તરીકે જોડાઈને કર્યો. અહીંની ગ્રંથાલય વ્યવસ્થાપનની સુચારુ કામગીરીથી પ્રભાવિત થઈ ભારતની ગ્રંથાલય પ્રવૃત્તિના પિતા ડૉ. એસ. આર. રંગનાથનના શિષ્યરત્ન અને 'શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય'ના પ્રતિભાસંપન્ન ગ્રંથાલયી શ્રી મોહનદાસ પટેલે તેમને પોતાના ત્યાં ટેક્નિકલ આસિસ્ટન્ટ તરીકે નિયુક્તિ આપતાં અહીં જોડાયા અને અહીંથી ૧૯૬૮ના જૂન માસમાં 'ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય'માં જુનિયર પ્રોફેશનલ આસિસ્ટન્ટ તરીકે જોડાયા. અહીં સમયાન્તરે પદોન્નતિ પામતાં નાયબ ગ્રંથપાલ થયા અને ત્યારબાદ 'ગૂજરાત વિદ્યાપીઠ'ના ગ્રંથપાલ શ્રી કનુભાઈ શાહની સેવાનિવૃત્તિ બાદ ૧૯૯૭માં કાર્યકારી ગ્રંથપાલ તરીકે નિયુક્ત થતાં ૧ એપ્રિલ, ૨૦૦૦ સુધી વિદ્યાપીઠના કાર્યકારી ગ્રંથપાલ અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના વડા તરીકે સેવાઓ આપીને સ્વૈચ્છિક રીતે સેવાનિવૃત્ત થયા હતા. આ સમય દરમિયાન 'ગુજરાત પુસ્તકાલય મંડળ' તથા 'ગૂજરાત વિદ્યાપીઠ' દ્વારા સંચાલિત ગ્રંથપાલ તાલીમ વર્ગમાં ગ્રંથાલય પ્રશિક્ષક તરીકે પણ સેવાઓ આપી હતી. વિદ્યાપીઠમાંથી નિવૃત્તિ મેળવ્યા બાદ 'સરદાર પટેલ યુનિવર્સિટી'ના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગમાં વર્ષ ૨૦૦૦થી ૨૦૦૫ સુધી મુલાકાતી અધ્યાપક તરીકે અને ત્યાર બાદ 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'માં ગ્રંથપાલ તરીકે આશરે ત્રણ-ચાર વર્ષ (૨૦૦૫-૨૦૦૯) સેવાઓ આપી હતી. ગ્રંથાલય વ્યવસાયમાં જોડાવાથી પ્રાપ્ત કાર્યસંતોષ (Job satisfaction) સંબંધી રાજીપો અને ગૌરવ વ્યક્ત કરતાં આ લખનારને જણાવ્યું હતું કે "લેખનકાર્ય અને વ્યવસાયિક કામગીરીથી મને પ્રસિદ્ધિ મળી. શ્રી ઉમાશંકર જોશીએ મારી પાસે ટૉલ્સ્ટૉયની સૂચિ બનાવડાવી અને 'સંસ્કૃતિ'માં છાપી. વળી, આ વ્યવસાયમાં કામ કરવાની તક મળી તેથી હું ગુજરાતના નામાંકિત અધ્યાપકો, લેખકો – સંશોધકો સાથે સીધા સંપર્કમાં આવ્યો હોઈ મને કાર્ય કરવામાં ખૂબ આનંદ આવતો હતો. મારા કાર્યમાં મને પ્રેરણાદાયી માર્ગદર્શન ડૉ. સી. પી. શુકલસાહેબે આપ્યું હતું તેથી હું સદાયનો તેમનો ઋણી છું. આ ઉપરાંત કેટલાક નામાંકિત ગ્રંથપાલશ્રીઓ જેવા કે કિકુભાઈ દેસાઈ, ચુનીલાલ બારોટ, મોહનદાસ પટેલ, હસમુખ પાઠક, ચંપકલાલ પટેલ, ન. મો. રાવલ, પ્રતાપરાય મહેતા, પી. એફ. પટેલ, રમેશભાઈ ગાંધી, ડી. એન. શુક્લ અને ડાહ્યાભાઈ જોશી સાથે વ્યવસાયિક પ્રવૃત્તિમાં કાર્ય કરવાની તક મળી."

ગ્રંથાલય વ્યવસાયિક કારકિર્દીના પ્રારંભથી તેમણે શરૂ કરેલી લેખનપ્રવૃત્તિ અવિરતપણે જીવનના અંત સુધી ચાલુ રાખી હતી. જોકે આ પૂર્વે વિદ્યાર્થીકાળમાં તેમનો પ્રથમ લેખ 'નવલરામ પંડ્યા' વિશે શ્રી એચ. કે. આટ્ર્સ કૉલેજના 'સાબરમતી'ના ૧૯૬૦ના અંકમાં અને ગ્રંથાલય વિજ્ઞાન વિશેનો પ્રથમ લેખ 'જાહેર ગ્રંથાલય માટે પુસ્તક પસંદગી', 'વિદ્યાપીઠ'ના જુલાઈ – ઑગસ્ટ ૧૯૬૭ના અંકમાં પ્રગટ થયો હતો. 'ગૂજરાત વિદ્યાપીઠ'માં જોડાયા પછી ૨૦૦૯ સુધી ૫૬ જેટલા લેખો ઉપરાંત 'ગુજરાતી વિશ્વકોશ', 'ગ્રંથાલોક' અને 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'ના અધિવેશનોના 'Book of Papers'માં પણ કેટલાક લેખો પ્રકાશિત થયા છે. તેમણે ગ્રંથાલય વિજ્ઞાન વિશે મૌલિક, અનુવાદિત અને સંપાદિત પુસ્તકો પૈકી સૂચિકરણ પ્રાયોગિક : એએસીઆર-૨ પ્રમાણે (૧૯૮૭, ૨૦૦૬), વર્ગીકરણ પ્રાયોગિક કાર્ય (૧૯૯૦), નિર્દેશીકરણ (૧૯૯૪), ડીડીસી-૧૯ (૧૯૯૬), ગ્રંથાલયમાં ઉપભોક્તા શિક્ષણ (૧૯૯૮), દ્વિબિંદુ વર્ગીકરણ (સહ અનુવાદક – છગન ભૈયા અને નવીન બરોડિયા, ૧૯૯૩), શિયાલી રામામૃત રંગનાથન / ડૉ. એમ. એ. ગોપીનાથ કૃત (અનુવાદ), સૂચિકરણ : ઇતિહાસ... / ચૂ. પુ. બારોટ કૃત (સંપાદન), રંગનાથી વર્ગીકરણ / ચૂ. પુ. બારોટ કૃત (સંપાદન), ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ દ્વારા આયોજિત કૉન્ફરન્સોમાં રજૂ થયેલા લેખો : બુક ઑફ પેપર્સનું સંપાદન (સહ સંપા. પ્રવીણ શાહ, ૨૦૦૬થી ૨૦૧૩ ?) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. સંપાદિત વાઙ્મયસૂચિઓ : ગૂજરાત વિદ્યાપીઠ તપાસ નિબંધ સૂચિ (સહ સંપા. કનુભાઈ શાહ), ગુજરાતી સામયિક લેખ સૂચિ – ૧૯૭૫ અને ૧૯૭૬ (સહ સંપા. કનુભાઈ શાહ), ગૂજરાત વિદ્યાપીઠમાં સંગૃહીત હસ્તપ્રતોની સૂચિ (સહ સંપા. કનુભાઈ શાહ, ૧૯૮૮), લેવ તોલ્સ્તોય સાહિત્યસૂચિ (૧૯૭૯), ગુજરાતી આદિમુદ્રિત ગ્રંથસૂચિ (સહ સંપા. અચ્યુત યાજ્ઞિક, ૨૦૦૪), ગુજરાતી ગ્રંથસૂચિ ૨૦૦૮ (સહ સંપા. નીના ચોકસી), ગુજરાતી ગઝલ સૂચિ (સહ સંપા. મિત્રા મહેતા અને પૂર્ણિમા ઉપાધ્યાય, ૨૦૧૦) તથા વિવિધ

સાહિત્યકારો અને અન્ય વિષયો સંબંધી જેમ કે ઝવેરચંદ મેઘાણી, નરસિંહ મહેતા, પન્નાલાલ પટેલ, કવિ દલપતરામ, પ્રૌઢ શિક્ષણ, ગુજરાતીમાં ગ્રંથાલયશાસ્ત્ર વગેરે વિશે ૧૨ જેટલી સૂચિઓ સામયિકો / સંબંધિત ગ્રંથોમાં પ્રકાશિત થઈ છે. તેમણે ગ્રંથાલયશાસ્ત્ર ઉપરાંત દફ્તરવિદ્યા, કુંદી હસ્તકલા કારીગીરી, પાટણનાં પટોળાં વગેરે વિશે પણ લેખો લખ્યા છે. ગ્રંથાલય વિજ્ઞાન વિષયક પુસ્તકો ગ્રંથાલયશાસ્ત્રના સ્નાતક / અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યાં હોવા છતાં વિદ્યાર્થીઓ ઉપરાંત કાર્યરત વ્યવસાયિકો માટે પણ ઉપકારક નીવડે તેવાં છે. એએસીઆર, નિર્દેશીકરણ, ડીડીસી-૧૯ અને ઉપભોક્તા શિક્ષણ વિષયક પુસ્તકો ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ વખત પ્રકાશિત પુસ્તકોના શ્રેયના અધિકારી બની રહે છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનનાં વિવિધ પાસાંઓને આવરી લેતા તેમના લેખો અને ગ્રંથસમીક્ષાઓ પણ અભ્યાસનિષ્ઠ જોવા મળ્યાં છે. આ લેખો પૈકી 'જ્ઞાન આધારિત સમાજના નિર્માણ માટે સાર્વજનિક ગ્રંથાલયોની બદલાતી ભૂમિકા' (૨૦૧૩), ગ્રંથાલયપ્રવૃત્તિ ક્ષેત્રે ગાંધીજીનું પ્રદાન (વિદ્યાપીઠ, માર્ચ-એપ્રિલ ૧૯૮૨), શ્રી એસ. આર. રંગનાથનના વિચારો અને કાર્યોનું મહત્ત્વ અને પ્રસ્તુતતાઃ આજના માહિતીયુગના સંદર્ભમાં (DLIBCOM ૨.૮-૯ (૨૦૦૭) સેવ્ય-સેવાઓ ગ્રંથાલયશાસ્ત્રની (ગુજરાતી વિશ્વકોશ) વગેરે નોંધપાત્ર લેખો છે.

શૈક્ષણિક ગ્રંથાલયમાં પોતાની કારકિર્દી (૧૯૬૮-૨૦૦૦) પસાર કરી હોવા છતાં સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિના પ્રચાર-પ્રસાર – વિકાસમાં તેમનું ઘણું મોટું યોગદાન રહ્યું છે અને તે 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'ના માધ્યમ થકી. આ લખનારને તેમણે એક પ્રશ્નના ઉત્તર સ્વરૂપે જણાવ્યું હતું કે ''ગ્રંથાલય વ્યવસાયિક સંગઠનમાં સક્રિય ભૂમિકા ભજવવા હું 'ગુજરાત પુસ્તકાલય મંડળ'નો સભ્ય બન્યો. અમદાવાદમાં 'લાઇબ્રેરી ફોરમ' નામથી સ્થાનિક ગ્રંથાલયોના ગ્રંથપાલો દર મહિનાના અંતિમ સપ્તાહમાં એક દિવસે 'બી.એમ. ઇન્સ્ટિટ્યૂટ'માં ભેગા મળતા. આ મંડળીમાં આવનાર દરેક સભ્યે લેખ તૈયાર કરી એ સભામાં / બેઠકમાં પ્રસ્તુત કરવો એ શરત હતી. ક્યારેક દેશ-વિદેશના ગ્રંથાલય તજ્જ્ઞો અમદાવાદની મુલાકાતે આવતા તેમનાં પણ વ્યાખ્યાનો યોજાતાં હતાં... આ ફોરમમાંથી ગુજરાતના ગ્રંથપાલોનું એક વ્યવસાયિક મંડળ ઊભું કરવું એવો વિચાર પી. સી. શાહ, ડૉ. સી. પી. શુક્લ, રમેશભાઈ ગાંધી વગેરેને આવ્યો. 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'નું બંધારણ રચાયું... 'લાઇબ્રેરી ફોરમ'ની મિટિંગમાં હું અવશ્ય હાજર રહેતો. તેથી શ્રી પી. સી. શાહના પરિચયમાં આવ્યો. આમ, 'ગુજરાત ગ્રંથાલય સેવા સંઘ'ના કાર્યમાં શરૂઆતથી જ સક્રિય કાર્યકર તરીકે જોડાયો.' આ સંઘની સ્થાપના પછી સંઘના પ્રત્યેક કાર્યમાં તેઓશ્રી મંત્રીશ્રી પી. સી. શાહ સાથે અડીખમ ઊભા રહ્યા હતા. સંઘનાં વિવિધ કાર્યો જેમ કે સંઘની મિટિંગ બોલાવવી, સંઘનું મુખપત્ર 'ગ્રંથાલોક'નું સંપાદન–પ્રકાશન, સંઘ દ્વારા આયોજિત વાર્ષિક પરિસંવાદોના વિષયો નક્કી કરી સભ્યોને પરિપત્રો મોકલવા, આયોજનનું સ્થળ પસંદ કરવું અને અન્ય આનુસંગિક કાર્યો, પ્રાપ્ત લેખોનું સંપાદન – પ્રકાશન ઉપરાંત વિવિધ ગ્રંથાલયોનાં પ્રશ્નો-સમસ્યાઓ સરકારના ગ્રંથાલય ખાતામાં, શિક્ષણ વિભાગમાં રજૂ કરી તેના ઉકેલ માટે પ્રયાસો કરવા વગેરે પ્રવૃત્તિઓમાં તેમનો વિશેષ સહયોગ રહ્યો હતો. આ સાથે ઉલ્લેખ કરવો રહ્યો કે આ લખનારને પ્રવીણભાઈ શાહે જણાવેલ કે ''ગુજરાતીમાં બોલ–ચાલ સિવાય લખવાનો મારો કોઈ ખાસ મહાવરો ન રહ્યો હોવાથી કિરીટભાઈ ઉપર આધારિત રહું છું. મારાં ગુજરાતી લખાણો તેમના તપાસ્યા બાદ જ છાપવા માટે મોકલું છું.'' અત્રે નોંધવું રહ્યું કે, કિરીટભાઈ સ્વેચ્છાએ સંઘમાં કોઈ હોદ્દો ધારણ કર્યા સિવાય પ્રસન્નતાપૂર્વક સંઘનાં વિવિધ કાર્યો કરતા રહ્યા હતા. સિવાય કે સંઘના પ્રમુખ તરીકે શ્રી પી. સી. શાહની નિમણૂક થયા બાદ સૌના ભારપૂર્વકના આગ્રહથી ઉપપ્રમુખ પદે અને પી. સી. શાહનું ૨૦૧૫માં અવસાન થયા બાદ સંઘના પ્રમુખ તરીકે જીવનપર્યંત સેવાઓ આપવી. સંઘના માધ્યમથી પ્રવીણભાઈ અને કિરીટભાઈનું યુગકાર્ય 'Directory of Libraries and Information Centres in Gujarat' (૨૦૦૧)નું સંપાદન – પ્રકાશન છે. ગુજરાતના વિવિધ પ્રકારનાં ૧૮૪૩ ગ્રંથાલયો સંબંધી આવશ્યક માહિતીનો સમાવેશ કરતી આ ડિરેક્ટરી એક અણમોલ સંદર્ભસ્રોત છે. આ ડિરેક્ટરીને – ગુજરાતના ગ્રંથાલયોની એક ગર્વરૂપ ઘટનાને આવકારતાં સંઘના તત્કાલીન પ્રમુખ ચંપકભાઈ પટેલના શબ્દો ''I understand it is worth noting here that, so far, no other Library Association in India has undertaken to publish such a directory for their own states... Gujarat Granthalaya Seva Sangh is

the first in India to compile a comprehensive **'Directory of... in Gujarat'.** Considering the magnitude of the work involved in the making of such a directory, all connected with the compilation of this directory deserve my high regard and apperciation the task so ably performed'' સુચિંતનીય બની રહે છે. આ ડિરેક્ટરી ઉપરાંત તેમનું અત્યંત મહત્ત્વપૂર્ણ અને ઉપયોગી કાર્ય કે જેની ખોટ આપણે અનુભવી રહ્યા છીએ તે 'ગુજરાતી વાર્ષિક ગ્રંથસૂચિ'નું છે. 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'માં ગ્રંથપાલ (૨૦૦૫-૨૦૦૯) તરીકે જોડાયા બાદ ટ્રસ્ટના ગ્રંથાલયના સુચારુ સંચાલન / વ્યવસ્થાપન ઉપરાંત તેમના દૃષ્ટિપૂત પરામર્શન – માર્ગદર્શન હેઠળ ડૉ. આબેદા કાઝી દ્વારા 'ગુજરાતી ગ્રંથસૂચિ ૨૦૦૬ અને ૨૦૦૭'નું સંપાદન અને ટ્રસ્ટ દ્વારા પ્રકાશન. આ કાર્યના અનુસંધાનમાં તેમણે સ્વયં નીના ચોકસીના સહયોગમાં ૨૦૦૮ની સૂચિનું સંપાદન કર્યું. પરંતુ દુઃખ સાથે નોંધવું પડે છે કે ચાલુ રાખવા જેવું આ સૂચિકાર્ય કમનસીબે આગળ વધતું અટકી ગયું છે. આજની પરિસ્થિતિમાં આ હેતુ આપણે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને પ્રાર્થીએ કે આ ઉપયોગી કાર્ય ચાલુ રાખવામાં આવે.

પ્રકાશિત સાહિત્ય ઉપરાંત તેમનું અપ્રકાશિત લઘુ–સંશોધન–કાર્ય છે. 'અનુદાન લેતાં ગુજરાતનાં સાર્વજનિક ગ્રંથાલયો : એક અભ્યાસ' (૧૯૯૧). આ હેતુ તેમને યુજીસી દ્વારા અનુદાન પ્રાપ્ત થયું હતું. અહીં ગુજરાતની સાર્વજનિક પુસ્તકાલય પ્રવૃત્તિની ઐતિહાસિક રૂપરેખા વર્ણવીને અનુદાનના નિયમો અને પ્રાપ્ત અનુદાનમાંથી ચાલતી ગુજરાતની ગ્રંથાલય પ્રવૃત્તિનું વાસ્તવિક ચિત્ર રજૂ કરતા અનુદાનિત ગ્રંથાલયોમાં ઈફ્લાના માનકની તુલનાએ ઓછો ગ્રંથસંગ્રહ, ગ્રંથાલયી કક્ષા અનુસાર પુસ્તક ખરીદી પાછળ ઓછો ખર્ચ, કર્મચારીઓને ન્યુનતમ પગાર અને પી. એફ. યોજનાનો અભાવ વગેરે બાબતો ઉજાગર કરી આપીને ઠોસ વિકાસ માટે કેટલાંક નક્કર સૂચનો કર્યાં છે, જેમ કે ગ્રંથપાલનું કાર્ય પ્રાથમિક શિક્ષક સમાન મહત્ત્વપૂર્ણ હોવાથી ગ્રંથાલય કક્ષા અનુસાર પગારધોરણ નિયત કરવું અને આ ખર્ચના ૧૦૦ ટકા અનુદાન આપવું, ગ્રંથસંખ્યા વધારવી, વિવિધ વયજૂથ અનુસાર વાચનસામગ્રી વસાવવી, કર્મચારી પ્રશિક્ષણની જોગવાઈ, અનુદાનની રકમ વધારવી, ગ્રંથાલય સેવા-વિસ્તાર વગેરે. પ્રસ્તુત સંશોધનકાર્ય ગુજરાતનાં સાર્વજનિક ગ્રંથાલયોની કાયાપલટ કરવામાં ઉપયોગી બની રહે તેટલું બળકું છે.

ઉલ્લેખનીય છે કે સ્વ. કિરીટભાઈનો જન્મ વતન અમદાવાદમાં તા. ૧૦ ઑક્ટોબર, ૧૯૩૮ના રોજ થયો હતો. પિતાનું નામ કાન્તિલાલ છગનલાલ ભાવસાર અને માતાનું નામ શ્રીમતી કમળાબહેન. તેમનાં પત્નીનું નામ શ્રીમતી નિર્મળાબહેન. તેમના પરિવારમાં બે પુત્રો અને એક પુત્રી છે. તેમનાં માતા મ્યુનિસિપલ શાળામાં શિક્ષિકા હોવાથી ઉચ્ચશિક્ષણનાં પ્રેરણાસ્રોત બની રહ્યાં હતાં. તેમણે પ્રાથમિક શિક્ષણ મ્યુનિસિપલ શાળામાંથી મેળવ્યા બાદ 'સિટી હાઈસ્કૂલ', રાયપુર, અમદાવાદમાંથી માધ્યમિક શિક્ષણ અને અમદાવાદની સુપ્રસિદ્ધ 'રામાનંદ આર્ટ્સ કૉલેજ' (હવે, શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ)માંથી મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય ભારતીય સંસ્કૃતિ સાથે બી. એ.નો અભ્યાસ ૧૯૬૦-૬૧માં પૂર્ણ કર્યા બાદ 'ભો. જે. વિદ્યાભવન'માંથી એમ. એ. (પુરાવસ્તુવિદ્યા)નો અભ્યાસ વર્ષ ૧૯૬૧-૬૩માં કર્યો. આ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અમદાવાદ બહાર નોકરીની ઉજ્જ્વળ તકો ઉપલબ્ધ હોવા છતાં માતાનું આકસ્મિક અવસાન અને કુટુંબના ભરણપોષણની જવાબદારી પોતાના શિરે આવતાં અમદાવાદને જ કર્મભૂમિ બનાવવાનું મુનાસિબ ગણીને 'ભો. જે. વિદ્યાભવન'માં હસ્તપ્રત વ્યવસ્થાપનની કામગીરી કરવાની સાથે ગ્રંથાલયશાસ્ત્રનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ પૂર્ણ કર્યો. વર્ષ ૧૯૬૬-૬૭માં ગુજરાત યુનિવર્સિટીમાંથી બી. લિબ. એસસી.ની ડિગ્રી પ્રથમ વર્ગ સાથે અને લાંબા અંતરાલ બાદ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નવા જ શરૂ કરવામાં આવેલ એમ. લિબ. એસસી.ના અંશતઃકાલીન અભ્યાસક્રમમાં જોડાઈને આ ડિગ્રી પણ પ્રથમ વર્ગ સાથે ૧૯૮૭માં મેળવી હતી.

આવા વડલા–સમ વ્યક્તિત્વથી સંપન્ન શ્રી કિરીટભાઈ ભાવસારનું તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૧૯ના દિને અવસાન થતાં ગુજરાતનું વિદ્યાજગત-સવિશેષતઃ ગ્રંથાલય પરિવાર તેમની ખોટ અનુભવે છે. કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં સદ્‌ગતના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ....

(સંપર્ક : શ્રીમતી નિર્મળાબહેન ભાવસાર. ૪૫૨, વચલી શેરી, રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૧)

**મણિભાઈ પ્રજાપતિ**

# પ્રાસંગિક

## શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ એનાયત સમારોહ

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીગરના પૂર્વ-પ્રેસિડેન્ટ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, (કડી-ગાંધીનગર) અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ (કડી)ના પૂર્વ ચૅરમૅન સ્વ. માણેકલાલ એમ. પટેલસાહેબની સ્મૃતિમાં 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' દ્વારા પ્રસ્થાપિત 'શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ' એનાયત સમારોહનું આયોજન કેળવણી મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલની અધ્યક્ષતામાં 'સાહેબ'ની ૮મી પુણ્યતિથિ તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ એલ.ડી.આર.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી ઍન્ડ રિસર્ચ, ગાંધીનગરના 'મિકેનિકલ હૉલ'માં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં પ્રાર્થના બાદ વિશ્વવિદ્યાલયના કાર્યકારી ડાયરેક્ટર અને એલ. ડી. આર. પી. ઍન્ડ આઈ.ટી.આર.નાં પ્રિન્સિપાલ ડૉ. ગાર્ગી રાજપરા દ્વારા મંચસ્થ મહાનુભાવો અને ઉપસ્થિત આમંત્રિતો – સર્વ વિદ્યાલય પરિવારજનો, વાલીશ્રીઓ, પત્રકારશ્રીઓ વગેરેનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. પોતાના ટૂંકા છતાં માર્મિક અને ભાવસભર સ્વાગત પ્રવચનમાં સદ્‌ગત ચૅરમૅનશ્રીની પ્રથમ પુણ્યતિથિ (તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૩)થી મેરિટ સ્કૉલરશિપ એનાયત યોજના શરૂ કરવા માટે મૅનેજમેન્ટના પદાધિકારીશ્રીઓ તથા દાતાશ્રીઓની દીર્ઘદષ્ટિની સરાહના કરીને સ્કૉલરશિપ મેળવનાર વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવાની સાથે અન્ય વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ મેળવવા અભ્યાસનિષ્ઠા થકી પોતાની યોગ્યતા પુરવાર કરવા આહ્‌વાન કર્યું હતું, તેમ જ સૌ વિદ્યાર્થીઓને સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપવા તત્પરતા દાખવવા અપીલ કરી હતી. આ સાથે જ વિદ્યાર્થીઓના વિકાસમાં સંસ્થાના પદાધિકારીશ્રીઓ, આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ વગેરેની પ્રતિબદ્ધતા અને કર્મઠતાની નોંધ લઈ સૌને અભિનંદન પાઠવી સંસ્થાના સતત ઊર્ધ્વગતિએ વિકાસ માટે કાર્યશીલ બની રહેવા જણાવ્યું હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગરના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો, દાતાશ્રીઓનો ભાવ-વિભોર હૈયે અને ઋણસ્વીકારની ભાવના સાથે પ્રત્યેકની વ્યક્તિગત લાક્ષણિકતાઓ, મંડળ માટે આપેલ અને અપાવેલ દાન, પોતાના વતનપ્રેમ અને અમેરિકામાં પ્રવૃત્તિઓ, મંડળ માટે દાન મેળવવા (ડૉ. કનુભાઈ પટેલ, મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ અને કુલસચિવ શ્રી સૂર્યકૃષ્ણન મંત્રાલા) પોતાની અમેરિકા-યાત્રા દરમિયાન આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને દાતાશ્રીઓએ હરખતા હૈયે આપેલ સહયોગના સંસ્મરણો અંતર્ગત સવિશેષતઃ ૨૧ કરોડના લક્ષ્યાંકથી કલ્પનાતીત એવું રૂ. ૩૬ કરોડનું દાન મેળવવું, દાન આપવામાં દાતાશ્રીઓની ઉદારભાવના, દાતાશ્રીઓ દ્વારા કલાકોના કલાકો સુધી – ક્વચિત્ રાતભર ડ્રાઇવિંગ કરીને અન્ય દાતાશ્રી પાસે મુલાકાત કરાવવી, હેતભર્યું આતિથ્ય, સામાન્ય રીતે રક્ષાબંધન પર્વે બહેન ભાઈને રક્ષાબંધન કરે ત્યારે ભાઈ બહેનને સ્મૃતિભેટ આપે, પરંતુ તેનાથી વિપરીત બહેન ભાઈને રક્ષાબંધન કરીને મંડળ માટે ઉદરચેતા હૃદયે મોટી રકમનું દાન આપે તેવા આંખ ભીની કરાવી દે તેવા હૃદયસ્પર્શી પ્રસંગો વર્ણવીને દાતાશ્રીઓનો પરિચય કરાવ્યો હતો. આ પ્રસંગે શ્રી ભગવાનદાસ અને શ્રીમતી શારદાબહેન પટેલ (નારદીપુર), શ્રી વિષ્ણુભાઈ અને શ્રીમતી ગીતાબહેન પટેલ (નારદીપુર), શ્રી નરેશભાઈ અને શ્રીમતી જાગૃતિબહેન પટેલ (નારદીપુર), શ્રી ભરતકુમાર અને શ્રીમતી પ્રભાવતીબહેન પટેલ, શ્રી રસિકભાઈ અને શ્રીમતી તારાબહેન પટેલ, શ્રી બળદેવભાઈ અને શ્રીમતી વિમળાબહેન પટેલ (ડીંગુચા), શ્રી રાકેશભાઈ પટેલ, શ્રી દિનેશભાઈ પટેલ, શ્રી નટવરભાઈ અમથાભાઈ પટેલ (આનંદપુરા), શ્રી નયનભાઈ પટેલ (ઊંટવા), પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ અને શ્રીમતી લતિકાબહેન પટેલ (શેરથા), શ્રી કૌશિકભાઈ અને શ્રીમતી રેણુકાબહેન પટેલ, ડૉ. શૈલેશભાઈ પટેલ, શ્રી કાલિદાસભાઈ પટેલ (ગણેશપુરા), શ્રી ચિમનભાઈ પટેલ (નારદીપુર), શ્રી હરજીવનદાસ પટેલ, શ્રી શૈલેશભાઈ પટેલ (આંબલી) વગેરે સન્માનનીય દાતાશ્રીઓનું ગૌરવ અને ધન્યતાની લાગણી તેમ જ સ્નેહાદર સાથે મંડળના પદાધિકારીશ્રીઓ દ્વારા સન્માન

કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દાતાશ્રીઓના વરદહસ્તે કેળવણી મંડળ સંચાલિત યુનિવર્સિટી, કૉલેજો અને શાળાઓના કુલ ૧૨૯૪ વિદ્યાર્થીઓને મેરિટ સ્કૉલરશિપ અને મિન્સ સ્કૉલરશિપ પેટે કુલ રૂ. ૧૪૧૦૦૯૮૩/-ના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. આ પૈકી ૮૮૪ વિદ્યાર્થીઓને મેરિટ સ્કૉલરશિપ પેટે રૂ. ૭૫૧૭૭૨૩ અને આર્થિક રીતે જરૂરતમંદ ૪૧૦ વિદ્યાર્થીઓને મિન્સ સ્કૉલરશિપ પેટે રૂ. ૬૫૮૩૨૬૦ની રકમ એનાયત કરવામાં આવી હતી.

પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં અમેરિકા નિવાસી દાતાશ્રી શ્રી ભગવાનદાસ પટેલે શિક્ષણતીર્થ કડી માટે સુપ્રસિદ્ધ સૂક્તિ 'No Study Without Kadi'નું સ્મરણ કરાવીને ૧૦૦ વર્ષ પૂર્ણ કરનાર આ મંડળના સમર્પિત મહાનુભાવો સર્વ શ્રી પૂ. છગનભા, શ્રી માણેકલાલ પટેલ વગેરેની ઉદાહરણસ્વરૂપ સેવાભાવનાને વંદન કરીને જણાવ્યું હતું કે આ મંડળને આપણા સૌના સદ્‌નસીબે સમર્પિત મહાનુભાવો મળતા આવ્યા છે. પ્રવર્તમાન કર્ણધાર ડૉ. કનુભાઈ પટેલ પોતાની નાદુરસ્ત તબિયત (વ્હીલચેરમાં જ ફરી શકાય તેવી સ્થિતિ) હોવા છતાં ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ સાથે દાન માટે અમેરિકા આવ્યા હતા અને મોટું દાન મેળવવા માટે યશભાગી પણ નીવડ્યા હતા. મારે વિદ્યાર્થીઓને કહેવું રહ્યું કે તમે આપણા મંડળના પદાધિકારીઓની સેવાભાવના અને કર્તવ્યપરાયણતાને નજરસમક્ષ રાખીને તમારા વિદ્યાભ્યાસ થકી વિશ્વમાં સર્વ વિદ્યાલયની નામના કેળવો એ તમારી પાસે અમારી અભિલાષા છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના ઉપપ્રમુખશ્રી, દાતાશ્રી અને મંડળના અમેરિકા સ્થિત એમ્બેસેડર શ્રી વિષ્ણુભાઈ પટેલ પોતાના મનનશીલ ઉદ્‌બોધનમાં મંડળના માનવંતા પૂર્વ – કર્ણધારો સર્વશ્રી પૂ. છગનભા, શ્રી દાસકાકા, વકીલ શ્રી ધનાભાઈ પટેલ, શ્રી માણેકલાલ પટેલસાહેબ વગેરેની મંડળ પ્રત્યેની કર્તવ્યપરાયણતા અને મંડળના વિકાસમાં આપેલ ફાળાને, વર્તમાન કર્ણધારોની ધ્યેયનિષ્ઠાને અને સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને વિનમ્રતા સાથે નમન કરીને મંડળના વિકાસમાં સિંહફાળો આપનાર દાતાશ્રીઓ અને સંચાલકોના પ્રદાનની ગદ્‌ગદિત હૈયે નોંધ લઈને જણાવ્યું હતું કે આ મંડળનું પરમ સદ્‌ભાગ્ય એ છે કે તેને વકીલ શ્રી ધનાભાઈ પટેલ અને શ્રી માણેકલાલ પટેલસાહેબ વગેરેની બબ્બે પેઢીઓ સેવાપરાયણ સંચાલકો તરીકે મળી છે, જે પૂર્ણતઃ સમર્પિત બની રહીને, તેને પોતાનો પરિવાર ગણીને સેવા કરી રહી છે. આ સંસ્થા સાથે જોડાવાનું મારું સદ્‌ભાગ્ય ગણું છું. આજે સર્વ વિદ્યાલય જેવી સંસ્થાઓ ઠેર-ઠેર હોય તો કેદખાનાં જ બંધ થઈ જાય. મારા પૂ. કાકાશ્રી ભગવાનદાસ પટેલે તેમના પ્રવચનમાં કડી માટે પ્રચલિત સૂક્તિનું આપણને સ્મરણ કરાવ્યું તેમાં મારો સૂર પુરાવું છું. આજે જરૂર છે સર્વ વિદ્યાલય જેવાં શિક્ષણતીર્થોની.

કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી તથા કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડલના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલે પ્રેરક ઉદ્‌બોધનના પ્રારંભમાં મંચસ્થ દાતાશ્રીઓ, મહાનુભાવો, સર્વ વિદ્યાલયના પરિવારજનો, વાલીશ્રીઓ વગેરેની ઉપસ્થિતિની સ્નેહાદરપૂર્વક નોંધ લઈને સંસ્થાની સ્થાપનાનાં પ્રારંભિક વર્ષોમાં પૂ. છગનભા ગામડે-ગામડે ફરીને વિદ્યાર્થીઓ મેળવવા માટે જ ભીખ માગતા હતા તે ઉપરાંત પૂ. છગનભા, દાસકાકા, વકીલ ધનાભાઈ પટેલ, શ્રી માણેકલાલ પટેલ વગેરેની અણીશુદ્ધ સેવાભાવનાનું તેમ જ આ મંડળ દ્વારા દીર્ઘદૃષ્ટિ રાખીને કડી ઉપરાંત વિસનગર, પિલવાઈ, બલોલ, વડનગર અને શેરથામાં પણ શાળાઓ સ્થાપવામાં આવી હતી તેનું સાદર સ્મરણ કરાવ્યું હતું. આ સાથે જ તેમણે સ્વર્ગસ્થ ચૅરમૅન માણેકલાલ પટેલસાહેબની સેવા અને દૃષ્ટિસંપન્નતાની સુવાસ કૅમ્પસના ખૂણે-ખૂણે પ્રસરી રહી છે તેની નોંધ લઈને તેમના પગલે-પગલે ચાલવાનો – કોઈ નિર્ણય લેવાનો થાય ત્યારે માણેકલાલ સાહેબ હોત તો શું નિર્ણય લેત અને તે મુજબ નિર્ણય લેવાનો – પોતાના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો હતો. વધુમાં, તેમણે પૂ. છગનભાનાં કાર્યોની અને સંસ્થાની વિકાસરેખા જાણવા માટે પૂ. મોહનભાઈ પટેલસાહેબ કૃત 'પ્રજ્ઞાદીપ છગનભા' અને 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનો સંક્ષિપ્ત ઇતિહાસ' વાંચી જવા ભલામણ કરી હતી. આ એ ગ્રંથો છે કે જેમાં સંસ્થાના સ્થાપનાકાળની આપણા સમાજની યથાતથ સ્થિતિ અને સંસ્થાને સમયે-સમયે મળેલા તેના સેવકો – કર્ણધારોનાં કાર્યોની નોંધ લેવામાં આવી છે. આ સંસ્થાના વિકાસનું શ્રેય તેના દાતાશ્રીઓને જાય છે – તેમની ઉદાર દાનભાવનાને જાય છે કે જેમણે કઠોર પરિશ્રમ કરીને બચત કરેલ રકમ આ સંસ્થાને આપી છે. સમાજનું ચાલકબળ નાણું – પૈસા – મૂડી છે. સંસ્થા ચલાવવા માટે મૂડી જોઈએ જે આપણા દાતાશ્રીઓ ઉદારભાવે પૂરી પાડે છે. કોઈ પણ સંસ્થાના મહત્ત્વના ચાર પાયા – દાતાશ્રીઓ, સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ અને શિક્ષકો / કર્મચારીઓ

અને ચોથો પાયો એવા વિદ્યાર્થીઓ / વાલીગણ ઉપર સંસ્થાઓ ટકેલી હોય છે. હું ગર્વપૂર્વક કહું છું કે સર્વ વિદ્યાલયના આ ચારેય પાયા ખૂબ જ મજબૂત છે.

અમેરિકા દાનયાત્રા દરમિયાનના સંસ્મરણો ઉજાગર કરતાં જણાવ્યું કે શ્રી ભગુકાકા અને અન્ય દાતાશ્રીઓએ અહોભાવપૂર્વક અમારી કાળજી લઈને દાન મેળવવામાં જે સહાય કરી છે તે શબ્દોમાં વર્ણવી શકું તેમ નથી. આટલું જ નહીં શ્રી ભગુકાકા જેવા દાતાઓએ તો ફરીથી વધુ રકમનું દાન આપવાની હોંશપૂર્વક હૈયાધારણા પણ આપી છે. આ સંસ્થા સામાજિક સંસ્થા છે. તેની સ્થાપનાના પાયામાં સમાજસેવાનો આદર્શ રહ્યો હોવાથી સમાજના છેવાડાનો બાળક પણ શિક્ષણથી વંચિત ન રહે એટલે કે પૈસાના અભાવે અભ્યાસ ન કરી શકે તેવા વિદ્યાર્થીઓને આ સંસ્થા ફી માફી આપવા ઉપરાંત તેમનું ઘર ચલાવવા માટે અભ્યાસના સમય દરમિયાન પાર્ટટાઇમ નોકરી પણ આપે છે. આજે આવા ૧૭ વિદ્યાર્થીઓ છે કે જેમની જવાબદારી આ સંસ્થા નિભાવી રહી છે. અને તેથી જ અમે કોઈ વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરવાની સત્તા પ્રિન્સિપાલને આપી નથી. આવા વિદ્યાર્થીઓને અમે રૂબરૂમાં બોલાવીને તેને અભ્યાસ ચાલુ રાખવા સમજાવીને તેની આર્થિક સમસ્યા હલ કરીને શિક્ષણ ચાલુ રાખવા પ્રયત્નશીલ બની રહીએ છીએ. આપણી આ સંસ્થા દ્વારા મેરિટ સ્કૉલરશિપની સાથે આર્થિક રીતે જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને મિન્સ સ્કૉલરશિપ પણ આપવામાં આવે છે. સંભવતઃ ગુજરાત કે ભારતમાં આવી જૂજ સંસ્થાઓ હશે કે જે આટલી મોટી રકમ મેરિટ સ્કૉલરશિપ / મિન્સ સ્કૉલરશિપ પેટે આપતી હશે. જોકે આ બધું આ બધા ઉદાર શ્રેષ્ઠીવર્ય દાતાશ્રીઓના સહયોગના કારણે શક્ય બને છે. મારે વિદ્યાર્થીઓને કહેવું જોઈએ કે આ બધા દાતાશ્રીઓ કરોડોપતિ છે. તેમના ઘેર ફરારી જેવી ઉત્તમોત્તમ ગાડીઓ રાખી શકવાની ક્ષમતા ધરાવતા હોવા છતાં સાદી રહેણીકરણી રાખીને પૈસા બચાવીને આપણને આપે છે, તેમના ગામને આપે છે. કારણ કે તેમણે ભણતર માટે જે કષ્ઠ વેઠ્યું છે તે અન્યને વેઠવું ન પડે અને સારું ભણી શકે તેવી ઉદારભાવના તેમના હૈયામાં વસી છે. આથી હું વિદ્યાર્થીઓને હંમેશાં કહેતો રહું છું અને આજે પણ કહું છું કે તમારી સેવાભાવનાની, મદદની કડી વધારતા રહેજો. તમારી બચતમાંથી તમારા પરિવાર / સમાજ / ગામ / તાલુકા / જિલ્લાને આપતાં તમારી તિજોરીમાં નાણું વધી પડે તો સર્વ વિદ્યાલયને આપજો. અમે, તમારા સહયોગથી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણની તકો પૂરી પાડીશું. સર્વ વિદ્યાલય પરિવાર આવા બૃહદ ઉદ્દેશ સાથે કામ કરી રહ્યો છે અને વિદ્યાર્થીઓને વિકાસની તમામ તકો પૂરી પાડે છે. આ મૂલ્યનિષ્ઠ સાંસ્કૃતિક ધરોહરને તમે સૌ આગળ લઈ જાઓ. આ સાથે વાલીઓને પણ અભિનંદન આપું છું કે તમારી પ્રેરણા અને પ્રયાસો થકી તમારાં બાળકો વિદ્યાભ્યાસમાં તેજસ્વી બન્યાં છે. તેમની કારકિર્દી વધુ તેજસ્વી બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવું છું. પુનઃ આપ સૌની ઉપસ્થિતિ માટે આભારની લાગણી વ્યક્ત કરું છું. દાતાશ્રીઓને વંદન. વિદ્યાર્થીઓને ધન્યવાદ. જય હિન્દ, જય ભારત.

સમારોહના અંતમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવ શ્રી સૂર્યકૃષ્ણન મંત્રાલાએ આભારવિધિ કરતાં સદ્‌ગત ચૅરમૅન શ્રી માણેકલાલસાહેબ પ્રતિ અપ્રતિમ શ્રદ્ધાભાવ વ્યક્ત કરી જણાવ્યું હતું કે આ દિવસ અમને કામ કરવાની શક્તિ અને પ્રેરણા આપે છે, અમારામાં અદમ્ય ઉત્સાહનો સંચાર થાય છે, જેના પરિણામે આ કાર્યક્રમ ઉત્તમ રીતે સંપન્ન કરવા અમે કટિબદ્ધ બની રહીએ છીએ. મંચસ્થ મહાનુભાવો, દાતાશ્રીઓ, પત્રકારો સહિત સૌ ઉપસ્થિતો પ્રતિ હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરવા ઉપરાંત આ સમારોહના આયોજનમાં સક્રિય સહયોગ પૂરો પાડનાર પરીક્ષા નિયામકશ્રી પી. કે. શાહ, પ્રિ. ડૉ. કેયૂર શાહ, પ્રિ. ડૉ. રમાકાન્ત પૃષ્ટિ તથા યુનિવર્સિટીના પરિવારજનો વગેરેનો આભાર માન્યો હતો. કાર્યક્રમના ઉદ્‌બોધક તરીકે એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના શિક્ષિકા ડૉ. વર્ષા પારેખે પ્રશસ્ય સેવાઓ આપી હતી. રાષ્ટ્રગીતના ગાન બાદ સમારોહ પૂર્ણ થયાનું જાહેર કરવામાં આવ્યું હતું.

## પ્રજાસત્તાક પર્વ

રાષ્ટ્રના ૭૧મા પ્રજાસત્તાક પર્વ – ૨૬મી જાન્યુઆરીની ઉજવણી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર કેમ્પસની શાળા – કૉલેજો અને યુનિવર્સિટી દ્વારા સંયુક્ત રીતે એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ અને એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના યજમાન પદે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલના અધ્યક્ષપદે કરવામાં આવી હતી. સમારોહના પ્રારંભમાં કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે સૌનું હાર્દિક સ્વાગત કરી મહેમાનશ્રીઓનો પરિચય કરાવી સમગ્ર આયોજનની રૂપરેખા પ્રસ્તુત કરી હતી. આ પ્રસંગે સમારોહના મુખ્ય મહેમાન અમેરિકા સ્થિત દાતાશ્રી દિનેશભાઈ પટેલના વરદ્‌હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું

હતું. ધ્વજવંદન બાદ અધ્યક્ષશ્રી ડૉ. કનુભાઈ પટેલે પ્રેરક ઉદ્બોધનમાં રાષ્ટ્ર માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરી રાષ્ટ્રને સમર્પિત બની રહેનારા સૌ દિવંગત રાષ્ટ્રભક્તોને વંદન કરી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરીને આ રાષ્ટ્રભક્તોના જીવનમાંથી પ્રેરણા મેળવવા સૌને અપીલ કરી હતી. આ સાથે જ તેમણે અમેરિકન પ્રેસિડેન્ટ સ્વ. જ્હોન એફ. કેનેડીએ તા. ૨૦ જાન્યુઆરી, ૧૯૬૧ના રોજ પ્રેસિડેન્ટ તરીકેની સોગંદવિધિ સમયે કરેલ ઉદ્બોધનમાં ઉચ્ચારેલા ઐતિહાસિક અને હૃદયસ્પર્શી શબ્દો **'Ask Not what Your Country Can Do For You, Ask What You Can Do For Your Country'**ની સ્મૃતિ અપાવીને દેશ માટે કર્તવ્યપરાયણ બની રહેવા જણાવીને દેશભક્તિની સમજણ આપતા જણાવ્યું હતું કે દેશભક્તિ એટલે માત્ર દેશની સરહદો ઉપર મા-ભોમની રક્ષા કાજે પ્રાણ ન્યોચ્છાવર કરવા એટલું જ નહીં, પરંતુ દેશના પ્રત્યેક નિવાસીએ – વિદ્યાર્થી, નોકરિયાત વર્ગ, ખેડૂત વગેરે દ્વારા દેશના નીતિ-નિયમોનું પાલન કરવું, ટ્રાફિકના નિયમોનું પાલન કરવું, દેશને ગૌરવ અપાવે તેવાં કાર્યો કરવાં, સ્વચ્છતા રાખવી વગેરે કાર્યો પણ દેશભક્તિ જ ગણાય. આપણા દાતાશ્રીઓ કે જે અમેરિકા વગેરે દેશોમાં સ્થાયી થયા હોવા છતાં પોતાના વતન માટે દાન આપે છે તે પણ દેશભક્તિ જ છે. આ પ્રસંગે તેમણે 'અમેરિકાની દાનયાત્રા'નાં સંસ્મરણો વર્ણવતા દાતાશ્રીઓ દ્વારા પૂર્ણતઃ માન-સન્માન સાથે અને છલકતા હૈયે દાન આપનારા, દાન અપાવનારા, પોતાનો કીમતી સમય ફાળવીને - અમારી સાથે રહીને અમારા માટે જાતે જ કલાકો સુધી કાર ચલાવીને દાતાશ્રીઓનો સંપર્ક કરાવનારા, અમેરિકા નિવાસ દરમિયાન ભાવસભર આતિથ્ય પૂરું પાડનાર બહેનો વગેરેનો ગદ્ગદિત હૈયે આભાર માનવા ઉપરાંત આ સૌનો વ્યક્તિગત પરિચય પણ કરાવ્યો હતો. વધુમાં, શ્રી દિનેશભાઈ પટેલ અને શ્રી રાકેશભાઈ પટેલે રૂપિયા ૫૧ – ૫૧ લાખ દાન આપી દાનનો શુભારંભ કરાવ્યો હતો તે, સૌથી વધુ રૂપિયા સવા ત્રણ કરોડનું દાન આપનાર શ્રી ભગુભાઈ મંગળદાસ પટેલ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી શારદાબહેન તથા તેમના સુપુત્ર શ્રી નરેશભાઈ પટેલ, વીપીએમપી પોલિટેક્નિકના દાતાશ્રી વિષ્ણુભાઈ પટેલ કે જેમણે અગાઉ એક કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું અને તેમણે ફરીથી આ યાત્રા સમયે રૂપિયા અઢી કરોડનું દાન આપ્યું વગેરેના હૂંફાળા સહયોગથી ૨૧ કરોડનાં ટાર્ગેટની સામે ૩૬ કરોડના દાન મેળવવા યશભાગી નીવડ્યા તેના રોમહર્ષણ અનુભવો જણાવ્યા હતા. આ ઉપરાંત તેમણે અમેરિકન યુદ્ધવીર ચાર્લ્સ પલ્મના જીવનનું ઉદાહરણ આપતાં જણાવ્યું કે આ એ પલ્મ છે કે જેણે અમેરિકા – વિયેટનામ યુદ્ધ વખતે પૅરશૂટની મદદથી વિયેટનામમાં કૂદી પડતાં પોતાનો જાન બચાવ્યો હતો ખરો પરંતુ ૬ વર્ષ સુધી વિયેટનામમાં યુદ્ધકેદી તરીકે યાતના ભોગવી હતી. આ પલ્મ પોતાની જિંદગી બચાવનાર પૅરશૂટ ગૂંથનારનો પણ આજીવન ઋણી બની રહ્યો હતો કે જેણે કુશળતાપૂર્વક પૅરશૂટ બનાવ્યું હોવાથી પોતે બચી શક્યો હતો. આમ, આપણા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કાર્ય કરનારાઓને માન આપવું એ પણ દેશસેવા જ છે અને છેલ્લે આ દેશના સૌ નિવાસીઓ કે જેઓ એક યા બીજા પ્રકારના પૅરશૂટ બનાવી રહ્યા છે તે સૌને વંદન કરી, સૌનો આભાર માનીને દેશની સેવામાં કાર્યરત રહેવા જણાવ્યું હતું.

આ પ્રસંગે વિદ્યાર્થી અભય કે જેણે નવીદિલ્હીમાં યોજાયેલ પ્રજાસત્તાક દિનની પરેડમાં તથા ઑગસ્ટ માસમાં રશિયા ખાતે ભારતના પ્રતિનિધિ મંડળમાં સહભાગી થયેલ તેનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં ૧૧ શાળા – કૉલેજો : ૧. એમ.બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ૨. શ્રીમતી વી.એમ. પટેલ ઍન્ડ એચ.વી. પટેલ બાલમંદિર, ૩. એસ.કે. પટેલ કિંડર ગાર્ટન સ્કૂલ, ૪. શ્રી એસ.વી. અંગ્રેજી મીડિયમ પ્રિ-પ્રાયમરી સ્કૂલ, ૫. શ્રી જે.બી. પટેલ પ્રાયમરી સ્કૂલ, ૬. શ્રીમતી એસ.જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, ૭. શ્રીમતી એમ. બી. ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ, ૮. શ્રીમતી આર. એન. પ્રાયમરી સ્કૂલ, ૯. સી.એમ. પટેલ કૉલેજ ઑફ ફિઝિયોથેરાપી, ૧૦. બી.પી. કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડિઝ, ૧૧. સી.એમ. પટેલ કૉલેજ ઑફ નર્સિંગ – દ્વારા રાષ્ટ્રભક્તિ ગીતો, નૃત્ય વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સમારોહનું આયોજન કરનાર યજમાન સંસ્થા એમ.બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના પ્રિ. શ્રી અર્પિત ક્રિશ્ચિયને આભારવિધિ કરી હતી. સમારોહનું સુપેરે સંચાલન યજમાન શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રગીતના ગાન બાદ સમારોહ પૂર્ણ થયાનું જાહેર કરવામાં આવ્યું હતું.

● રાષ્ટ્રના ગૌરવ સમા ૭૧મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી ભારે ધામધૂમપૂર્વક સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડી ખાતે કરવામાં આવી. મંડળના મંત્રીશ્રી ડૉ. રમણભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરાવી રાષ્ટ્રધ્વજને સલામી અપાઈ હતી. NCC અને SCC યુનિટો દ્વારા પરેડ યોજાયા બાદ

રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ રમતગમત તથા કલાનાં ક્ષેત્રોમાં વિજેતા બનનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. અતુલ્ય ભારતની થીમ આધારિત શાળા / કૉલેજોની રાષ્ટ્રભક્તિને પોષક એવી ૧૪ કૃતિઓ જેમ કે ભારતનો ભવ્ય વારસો, ઇતિહાસ, લોકસંસ્કૃતિની ઝાંખી, લોકનૃત્યો, સામાજિક અને પારિવારિક કાર્યક્રમો વગેરે રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ચૅરમૅનશ્રી વલ્લભભાઈ પટેલ, મંત્રીશ્રીઓ, આમંત્રિત મહેમાનશ્રીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળા / કૉલેજોના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ચિત્રો અને રંગોળીનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

## સ્વ. માણેકલાલ એમ. પટેલ સ્મૃતિ રક્તદાન શિબિર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિકાસમાં સીમાચિહ્નરૂપ ફાળો આપનાર અને 'શિક્ષણ એ જ સાચીસેવા'ના સૂત્રને જીવનમંત્ર બનાવનાર સદ્ગત પૂર્વ ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પૂર્વ પ્રેસિડેન્ટ પૂજ્ય માણેકલાલ પટેલસાહેબની જન્મજયંતી નિમિત્તે તા. ૧ ફેબ્રુઆરીના રોજ કડી-ગાંધીનગરનાં પરિસરોમાં રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. નવમા રક્તદાન શિબિરમાં કડી કૅમ્પસ ખાતે ૬૯૩ અને ગાંધીનગર કૅમ્પસ ખાતે ૪૦૫ થઈ કુલ ૧૦૯૮ રક્ત બોટલો એકત્રિત કરવામાં આવી હતી. આ બોટલોને રેડક્રોસ, અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવી હતી. આ રક્તદાન શિબિરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત શ્રી એસ. કે. પટેલ આઈ. ટી. આઈ.માં ફરજ બજાવતા ઇન્દ્રજિત સોમનાથ રાવલને ૭૭ વખત રક્તદાન કરવા બદલ મંડળ દ્વારા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે સર્વ વિશ્વવિદ્યાલય પરિવાર દ્વારા વર્ષ ૨૦૧૨થી લઈ ૨૦૨૦ સુધીમાં આયોજિત ૯ રક્તદાન શિબિરોમાં કુલ ૮૨૫૮ રક્ત બોટલો એકત્રિત કરવામાં આવી છે. આ પ્રસંગે ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ, મંત્રીશ્રીઓ અને વિવિધ શાળા-કૉલેજોના પ્રિન્સિપાલશ્રીઓ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા ઉપસ્થિત રહ્યા હતા.

## રાજમોહન ગાંધી સાથે ગોષ્ઠી

'વિશ્વગ્રામ' અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના સંયુક્ત ઉપક્રમે સર્વ વિદ્યાલય કૅમ્પસ, ગાંધીનગરના સેક્ટર-23માં સ્થિત 'બ્રહ્માણી કૃપા હૉલ'માં શ્રી રાજમોહન ગાંધી સાથે સંગોષ્ઠીનું આયોજન તા. 16 જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીજનોની ઘણી મોટી સંખ્યામાં હાજરી ધ્યાનાકર્ષક રહી હતી. કાર્યક્રમના પ્રારંભમાં માનવસેવાને વરેલા એવા સામાજિક સમરસતાના પુરસ્કર્તા શ્રી સંજયભાઈએ શ્રી રાજમોહન ગાંધીનો પરિચય આપતાં વિનમ્રભાવે જણાવ્યું કે અહીં ઉપસ્થિત પ્રબુદ્ધ ગાંધીજનોને આપણા મોટા ગજાના ઇતિહાસકાર, ચરિત્રકાર, પત્રકાર અને ચિંતક એવા મુ. શ્રી રાજમોહનજીનો પરિચય અસ્થાને બની રહે છે. આમ છતાં સંક્ષેપમાં વાત કરું તો તેઓશ્રી આપણા બાપુ – રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પૌત્ર છે. તેમના પિતાનું નામ શ્રી દેવદાસ ગાંધી અને માતાનું નામ શ્રીમતી લક્ષ્મીબહેન. તેમના ભાઈઓનાં નામ શ્રી ગોપાલકૃષ્ણ ગાંધી અને શ્રી રામચંદ્ર ગાંધી છે. તેઓશ્રી ચક્રવર્તી રાજગોપાલાચાર્ય અર્થાત્ રાજાજીના દોહિત્ર છે. તેમનો જન્મ 7 ઑગસ્ટ, 1935ના દિને નવી દિલ્હીમાં થયો હતો. તેમનાં પત્નીનું નામ શ્રીમતી ઉષા ગાંધી, પુત્રનું નામ દેવદત્ત ગાંધી અને પુત્રીનું નામ સુપ્રિયા ગાંધી છે. હાલમાં તેઓશ્રી રિસર્ચ પ્રોફેસર તરીકે College of Education, University of Illinois, Urbana-Champaign, U. S. A. તથા આઈ.આઈ.ટી., ગાંધીનગરમાં Scholar in Residence તરીકે સેવાઓ આપે છે. તેમનાં 12થી અધિક પુસ્તકો પ્રકાશિત છે જેમ કે Modern South Asia : A History From the 17th Century to Our Times (2018), Understanding the Founding Fathers... (2016), Punjab : A History from Auarangzeb to Mountbettan (2013), Gandhi : The Man, His People and the Empre (2008), Patel : A Life (1990), Understanding the Muslim Mind (1987) વગેરે. તેમને Rajaji : A Life પુસ્તક માટે સાહિત્ય અકાદેમી, નવીદિલ્હી દ્વારા વર્ષ 2002માં પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત 'ઇન્ટરનૅશનલ હ્યુમેનિટેરિઅન અવૉર્ડ'થી પણ અલંકૃત છે. તેમણે રાજ્યસભાના સભ્ય તરીકે પણ વર્ષ 1990-92માં સેવાઓ આપી હતી.

શ્રી રાજમોહન ગાંધીએ ગાંધીજીનું આફ્રિકાથી ભારતમાં આગમન, શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક વગેરે સાથે મુલાકાત, ૧૯૦૬માં ઇંગ્લૅન્ડની મુલાકાત, ગાંધીજીની ભારત–બ્રિટન વચ્ચે હૂંફાળા સંબંધોની પ્રસ્થાપનામાં ભૂમિકા, ટૉલ્સ્ટૉય, શ્રીમદ રાજચંદ્ર, રસ્કિન વગેરેથી પ્રભાવિત હોવા, 'સત્યાગ્રહ'ની સફળતા અંગે આશ્વાસ્ત હોવા, ગાંધીજીના જીવનદર્શન વિશે પોતાના પ્રતિભાવો

વગેરે અંગે સંક્ષેપમાં ચર્ચા કરીને જણાવ્યું હતું કે ગાંધીજી લોકપ્રિયતાના નહીં સત્યના ઉપાસક હતા, તેમ જ ગાંધીજી ભૂલ ન કરે તેવું ખુદ ગાંધીજી કે હું પણ માનતો નથી. ગાંધીજીને સમજવા માટે અંતરાત્માના અવાજને સાંભળવો જોઈએ, તેમ જ વૈષ્ણવજન ભજનનું હાર્દ આત્મસાત કરવું જોઈએ. શ્રોતાઓના ગાંધીજી સંબંધી વિવિધ પ્રશ્નોના ઉત્તરો 'ટ્રાન્સફર ઑફ પાવર', 'સત્યના પ્રયોગો', દક્ષિણ આફ્રિકાનો ઇતિહાસ, 'હરિજન', 'નવજીવન' વગેરે આધારે તટસ્થ રીતે આપ્યા હતા. પ્રમુખ પ્રશ્નોમાં દાદાજી સાથેનાં સંસ્મરણો, ગાંધીજી પાસેથી પોતે શું શીખ્યા ? આઝાદી અંગે ગાંધીજીનો અગ્રતાક્રમ શો હતો ?, સરદાર વલ્લભભાઈને વડાપ્રધાન તરીકે પસંદ ન કરીને અન્યાય કર્યો છે કેમ ?, આજે ગાંધીજી કેટલા પ્રસ્તુત ?, ગાંધીજીને અનુસરવા શું કરવું જોઈએ ? ગાંધીજીની અહિંસા ભાવના અને ૧૯૪૨ની 'અંગ્રેજો ભારત છોડો' ક્રાંતિ, ભારત વિભાજનમાં ગાંધીજી અને અન્યોની શી ભૂમિકા રહી હતી ? સુભાષ – સરદાર – વિઠ્ઠલભાઈ વચ્ચે સંબંધો વગેરે સમાવિષ્ટ છે. દાદાજી સાથેના સંસ્મરણો ઉજાગર કરતાં જણાવ્યું હતું કે મને બાપુના ખોળામાં રમવાનો મોકો મળ્યો હતો, પરંતુ બાપુ સૌ બાળકોને પોતાના જ બાળકો ગણતા હોવાથી અને તેમની વ્યસ્તતાના કારણે ઝાઝો સમય વિતાવવા મળ્યો નથી. હા, મને યાદ છે કે જ્યારે હું તેમને મળતો ત્યારે મને પીઠ ઉપર ધબ્બો જરૂર મારતા. ભારત વિભાજન રોકવા માટે તેમણે ઘણી કોશિશ કરી હતી પણ સફળતા મળી ન હતી. આ સંદર્ભે તેમણે માઉન્ટબેટન, નહેરુ, પટેલ, મૌલાના અબ્દુલ કલામ આઝાદ વગેરેની ભૂમિકા સાધાર સ્પષ્ટ કરીને જણાવ્યું હતું કે એક માત્ર ખુદાઈ ખિદમતગાર સરહદના ગાંધી અબ્દુલ ગફાર ખાન જ ગાંધીજીની સાથે હતા અને ભાગલાની વિરુદ્ધ હતા, માઉન્ટબેટને નહેરુ અને પટેલના સચિવોને સાધીને ભાગલાની યોજના પાર પાડી હતી. તેમણે મક્કમતાથી જણાવ્યું હતું કે સરદારને પ્રથમ વડાપ્રધાન બનાવવામાં ગાંધીજીએ કોઈ અન્યાય કર્યો જ નથી. આ બાબત હમણાંથી ચર્ચાનો વિષય બની છે. તત્કાલીન ગુજરાતનાં કે દેશના અખબારો જોશો તો સમજાશે કે આ બાબત વિશે તે સમયે કોઈ જ ચર્ચા થઈ ન હતી, તેમ જ સરદાર – નહેરુ વચ્ચે સૌહાર્દપૂર્ણ સંબંધો હતા. સરદારના ખાસ સમર્થક ચંદ્રભાણ ગુપ્તાનું પણ મંતવ્ય રહ્યું હતું કે સરદારને કૉંગ્રેસ પ્રમુખ બનાવવાની હિલચાલ પાછળ તેમને વડાપ્રધાન બનાવવાનો કોઈ જ ખ્યાલ ન હતો. શ્રી અરવિંદનું મંતવ્ય પણ તેમ ન હતું. 'ક્વિટ ઇન્ડિયા' આંદોલન ન થાત તો ભારત એક રાષ્ટ્ર ન થાત અને તેના પાંચ-છ વિભાજન થાત.

પ્રશ્નોત્તરી બાદ રાજગોપાલ પી.વી. કૃત પુસ્તક, 'Journey to the India'ના સતીશ મહેતા કૃત ગુજરાતી અનુવાદ : 'બીજા ભારતની યાત્રા'નું વિમોચન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે 'વિશ્વગ્રામ'ના સંસ્થાપક સંજય – તુલા છે. શ્રી સંજયભાઈએ એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અર્થોપાર્જનની પ્રવૃત્તિને નજરઅંદાજ કરીને આત્માના અવાજને પારખીને માનવસમાજના ઉત્કર્ષ માટે – ગ્રામોદ્ધાર માટે સમર્પિત થવાનું મુનાસિબ ગણ્યું છે. તેમણે માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં પોતાનાં સેવાકાર્યોનો વિસ્તાર કર્યો છે, જેમ કે ચેન્નઈ સુનામી, કાશ્મીર ધરતીકંપ, બિહાર-કોશી પુર, કેદારનાથ વૃષ્ટિ, કચ્છ ધરતીકંપ વગેરે સમયે અસરગ્રસ્તોને બહુઆયામી સેવાઓ પૂરી પાડી છે. તેમના દૂરંદેશિતાપૂર્ણ નિઃસ્વાર્થ અને અનુકરણીય સેવાકાર્યોને ધ્યાને લઈ ગુજરાત અને દેશની ગણમાન્ય ૧૦થી અધિક સંસ્થાઓ દ્વારા પોતાના બહુમૂલ્ય પુરસ્કારો અર્પણ કરીને અલંકૃત કરવામાં આવ્યા છે, જેમ કે 'સંતબાલ અવૉર્ડ' (૧૯૯૯), 'અશોક ગાંધિયા અવૉર્ડ' (૨૦૧૬), 'ધરતી રત્ન અવૉર્ડ' (૨૦૧૪), ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રેરિત 'સમાજ ઉત્કર્ષ અવૉર્ડ' (૨૦૧૬), 'ગાંધીમિત્ર અવૉર્ડ' (૨૦૧૬), 'Sristi Gyti Grassroot Sanman' (૨૦૧૬) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે. સંપર્ક : તુલા – સંજય, વિશ્વગ્રામ, મુ. પો. બાસણા, તા. વિસનગર, જિ. મહેસાણા-૩૮૪૦૦૦૧. ફોન : ૦૨૭૬૨-૨૩૦૩૩૫, મો. ૯૪૨૬૩૮૮૨૩૪. Email ID : vishwagrambasana@gmail.com

## સંગીત સમારોહ

'વિશ્વગ્રામ' અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના સંયુક્ત ઉપક્રમે ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ કૉલેજના સભાખંડ 'શેઠ ખીમજી સંસ્કાર ભવન'માં તા. ૨૫ જાન્યુઆરીના રોજ કાશ્મીરના વતની અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંગીતકાર ગુલઝાર અહેમદ ગનાઈના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે 'વિશ્વગ્રામ'ના શ્રી સંજયભાઈએ કાશ્મીરમાં હાથ ધરેલ સેવા પ્રવૃત્તિઓનાં સંસ્મરણો, કાશ્મીરીઓની વ્યથા વગેરે વિશે વાત કરીને સંગીતકારનો પરિચય કરાવ્યો હતો. આભારવિધિ પ્રિ. ડૉ. રમાકાંત પૃષ્ટિ અને કાર્યક્રમનું સંચાલન ડૉ. જયેશ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ : ઇતિહાસની અટારીએથી

# કડીની સંસ્થામાં છ વર્ષ

**સોમાભાઈ લ. પટેલ**

સને ૧૯૨૪ની સાલમાં તેર વર્ષની ઉંમરે પાટીદાર આશ્રમ અને પાટીદાર વિદ્યાલય, કડીમાં હું અંગ્રેજી ધોરણ પહેલામાં દાખલ થયેલો. આજનું સર્વ વિદ્યાલય તે દિવસે કડવા પાટીદાર વિદ્યાલય, કડીના નામથી જાણીતું હતું. અંગ્રેજી ધોરણ સાતને મૅટ્રિકનું ધોરણ કહેવાતું. તે સમયે વિદ્યાલયમાં અંગ્રેજી ધોરણ એકથી અંગ્રેજી ધોરણ છ સુધીનો અભ્યાસ ચાલતો હતો. આથી અંગ્રેજી ધોરણ છ સુધી અભ્યાસ કરી સને ૧૯૩૦ના એપ્રિલ માસમાં મે આશ્રમ અને વિદ્યાલય છોડેલાં.

મારા અભ્યાસનાં આ છ વર્ષ મારા જીવન-ઘડતરમાં મહત્ત્વનાં છે. આજે જે કંઈ પ્રવૃત્તિ વર્ષોથી હું કરું છું તેની માનસિક અને નૈતિક ભૂમિકા આ વર્ષોમાં નંખાઈ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાંથી પાછા આવી, ભારતભરનો પ્રવાસ કરી, દેશની નાડ પારખીને સને ૧૯૨૧માં ભારતની અંગ્રેજ હકૂમત સામે અસહકાર અને સત્યાગ્રહની લડત શરૂ કરી. આથી દેશભરમાં જાગૃતિ આવી. સત્ય અને અહિંસાના રસ્તે ત્યાગ અને બલિદાન આપવાની પ્રબળ ભાવના દેશભરની પ્રજામાં આ વખતે જાગ્રત થઈ. અંગ્રેજી રાજ્ય ભારતમાં અસ્તિત્વ ધરાવતું હોવા છતાં સને ૧૯૨૧થી સને ૧૯૩૫નો સમય ભારતની પ્રજાની આધ્યાત્મિક અને નૈતિક ઉન્નતિ માટે અર્વાચીન સમયમાં સુવર્ણકાળ ગણી શકાય એવો મારો ખ્યાલ છે. દેશના, સમાજના અને સમગ્ર પ્રજાના કલ્યાણ માટે નિઃસ્વાર્થ ભાવે ત્યાગ અને બલિદાન આપવાની ઉત્કૃષ્ટ ભાવના અને પ્રવૃત્તિ આ સમયે મહાત્મા ગાંધીજીની દોરવણી નીચે દેશભરમાં વ્યાપક બન્યાં.

દેશના આવા ઉત્તમ, ત્યાગશીલ અને તપશ્ચર્યા ભર્યા વાતાવરણની અસર દેશભરની સંસ્થાઓ અને તેમાં પણ પાયાની શિક્ષણ સંસ્થાઓમાં થાય તે સ્વાભાવિક છે. પૂજ્ય છગનભા જેવા ત્યાગી તપસ્વીએ કડીમાં સંસ્થાની શરૂઆત તો કરી જ દીધી હતી. એટલે આ સમયે ગાંધીજીની પ્રબળ અસર નીચે આવેલા રાષ્ટ્રીય શિક્ષણની દૃષ્ટિવાળા કાર્યકર્તાઓ અને શિક્ષકો આ સંસ્થાને મળી રહ્યા. સને ૧૯૨૪ના જૂનમાં હું સંસ્થામાં દાખલ થયેલો. ત્યારે સરકારી કૉલેજનો ત્યાગ કરી ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરી સ્નાતક થયેલા શ્રી પોપટભાઈ ગુ. પટેલ વિદ્યાલયના આચાર્ય હતા. આશ્રમના ગૃહપતિ તરીકે વીરમગામવાળા શ્રી કુબેરદાસ છો. પટેલ હતા. શિક્ષકોમાં શ્રી છગનભાઈ કા. પટેલ, શ્રી ચુનીભાઈ ધ. પટેલ, શ્રી પોપટલાલ મ. પટેલ, વગેરે હતા. મારા અભ્યાસ દરમિયાન ભાવનગરવાળા શ્રી મોહનભાઈ ઝ. પટેલ અને શ્રી બાપુભાઈ વી. ગામી આવ્યા અને શાળાના આચાર્યપદે રહ્યા. વ્યાયામ વિશારદ એવા ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક શ્રી ગોવિંદલાલ ગી. દેસાઈ પણ શિક્ષક તરીકે જોડાયા હતા. ગૃહપતિ તરીકે શ્રી જુગલભાઈનો પણ અમને લાભ મળ્યો હતો.

પૂજ્ય છગનભા, પૂ. શ્રી માધવજીભાઈ અને પૂજ્ય શ્રી ધનશા ભગતની ત્રિપુટી સાથે સંસ્થાને શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ (દાસકાકા), શ્રી રામચંદ્રભાઈ અમીન અને પ્રો. શ્રી જેઠાલાલ ચી. સ્વામીનારાયણની પણ ઓથ અને સહાય મળ્યાં હતાં. જ્ઞાતિમાં પ્રખર સુધારક એવા ભાવનગરવાળા શ્રી હરજીવનભા અને શ્રી નગીનભાઈ વૃ. પટેલના વસવાટનો લાભ પણ કેટલીક વાર વિદ્યાર્થીઓને મળતો.

સંસ્થાનું વાતાવરણ સંપૂર્ણ રાષ્ટ્રીય અને નવીન દૃષ્ટિવાળું હતું. સવારના પાંચ વાગે ઊઠતાં જ આશ્રમમાં સમૂહ પ્રાર્થના થતી. પ્રાર્થનામાં તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભાગ લેતા. પ્રાર્થના પછી સંસ્થાકીય બાબત કે રાષ્ટ્ર અંગે કંઈ મહત્ત્વની વાત હોય તો તે વિશે ટૂંકાં પ્રવચનો શિક્ષકો કે ગૃહપતિ તરફથી થતાં. પ્રાર્થના પછી વ્યાયામ અને સ્નાનનો કાર્યક્રમ રહેતો. બારેય માસ ઠંડા પાણીએ વિદ્યાર્થીઓ સ્નાન કરતા. કડકડતી ઠંડીમાં પણ ઠંડા પાણીએ સ્નાન કરવા વિદ્યાર્થીઓ ટેવાયેલા અને આવા સ્નાનથી શરીરમાં સ્ફૂર્તિ અને જોમ રહેતાં તેવો અનુભવ થતો. તે સમયે સ્નાન માટે જુદું બંધાયેલું સ્નાનગૃહ કે સ્નાનના ઓરડા નહોતા. ખુલ્લામાં જ અમે સ્નાન કરતા. અને છતાં તે વખતે ઠંડીમાં ઠંડા પાણીએ સ્નાન કરવું એ અમારે વિદ્યાર્થીઓ માટે સ્વાભાવિક ક્રમ બની ગયો હતો. સવારે અને સાંજના આશ્રમના સમૂહ ભોજન વખતે ગીતાના બીજા, બારમા કે પંદરમા અધ્યાયનો સામુદાયિક પાઠ થતો તે દરમિયાન

પીરસાતું. બપોરના અગિયારથી પાંચ સુધી વિદ્યાલય ચાલતું. વિદ્યાલયમાંથી છૂટ્યા પછી સાંજના વ્યાયામશાળામાં વ્યાયામ કે બહાર ફરવા જવામાં સૌ ગોઠવાઈ જતા. સાંજના પણ પ્રાર્થના થતી. પ્રાર્થના પછી સૌ પોતપોતાના ઓરડામાં વાંચવામાં ગૂંથાઈ જતા.

આ વખતે કડી સ્ટેશન સામે નવા ચણાતા અધૂરા મકાનમાં આશ્રમ અને વિદ્યાલય બંને ચાલુ કરવામાં આવ્યાં હતાં. બારી-બારણાનાં કમાડ તે વખતે નંખાયેલાં નહિ. મકાન ચણતરમાં તથા સંસ્થાના ચોગાનના સફાઈ કાર્યમાં શ્રમયજ્ઞરૂપી ફાળો દર રવિવારે કે રજાના દિવસે અમે વિદ્યાર્થીઓ આપતા. રહેવાના ઓરડાની હંમેશાં સફાઈ કરવી. તે વખતે વીજળી નહિ હોવાથી હંમેશાં ફાનસ સાફ કરવું અને તેમાં ગ્યાસતેલ ભરવું, જમવાના બંને સમયે પોતાનો થાળી, વાડકો અને લોટો માંજવો, ભોજન સમયે ટુકડીવાર પીરસવું, પોતાનાં કપડાં જાતે ધોવાં, વગેરે કામ અમે વિદ્યાર્થીઓ જાતે ઉમંગથી કરતા. ધોબી પાસે કપડાં ધોવડાવવાનો ખ્યાલ તો એ જમાનામાં અમારા મગજમાં કોઈને આવતો નહિ.

રાષ્ટ્રીય તહેવારો અને મહત્ત્વના ધાર્મિક તહેવારો ખૂબ જ ઉમંગથી અને ધામધૂમથી અમે ઊજવતા. રેંટિયા બારસ અને લોકમાન્ય ટિળક સંવત્સરી એ બે મોટા રાષ્ટ્રીય ઉત્સવો સારી રીતે ઉજવાતા. તમામ શિક્ષકો શુદ્ધ ખાદી પહેરતા અને દરેક શિક્ષકમાં કંઈ ને કંઈ આગવું વ્યક્તિત્વ અમને વિદ્યાર્થીઓને જોવા મળતું. કાંતણ અને પીંજણ બંને કામો સંસ્થામાં થતાં. ગૂજરાત વિદ્યાપીઠ અને સત્યાગ્રહ આશ્રમમાંથી ગાંધીજીના સાન્નિધ્યમાંથી આવેલા નરોડાવાળા શ્રી માધવલાલ છ. પટેલ વણાટશિક્ષક હતા. વણાટમાં પાટી અને આસનો વણવાનું કામ શિખવાતું. રેંટિયા બારસના દિવસે ચોવીસ કલાક અખંડ કાંતણ શરૂ થઈ જતું. આ દિવસોમાં રેંટિયા કાંતવા માટે વિદ્યાર્થીઓ પડાપડી કરતા. ખાદી પ્રચાર માટે ખાદી લઈને ગામમાં ફેરી કરવા અમે વિદ્યાર્થીઓ જતા.

શાસ્ત્રીય પદ્ધતિએ સંગીત શીખવાનો વર્ગ પણ ચાલતો. સંગીત શિક્ષક તરીકે સંગીતસમ્રાટ અને સંગીતના શાસ્ત્રી એવા પંડિત વિષ્ણુ દિગંબરના એક જાણીતા શિષ્ય હતા જેઓ સિતાર અને નરઘાંના ઉસ્તાદ હતા. સુથારી વર્ગ પણ ચાલતો હતો. વિદ્યાર્થીના સામાન્યજ્ઞાનમાં વધારો થાય તે માટે પુસ્તકાલય અને વાંચનાલય શરૂ કરેલાં. વાંચનાલયમાં દૈનિક છાપાં અને તે સમયનાં ઉત્તમ માસિકો આવતાં. વિદ્યાર્થીઓ રસપૂર્વક પુસ્તકાલય અને વાંચનાલયનો લાભ લેતા. પૂજ્ય બાપુભાઈની પ્રેરણાથી વિદ્યાર્થી-મંડળ શરૂ થયેલું, જેના ચૂંટાયેલા મંત્રી તરીકેની કામગીરી કરવાનો મને પણ મોકો મળેલો. હસ્તલિખિત માસિક અને હસ્તલિખિત અઠવાડિક પત્રિકા પણ પ્રસિદ્ધ થતી, જેમાં અમે વિદ્યાર્થીઓ લેખો લખતા. વિવિધ વિષયો ઉપર ચર્ચા-સભા, ડીબેટિંગ સોસાયટી પણ ચાલતી. પૂજ્ય બાપુભાઈ વિદ્યાલય સમય ઉપરાંત સાંજે ગીતાના ખાસ વર્ગો ચલાવતા. આ વર્ગના અભ્યાસના કારણે અમને વિદ્યાર્થીઓને સંસ્કૃતના વિષયમાં વિશેષ જ્ઞાન અને વિશેષ રસ પેદા થયેલાં. આને કારણે કેટલાક સંસ્કૃત સુભાષિતો / શ્લોકો અને ભર્તૃહરિના ચાર શતકોમાંથી નીતિશતક અને વૈરાગ્યશતકના બસો શ્લોકો મારા જેવા કેટલાય વિદ્યાર્થીઓએ મોઢે કરેલાં.

સને ૧૯૨૪થી સને ૧૯૩૦ના છ વર્ષના મારા સંસ્થાના વસવાટ દરમિયાન કેટલાક વિશિષ્ટ પ્રસંગો નિહાળવાનો લાભ અમને મળેલો. વડોદરાના મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડની સંસ્થાની મુલાકાત વખતે તેઓ રાજવી હોવા છતાં તેમના પ્રવચનમાં અમને રાષ્ટ્રના ચાહક એવા નેતાના અને રાષ્ટ્રીય શિક્ષક એવા રાજવીના દિલનાં દર્શન થયેલાં. વિદ્યાર્થીઓ સમક્ષ તેઓશ્રીએ કરેલા રાષ્ટ્રીય પ્રેરણાત્મક પ્રવચનની જાણ અંગ્રેજ રાજકર્તાઓ પાસે ન જાય તે માટે તેમના પ્રવચનની નોંધ નહિ લેવા છાપાંના ખબરપત્રીઓને તે વખતે તેમણે સૂચના આપેલી. પૂજ્ય મહાત્મા ગાંધીજીની સંસ્થાની મુલાકાત એ પણ સંસ્થા માટે અતિ મૂલ્યવાન પ્રસંગ હતો. સવારના ગાંધીજી સંસ્થાની મુલાકાતે આવ્યા અને સાંજે પાછા ગયા ત્યાં સુધી આશ્રમમાં આખો દિવસ આજુબાજુના ગામડાની પ્રજાના કારણે મેળા જેવો દેખાવ થયેલો. સંસ્થાના ચોગાનમાં એક વિરાટ સભા થઈ હતી અને તેમાં ગાંધીજીનું પ્રવચન સાંભળવાનો લાભ અમને સૌને મળ્યો હતો. વળી આ પહેલાં પણ ગાંધીજીના દર્શનનો લાભ એક વાર અમને મળેલો. આશ્રમમાંથી અમે પ્રવાસે ગયેલા ત્યારે સત્યાગ્રહ આશ્રમ સાબરમતીમાં પૂજ્ય ગાંધીજીની મુલાકાતનો લાભ અમને મળેલો તે વખતે અમારી સાથે ગાંધીજીએ થોડીક વાતચીત કરેલી તેમાં અમારામાંથી એક વિદ્યાર્થીએ વાતચીતમાં ‘‘ટાઇમ’’ શબ્દ વાપરેલો. આથી સંપૂર્ણ શુદ્ધ ગુજરાતી બોલવાના આગ્રહી બાપુએ અંગ્રેજી ‘‘ટાઇમ’’ શબ્દ ગુજરાતી વાતચીતમાં વપરાયો તે માટે ટકોર કરેલી જે કોઈ ભાષા બોલીએ તે સંપૂર્ણ શુદ્ધ બોલવી જોઈએ કાં તો સંપૂર્ણ શુદ્ધ અંગ્રેજી કે સંપૂર્ણ શુદ્ધ ગુજરાતી બોલવું જોઈએ. વળી આશ્રમમાં ગાંધીજીની મુલાકાત પહેલાં તેમના જ અંતેવાસી એવા ડૉ. શ્રી હરિપ્રસાદ વૃ. દેસાઈની મુલાકાતનો લાભ આશ્રમમાં અમને મળેલો અને તેઓશ્રીના આગ્રહના કારણે જ પૂજ્ય ગાંધીજી સંસ્થાની મુલાકાતે આવેલા. તે વખતના ગૂજરાત વિદ્યાપીઠના આચાર્ય શ્રી કાકાસાહેબ કાલેલકરના પ્રમુખપદે વિદ્યાર્થી સ્નેહસંમેલન પણ સંસ્થામાં યોજાયું હતું. આ સ્નેહસંમેલનની કાર્યવાહીની સંપૂર્ણ જવાબદારી અમે વિદ્યાર્થીઓએ જ ઉપાડેલી. આ માટે

સંસ્થાના ચોગાનમાં કલાત્મક મંડપ, બીજું સુશોભન મહેમાનોના ઉતારાની વ્યવસ્થા, ભોજન વગેરેની વ્યવસ્થાની જવાબદારી વિદ્યાર્થીઓએ જ ઉપાડેલી. આ દિવસે રાત્રે સુંદર મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવેલો જેમાં કાકાસાહેબે હાજરી આપેલી. આ કાર્યક્રમમાં કાકાસાહેબનું જ લખેલું ''બે કેરી'' નામનું નાટક અમે ભજવેલું. આ નાટકમાં મુખ્ય પાત્ર મેં જ ભજવેલું. તે વખતે કડવા પાટીદાર સમાજમાં સુધારાની પ્રચંડ ઝુંબેશ ચલાવનાર કડવા પાટીદાર પરિષદનું અધિવેશન પણ સંસ્થામાં મળ્યું હતું. તેમાં મહેમાન તરીકે દરબાર શ્રી ગોપાળદાસ દેસાઈનો લાભ અમને મળ્યો હતો.

સંસ્થામાંથી છૂટા થવા માટેનો પ્રસંગ મારે માટે અનેરો હતો. સને ૧૯૩૦ના માર્ચની તા. ૧૨મીએ પૂજ્ય ગાંધીજીએ સત્યાગ્રહ આશ્રમમાંથી દાંડી કૂચની યાત્રા આરંભી મહાભિનિષ્ક્રમણ કરેલું અને તે વખતે તેઓએ ભિષ્મ પ્રતિજ્ઞા કરેલી કે સ્વરાજ્ય લીધા સિવાય તેઓ આશ્રમમાં પાછા ફરશે નહિ. દાંડીયાત્રા પૂરી કરી દાંડીના દરિયાકાંઠે મીઠાનો સત્યાગ્રહ શરૂ કર્યો. આથી દેશભરમાં મીઠાનો સત્યાગ્રહ શરૂ થયો. આ વખતે અમે સંસ્થામાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓએ અમારા શિક્ષકોની જાણ બહાર અમદાવાદમાં કૉંગ્રેસ સમિતિની ઑફિસમાં ''સત્યાગ્રહી'' તરીકે નામ નોંધાવ્યાં. સંસ્થામાં રાષ્ટ્રીય વાતાવરણ હતું અને બધા શિક્ષકો તો તે રંગે રંગાયેલા હતા. છતાં સંસ્થાને વડોદરા રાજ્યની ગ્રાન્ટ મળતી હતી અને તેથી સંસ્થાને હાનિ ન થાય તે દૃષ્ટિથી શિક્ષકોની સત્યાગ્રહની લડત પ્રત્યે હાર્દિક સહાનુભૂતિ હોવા છતાં મર્યાદા તરીકે સત્યાગ્રહની લડતની સીધી દોરવણી કે ભાગ લેવામાંથી તેઓ તટસ્થવૃત્તિ રાખતા. અમારાં નામો સત્યાગ્રહીઓ તરીકે છાપામાં પ્રસિદ્ધ થતાં અને સત્યાગ્રહમાં જોડાવા માટે અમને અમદાવાદ કૉંગ્રેસ સમિતિ તરફથી આદેશ મળતાં આશ્રમમાં આ વાત જાહેર થઈ ગઈ. જીવનભર જે આદર્શ સંસ્થાના શિક્ષકોએ સેવ્યો અને તે મુજબ સંસ્થામાં આચરણ પણ કર્યું અને તેમના આવા જીવનમાંથી જ અમને આ પ્રેરણા મળેલી અને તેથી જ તે અમે સત્યાગ્રહમાં જોડાવા તત્પર થયેલા. આથી સંસ્થામાંથી વિદાય લેવાના છેલ્લા દિવસે અમને હાર્દિક અને ભવ્ય વિદાયમાન સંસ્થા તરફથી આપવામાં આવ્યું. આ વિદાય–સભામાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ, કાર્યકર્તાઓ અને શિક્ષકોએ હાજર રહી અમને શુભાશિષ આપેલી. વિદાય વખતે પૂજ્ય છગનભાએ અમને આશિષ આપેલી. અમે વિદ્યાર્થીઓ ઉપરાંત કડી શહેરના મળી કુલ નવ સત્યાગ્રહીઓ સત્યાગ્રહમાં જોડાતા હોવાથી નવનો આંકડો કેવો અખંડ અને શુભ છે તે નવનો ઘડીઓ વિદાય સભામાં બોલીને પૂજ્ય છગનભાએ સમજણ આપેલી. નવના આખા ઘડિયામાં જે આંક આવે છે તે તમામનો સરવાળો નવ જ થાય છે અને તેથી નવના અખંડ આંકડાનું મહત્ત્વ અમે નવેય જણ નવ અખંડ આંકડાની માફક અખંડ રહીને ભારત માતાની સેવા કરીએ તેવા આશિષ આપેલા. આ વખતે સત્યાગ્રહીઓ ઉપર અંગ્રેજી રાજ્ય તરફથી લાઠીચાર્જ, ઘોડા દોડાવવા, ગોળીબાર વગેરે જુલ્મ રોજ થતા અને આમાં કેટલાક શહીદ પણ થતા. આ વખતે અમારી વાર્ષિક પરીક્ષા નજીક આવી હોવા છતાં તેને તિલાંજલિ આપી જુલ્મનો ડર રાખ્યા સિવાય સત્યાગ્રહમાં અમે નાની ઉંમરે જોડાયા તેનો બધો યશ સંસ્થાના તે વખતના શિક્ષકોના ચારિત્રબળ, સંસ્થાનું અને રાષ્ટ્રનું વાતાવરણ હતું તેને આભારી છે. અમે સત્યાગ્રહીઓ તરીકે આશ્રમમાંથી વિદાય લીધી ત્યારે ગામના બીજા સત્યાગ્રહીઓ હોવાથી ગામમાં પણ મોટો વિદાય સમારંભ યોજાયો હતો. આ વિદાય સમારંભમાં પણ સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓ ઉપરાંત સમગ્ર કડી શહેરની પ્રજા હાજર હોય તેવી વિરાટ મેદની સભામાં થઈ હતી. વિદાય સમારંભનો શહેરનો કાર્યક્રમ પતાવતા અને શહેરમાંથી વિદાય લેતા જ લગભગ બપોરના અગિયાર વાગી ગયેલા, એટલે શહેરમાંથી વિદાય લઈને અમારો પ્રથમ પડાવ અને પ્રથમ ભોજન પાછું આશ્રમમાં જ ગોઠવાયેલું હતું. આશ્રમમાંથી બપોરનું ભોજન લઈ અમે સંસ્થામાંથી સત્યાગ્રહીઓ તરીકે વિદાય લીધી હતી અમે વિદ્યાર્થીઓ તરીકે જોડાયા હતા તેમાં મને ખ્યાલ છે ત્યાં સુધી શ્રી નરસિંહભાઈ ચેલદાસ-કોઈન્તિયા, શ્રી ગોવિંદભાઈ નથુભાઈ-સાણંદ, શ્રી ત્રિભોવનદાસ હીરદાસ-દેણપ (જેઓ હાલ સ્વર્ગવાસી છે) અને હું હતો, આ ઉપરાંત શહેરમાંથી જે સત્યાગ્રહીઓ જોડાયા હતા તેમાં શ્રી અંબાલાલ તુલસીદાસ પટેલ તથા તેમના કુટુંબી ભાઈ શ્રી છોટુભાઈ પટેલ, શ્રી કુબેરદાસ નાયક તથા તે વખતની કડીની મિલના માલિકના પુત્ર એવા શ્રી ગમાનભાઈ વગેરે હતા.

કડીની સંસ્થામાં રહેલા વિદ્યાર્થીઓનું જે ઘડતર થયેલું છે તેના કારણે તેમનું એક આગવું વ્યક્તિત્વ બંધાયું છે. જે નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોના પાઠ સંસ્થાના કાર્યકર્તાઓ અને શિક્ષકોનાં જીવન અને આચરણમાંથી વિદ્યાર્થીઓને શીખવા મળ્યા હતા તેના પરિણામે આજે સમાજમાં કોઈને કોઈ જવાબદારીભર્યા સ્થાનો તે વખતના વિદ્યાર્થીઓ આજે કાર્યકર્તાઓ તરીકે સંભાળી રહ્યા છે. આ યશ કડીની સંસ્થાના ફાળે જાય છે અને આજે પણ આ સંસ્થા સમાજને અને દેશને ઉત્તમ નાગરિકોની હારમાળા ભેટ આપી રહી છે.

**(સુવર્ણ જયંતી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયંતી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક. વર્ષ ૧, અંક ૨૬ તા. ૧૯-૩-૧૯૭૦, પૃ. ૩થી ૫માંથી સાભાર)**

# કૅલિફૉર્નિયા રાજ્યની શિક્ષણવ્યવસ્થા

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

કૅલિફૉર્નિયા રાજ્ય દ્વારા હાઈસ્કૂલના ધોરણ ૧૨ પછીની શિક્ષણ પદ્ધતિ પ્રજા, આજુબાજુનું વાતાવરણ અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને ત્રણ ભાગમાં વહેંચવામાં આવી છે. ધ્યાનમાં લેવા જેવી વાત તો તે છે કે દરેકે દરેક પદ્ધતિ અનોખી છે, કારણ વગર બેવડાતી નથી. પદ્ધતિનો પહેલો ભાગ કૉમ્યુનિટી કૉલેજોનો છે જે કૅલિફૉર્નિયાનો મોટો ભાગ આવરી લે છે આથી તેની સંખ્યા ૧૧૫ છે અને તેમાં ૨૧ લાખ સરેરાશ વિદ્યાર્થીઓ ભણે છે.

બીજો ભાગ કૅલિફૉર્નિયા સ્ટેટ યુનિવર્સિટીઓનો (CSU) છે. આ પણ પ્રમાણમાં વિશાળ છે અને તેના જુદાજુદા ૨૩ કૅમ્પસો છે, જેમાં ૪૮૪૩૦૦ વિદ્યાર્થીઓ, ૨૬,૮૫૮ અધ્યાપકો અને ૨૫૩૦૫નો સ્ટાફ છે. આ લખનાર કૅલિફૉર્નિયા સ્ટેટ યુનિવર્સિટીના હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી, આર્કેટા કૅમ્પસમાં ભણાવતો હતો. અહીં ચાર વર્ષનો બેચલરનો અભ્યાસક્રમ અને એકથી બે વર્ષનો માસ્ટરનો અભ્યાસક્રમ ભણાવાય છે. આ સ્ટેટ યુનિવર્સિટીઓમાં ભણાવવાનું ખૂબ જ અગત્યનું ગણાય છે અને પછી સંશોધન આવે.

ત્રીજો ભાગ યુનિવર્સિટી ઑફ કૅલિફૉર્નિયાનો (UC) છે. આના ૧૦ કૅમ્પસો છે જેમાં ૨,૮૦,૦૦૦ વિદ્યાર્થીઓ, ૨૨૭૦૦ અધ્યાપકો અને અન્ય સ્ટાફ છે. આ યુનિવર્સિટીઓ M.S. અને Ph.D.ના અભ્યાસક્રમ ઉપર વધારે ધ્યાન આપે છે. આ યુનિવર્સિટીઓનું ચલણ સંશોધન છે અને પછી ભણાવવાનું. દુનિયાની સારામાં સારી યુનિવર્સિટીઓમાં યુનિવર્સિટી ઑફ કૅલિફૉર્નિયા, બર્કલી, યુનિવર્સિટી ઑફ કૅલિફૉર્નિયા, લોસ એન્જેલસ અને યુનિવર્સિટી ઑફ કૅલિફૉર્નિયા, સાન ડિઆગો અચૂક હોવાની જ. હું યુનિવર્સિટી ઑફ કૅલિફૉર્નિયા, બર્કલીમાં ભણેલો.

### કૉમ્યુનિટી કૉલેજો

ફક્ત અને ફક્ત પાયાના વિષયો અને સરળતાથી જીવન નિભાવી શકાય તેના માટે જરૂરી આવડતના વિષયો ભણાવાય છે. કોઈ પણ હાઈસ્કૂલનો ગ્રેજ્યુએટ કૉમ્યુનિટી કૉલેજમાં ભણી શકે છે અને CSU અને UC કરતાં ઘણી ઓછી ફીમાં ભણાય છે. કૅલિફૉર્નિયાના કાયદેસરના રહીશ માટે ૧ ક્રેડિટના વિષયના $ ૪૬ છે. સામાન્ય રીતે કોઈ પણ વિષય માટે અઠવાડિયામાં જેટલી વખત મળતા હોય, તેટલી ક્રેડિટનો તે વિષય ગણાય. સામાન્ય રીતે ૩ કે ૪ ક્રેડિટનો વિષય ગણાય છે. વિદ્યાર્થીઓ સરેરાશ ૧૨ ક્રેડિટ લેતા હોઈને તેમની ફી $ ૫૫૨ થાય જે CSU અને UCની સરખામણીમાં ઘણી ઓછી છે. કૅલિફૉર્નિયા બહારના રહીશો માટે ૧ ક્રેડિટની ફી $ ૧૦૦ - ૪૦૦ હોય છે જે પ્રમાણમાં વધારે છે.

પાયાના વિષયોમાં ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, જીવશાસ્ત્ર, અંગ્રેજી અને બીજી ઘણી ભાષાઓ શીખવવામાં આવે છે. આ કૉમ્યુનિટી કૉલેજોમાં ભણેલા વિષયો CSU અને UC માન્ય રાખતી હોઈને ઘણા વિદ્યાર્થીઓ આ બધા વિષયો કૉમ્યુનિટી કૉલેજોમાં ભણે છે. તદ્ઉપરાંત આ કૉલેજોના વિદ્યાર્થીઓને CSU અને UC બે વર્ષના અભ્યાસ બાદ લેવા બંધાયેલા છે. આથી ઘણા વિદ્યાર્થીઓ કૉમ્યુનિટી કૉલેજોનો ભરપેટ ઉપયોગ કરે છે. બે વર્ષના અભ્યાસ પછી એસોસિયેટ્સની (Associates) ડિગ્રી મળે છે. તુરત જ નોકરી મળી જાય તેવા ભણાવાતા વિષયો, પગાર અને સમયનો ખ્યાલ આવે તે માટે નીચે દર્શાવ્યા છે.

(૧) Electrical and Power Systems Transmition ($ ૯૬૦૦૦ વાર્ષિક, બે વર્ષ)

(૨) ડૉક્ટરના મદદનીશ (Physician Assistant, $ ૯૫૭૦૦, બે વર્ષ)

(૩) રેડીએશન થિયરી ટેકનિશિયન (Radiation Theory Technician, $ ૯૧૩૦૦, બે વર્ષ)
(૪) દાંતના ડૉક્ટરના મદદનીશ (Dental Assistant, $ ૩૬૯૪૦, ચાર મહિના)
(૫) તબીબી સહાયક (Medical Assistant, $ ૩૧૫૦૦, ચાર મહિના)
(૬) Heating, Air Conditining and Refrigeration Mechanics and installer ($ ૪૫૦૦૦, છ મહિના)
(૭) સુથારી કામ (Carpentary, $ ૪૩૬૦૦, પાંચ મહિના)
(૮) ધંધાકીય ટ્રક ડ્રાઇવર (Commerical Truck Driver, $ ૩૧૩૪૦, ત્રણ મહિના)
(૯) વેલ્ડર (Welder, $ ૩૯૩૦૦, નવ મહિના)

આ ઉપરાંત જમીનો, મકાનો વગેરે વેચવાના real estate agent થવા માટેના વિષયો, ગાડીઓ Repair કરવા માટેના Mechanics, મકાનો બાંધનારાઓ માટેના વિષયો પણ આ કૉમ્યુનિટી કૉલેજોમાં ભણાવવામાં આવે છે.

કેલિફોર્નિયા પ્રમાણમાં મોટું રાજ્ય છે અને તેની કૉમ્યુનિટી કૉલેજો ગીચ વસ્તીવાળા ભાગથી માંડીને ઓછી વસ્તીવાળા ભાગમાં પણ છે તેનો ખ્યાલ આવે તે માટે જાણીતી કૉલેજોનાં નામ અને તે કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા કૌંસમાં આપી છે.

(૧) ડી આન્ઝા કૉલેજ (De Anza College, ૨૪૭૩૧)
(૨) ઑરેન્જ કોસ્ટ કૉલેજ (Orange Coast College, ૨૫૦૦૦)
(૩) ડિઆબ્લો વેલી કૉલેજ (Diablo Valley College, ૧૮૦૦૦)
(૪) ઓહલોન કૉલેજ (Ohlone College, ૧૮૦૦૦)
(૫) ઈર્વાઇન વેલી કૉલેજ (Irvine Valley College, ૧૪૩૮૪)
(૬) વેસ્ટ હિલ્સ કૉલેજ (West Hills College, ૪૦૦૦)
(૭) પાલો વીર્ડી કૉલેજ (Palo Verde College, ૩૮૯૮)

## કેલિફૉર્નિયા સ્ટેટ યુનિવર્સિટીઓ (CSU)

૧૯૬૦ પહેલાં કેલિફોર્નિયા સ્ટેટની યુનિવર્સિટીઓ જુદાજુદા નામે ઓળખાતી. ૧૯૬૦માં કેલિફોર્નિયા હાયર એડ્યુકેશન માટેનો માસ્ટર પ્લાન તૈયાર થયો જે ડોનેહો (Donahoe) કાયદા તરીકે ઓળખાય છે. આના કારણે CSUને ચલાવવા માટે ટ્રસ્ટીઓનું બોર્ડ મળ્યું અને બધા કૅમ્પસ ચલાવવા ચાન્સેલરની નિમણૂક કરી શકાય છે. આ ગવર્નિંગ બોર્ડના ૨૫ સભ્યો છે. આ સભ્યોમાં કેલિફોર્નિયા રાજ્યના ગવર્નર, લેફ્ટેનન્ટ ગવર્નર, એસેમ્બલીના સ્પીકર, CSUના ચાન્સેલર, કેલિફોર્નિયા રાજ્યના પબ્લિક ઇન્સ્ટ્રકશનના સુપ્રિટેન્ડન્ટ અને અધ્યાપકોના અને વિદ્યાર્થીઓના પ્રતિનિધિ પણ ખરા. બાકીના સભ્યો ગવર્નર નીમે છે.

કેલિફોર્નિયાની CSU સિસ્ટમ અમેરિકાની મોટામાં મોટી સિસ્ટમ છે. દર વર્ષે લગભગ લાખ વિદ્યાર્થીઓને જુદાજુદા વિષયોમાં બેચેલરની ડિગ્રીઓ આપે છે, જે અમેરિકામાં વધારેમાં વધારે બેચેલરની ડિગ્રીઓ આપનાર છે. આમાંના ઘણા બધા Ph.D, માટે જતા હોઈને, ઘણી બધી યુનિવર્સિટીઓ માટે મોટી ખાણ છે. CSU કેલિફોર્નિયામાં અપાતી બેચેલર ડિગ્રીઓના ૪૬ ટકા ભાગની ડિગ્રીઓ આપે છે, માસ્ટર ડિગ્રીના ૩૨ ટકા ભાગની ડિગ્રીઓ આપે છે. Ph.D.ની ડિગ્રીઓના ૨ ટકા ભાગની ડિગ્રીઓ આપે છે. CSU ખેતીવાડીની બેચેલર ડિગ્રીઓના ૬૨ ટકા ભાગની ડિગ્રીઓ આપે છે, તંદુરસ્તી અને મેડિસીનના ૪૪ ટકા, Buisnessની ૫૪ ટકા, Hospitality અને ટુરીઝમના ૬૪ ટકા, એન્જિનિયરિંગની ૪૬ ટકા અને અડધા કરતાં વધુ શિક્ષકો CSU કેલિફોર્નિયાને આપે છે. એન્જિનિયરિંગ માટે પ્રખ્યાત કૅમ્પસો California State Polytechnic University, San Luis obisro, California State Polytechnic

University, Pomona, San Jose State University, San Diego State Univsity અને Sacramento State Univesity છે.

CSUના દરેક કેમ્પસની ૨૦૧૯-૨૦૨૦ માટે વર્ષની ફી કાયદેસરના અન્ડરગ્રેજ્યુએટ વિદ્યાર્થી માટે $ ૫,૭૪૨ છે, જ્યારે કેલિફોર્નિયા બહારના વિદ્યાર્થીઓ માટે સેમિસ્ટરના ૧ unitના $ ૩૯૬ અને $ ૨૬૯ ક્વારટરના ૧ યુનિટના છે જે વર્ષના $ ૧૭૬૨૨ છે.

આ સિસ્ટમનો ખ્યાલ આવે તે માટે નીચેના ટેબલમાં કેમ્પસનું સ્થળ, સ્થાપના વર્ષ, કેટલી જમીન છે અને કેટલા વિદ્યાર્થીઓ છે તે પણ આપ્યું છે.

| કેમ્પસ | સ્થાપના વર્ષ | કેટલા એકર જમીન | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| સાન ઓન્ઝે (San Jose) | ૧૮૫૭ | ૧૫૪ | ૩૩૨૮૨ |
| ચિકો (Chico) | ૧૮૫૭ | ૧૧૯ | ૧૭૦૧૯ |
| સાન ડીઆગો | ૧૮૯૭ | ૨૮૩ | ૩૫૦૬૧ |
| સાન ફ્રાન્સિસ્કો | ૧૮૯૯ | ૧૪૧ | ૨૮૮૮૦ |
| સાન લુઈસ ઑબિસ્પો | ૧૯૦૧ | ૯૬૭૮ | ૨૧૨૪૨ |
| ફ્રેસ્નો (Frasno) | ૧૯૧૧ | ૧૩૯૯ | ૨૪૧૩૧ |
| હમ્બોલ્ટ (Humbolt) | ૧૯૧૩ | ૧૪૪ | ૮૩૪૭ |
| મેરિટાઇમ | ૧૯૨૯ | ૮૭ | ૯૧૧ |
| પોમોના (Pomona) | ૧૯૩૮ | ૧૪૩૮ | ૨૭૯૧૪ |
| લૉસ એન્જેલસ | ૧૯૪૭ | ૧૭૫ | ૨૬૩૬૧ |
| સાક્રામેન્ટો (Sacramento) | ૧૯૪૭ | ૩૦૦ | ૩૧૧૫૬ |
| લૉન્ગબીચ | ૧૯૪૯ | ૩૩૦ | ૩૮૦૭૪ |
| ફુલ્લરટન | ૧૯૫૭ | ૨૩૬ | ૩૯૮૬૮ |
| સ્ટેનિર્લાસ | ૧૯૫૭ | ૨૨૦ | ૧૦૬૧૪ |
| ઈસ્ટ બે | ૧૯૫૭ | ૩૪૧ | ૧૪૭૦૫ |
| નૉર્થ રિડ્ઝ (North Ridge) | ૧૯૫૮ | ૩૫૩ | ૩૮૩૯૧ |
| ડૉમિનગુઝ હિલ્સ | ૧૯૬૦ | ૩૪૬ | ૧૭૦૨૭ |
| સોનામા (Sonoma) | ૧૯૬૦ | ૨૬૯ | ૮૬૪૯ |
| સાન બર્નાર્ડિનો | ૧૯૬૫ | ૪૦૯ | ૨૦૩૧૧ |
| બેકર્સ ફિલ્ડ | ૧૯૬૫ | ૩૭૫ | ૧૧૧૯૯ |
| સાન માર્કોસ | ૧૯૮૯ | ૩૦૪ | ૧૪૫૧૯ |
| મોન્ટરે બે | ૧૯૯૪ | ૧૩૬૫ | ૭૧૨૩ |
| ચેનલ આઈલેન્ડસ | ૨૦૦૨ | ૧૫૯૩ | ૭૦૯૩ |

હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી આર્કેટા જે છેક ઉત્તર કેલિફોર્નિયામાં છે, ઑરેગનની બોર્ડરથી નીચે ૫૦૦ માઈલ આવેલું છે. આર્કેટાની ત્રણ બાજુએ રેડવુડનાં જંગલો આવેલાં છે અને એક બાજુએ પેસિફિક મહાસાગર આવેલો છે. આના કારણે હમ્બોલ્ટ ઓશનોગ્રાફી, ફૉરેસ્ટ્રી, વાઈલ્ડ લાઇફ વગેરે માટે અમેરિકામાં ખૂબ જ જાણીતું કેમ્પસ છે. આર્કેટાને કોઈએ રેડવુડ જંગલોવાળી હજારો એકર જમીનની ભેટ આપેલી. આ જંગલોવાળી ટેકરીઓ અને તેમાં કિલોમીટરના કિલો મીટર વાળી પગદંડીઓ માટે આર્કેટા જાણીતું છે અને આવા જંગલો અને પેસિફિક

મહાસાગરના વચ્ચે હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી આવેલી છે. આ હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટીમાં આ લખનારે ૧૯૬૯થી ૨૦૦૫ સુધી ભણાવ્યું છે.

## યુનિવર્સિટી ઑફ કૅલિફોર્નિયા, બર્કલી

સાન ફ્રાન્સિસ્કોની સામે આવેલા ઓકલૅન્ડમાં (Oakland) ૧૦ અધ્યાપકો અને ૪૦ વિદ્યાર્થીઓથી યુનિવર્સિટી ઑફ કૅલિફોર્નિયાની શરૂઆત થયેલી. ઓકલૅન્ડની ઉત્તરમાં કૉલેજ ઑફ કૅલિફોર્નિયા માટે જમીન ખરીદાઈ અને આ કૉલેજના ટ્રસ્ટી ફ્રેડરિક એચ. બિલ્લિન્ગસે (Frederick H. Billings) આ નવા કેમ્પસનું નામ એન્ગ્લો – આયરિશ (Anglo-Irish) તત્ત્વજ્ઞાની જ્યૉર્જ બર્કલીના નામ ઉપરથી બર્કલી નામ સૂચવ્યું. આ જ્યૉર્જ બર્કલીએ એકલા હાથે ગણિતશાસ્ત્રીઓને સીધા રાખેલા. કલનગણિતમાં વિકલન મેળવવા ગણિતશાસ્ત્રીઓ વિરોધાભાષી દલીલો કરીને સાચો જવાબ મેળવતા. બર્કલી એકલા હાથે આનો સખત વિરોધ કરતા. આખરે સો વર્ષે લક્ષ અને લક્ષની વ્યાખ્યા $\varepsilon$ અને $\delta$ સ્વરૂપે ફક્ત અને ફક્ત બર્કલીના કારણે આવી. આના કારણે કલનગણિતના ઘણા પ્રશ્નો ઉકલ્યા. કૉલેજ ઑફ કૅલિફોર્નિયા અને કૅલિફોર્નિયા રાજ્યની ખેતીવાડી, ખાણ અને Mechancial Arts College ભેગા થઈને યુનિવર્સિટી ઑફ કૅલિફોર્નિયા બની, જે ૧૮૬૯માં કૉલેજ ઑફ કૅલિફોર્નિયાના ઓકલૅન્ડના મકાનમાં શરૂ થઈ હતી.

૧૯૯૧માં વિલિયમ રેન્ડોલ્ફ હર્સ્ટનાં (Hearst) માતાએ ઘણું મોટું દાન કરેલું (હાલના સાન ફ્રાન્સિસ્કો ક્રોનિકલના સ્થાપક) અને આમાંથી હર્સ્ટ માઈનીંગનું મકાન બંધાયેલું. ૧૮૯૭માં લેવી સ્ટ્રૉસે પણ મોટું દાન આપેલું. સાક્રામેન્ટોની નજીક "Univesity Farm" બનાવેલું જે UC, Daris બન્યું. ૧૯૧૯માં લૉસ એન્જેલસની કૅલિફોર્નિયા સ્ટેટની Normal School, University of California, Berkaleyની દક્ષિણ કૅલિફોર્નિયાની શાખા બની અને આખરે University of California, Los Angeles બની.

ભારતની સ્વતંત્રતામાં પણ ૧૯૧૦માં બર્કલીએ ભાગ ભજવેલો. બર્કલીમાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ ગ઼દર પાર્ટી (Gadar Party) સ્થાપેલી અને Hindustan Gadar છાપું પ્રસિદ્ધ કરતા. બ્રિટિશરો કશું જ કરી શકતા નહિ.

હાલમાં બર્કલી કૅમ્પસ વિશાળ જગ્યામાં પથરાયેલું છે. આશરે ૧૨૩૨ એકરમાં પ્રસરેલું છે. ટેકરીઓનો વિસ્તાર છે, જેની નીચેનો કૅમ્પસનો મુખ્ય ભાગ ૧૭૮ એકરનો છે.

અમેરિકાની યુનિવર્સિટીઓનું ઊંચામાં ઊંચું અને ભવ્ય ટાવર ૯૪ મીટર (૩૦૭ ફૂટ) ઊંચું સાથર ટાવર (Sather Tower) બર્કલીના કૅમ્પસ ઉપર છે.

જૂના અને નવા અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સંશોધનકારો પૈકી ૧૦૭ નોબેલ પ્રાઇઝ, ૨૫ ટ્યુરીંગ ઇનામ અને ૧૪ ફિલ્ડ ઇનામ (દર ચાર વર્ષે અપાતું ગણિતનું) જીતનારા છે. ૧૯ વુલ્ફ ઇનામ (ઇઝરાઇલનું), ૪૫ મેક આર્થર ફેલોશિપ, ૨૦ એકેડમી ઇનામો, ૧૯ પુલિત્ઝર (Pulitzer) ઇનામો (સાહિત્યના લેખકો) અને ૨૦૭ ઑલમ્પિકના ઇનામો જીતનારા છે.

૧૯૩૦માં અર્નેસ્ટ લૉરેન્સે (Earnest Lawrence) બર્કલીમાં સાઇક્લોટ્રોન (Cyclotron) શોધી કાઢ્યો જેના આધારે બર્કલીના સંશોધકો અને બર્કલી લેબના સ્ટાફે પિરિઓડિક (Periodic Table) ટેબલનાં ૧૬ રસાયણિક તત્ત્વો (Chemical elements) જેવાં કે પ્લુટોનિયમ (Plotonium), ક્યુરિયમ (Curium), અમેરિકન (American), બર્કેલિયમ (Berkelium), કેલિફૉર્નિયમ (Californium), આઇન્સ્ટાઇનમ (Eisteinium), ફર્મિયમ (Farmium) વગેરે શોધી કાઢ્યા જે દુનિયાની કોઈ યુનિવર્સિટી કરી શકી નથી.

૧૯૪૦માં બર્કલીના ભૌતિકશાસ્ત્રના જાણીતા અધ્યાપક જે. આર. ઓપનહાયમર (J. R. Oppenheimer) એટમબૉમ્બ બનાવવાના મેનહટ્ટન (Menhatten) પ્રોજેક્ટના વડા બન્યા.

ઘણી બધી શોધોમાં ફ્લુ વેક્સિન (Flu Vaccine), હાઈડ્રોજન બૉમ્બ, મોલેક્યુલર ક્લૉક (Molecular

Clock), વિટામિન E, ઓનકોજીન (Oncogene), કેન્સર માટે જવાબદાર જીન, ઊંડા દરિયામાં ભૂસકો મારવો (Deep Sea diving), પોલિગ્રાફ વગેરે છે.

૧૯૬૦માં બર્કલીના વિદ્યાર્થીઓ ફ્રી સ્પીચ (Free Speech) ચળવળ માટે અને વિએટનામની લડાઈની વિરુદ્ધની ચળવળ માટે જાણીતા બન્યા. જ્યારે આજના બર્કલીના વિદ્યાર્થીઓ રાજકીય રીતે ઓછા રૂઢિચુસ્ત અને પ્રમાણમાં શાંત છે.

બર્કલી ફક્ત નોબેલ ઇનામો માટે જાણીતું નથી, દુનિયાભરમાં જાણીતી કંપનીઓના અબજોપતિ સ્થાપકો માટે પણ એટલું જ જાણીતું છે

AIG-૧૯૧૯ કૉર્નિલિયસ વેન્ડર સ્ટેર (Cornelius Vender Starr)

Apple - ૧૯૭૬ સ્ટીવ વોન્ઝનીક (Steve Wozinick (BS), Co-founder)

Gap Inc - ૧૯૬૯ ડોનાલ્ડ ફિશર (Donald Fisher (BS), Co-founder)

Intel - ગોર્ડન મોર (Gordon Moore (BS) અને એન્ડી ગ્રોવ (Andy Grove (Ph.D))

Morgan Stanley - ૧૯૨૪ ડીન. જી. વિટર (BA) (as Dean Witter & Co.)

Marvil Technology Group - ૧૯૯૫ સહ સ્થાપક સીહેટ સુટાર્ડઝ (Sehat Sutardaja (MS, Ph.D) અને વીલિડિ (Weilidi)

Renaissance Technology - ૧૯૮૨ સ્થાપક જેમ્સ સિમન્સ (James Simons (Ph.D))

San Disk - ૧૯૮૮ સહ સ્થાપક સંજય મેહરોત્રા (Sanjay Mehrotra (MS))

Sun Microsystems - ૧૯૮૨ સહ સ્થાપક બિલ્લ જોય (Bill Joy (MS))

Tesla - ૨૦૦૩ માર્ક ટેર્પેનિંગ સહસ્થાપક (Mark Tarpenning (BS))

કેલિફોર્નિયા સ્ટેટ બર્કલીને શરૂઆતનાં વર્ષોમાં ખર્ચનો મોટો ભાગ આપતું, પણ જેમ જેમ વર્ષો ગયાં તેમ તેમ કેલિફોર્નિયા સ્ટેટનો ટેકો ઓછો થતો ગયો. ૧૯૮૭માં સ્ટેટે બર્કલીના બજેટના ૫૪ ટકા આપેલા, જ્યારે આજે સ્ટેટ ઘણો ઓછો ભાગ આપે છે. આથી બહારની મદદની ઘણી જરૂર પડે. આ ખર્ચને પહોંચી વળવા જૂના વિદ્યાર્થીઓ ઘણું બધું દાન આપે છે. ખ્યાલ આવે તે માટે હાલના વર્ષોનો દાનનો થોડોક ભાગ નીચે આપ્યો છે.

ગોર્ડન મોરે (BS, ૧૯૫૦) $ ૧૧૦૦ લાખ. છેલ્લા વીસ વર્ષ દરમિયાન આપ્યા છે. તેઓ ઇન્ટેલના સ્થાપક છે.

ફ્લોરા હેવલેટે (Flora Hewlett, BS ૧૯૩૮) વર્ષ ૨૦૦૦થી અત્યાર સુધીમાં $ ૧૫૦૦ લાખ આપ્યા છે. Hewlett - Packard (HP) શરૂ કરનારા અને તે કંપનીના મોટા ભાગના શેરો તેમના છે.

જેઈમ્સ હેરિસ સિમન્સે (James Harris Simons, $ Ph.D ૧૯૬૧) ૧૧૦૦ લાખ સિમન્સ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના માટે આપ્યા છે.

આ ઉપરાંત ૨૦૦૮થી ૨૦૧૩ સુધીમાં અન્ય દાતાશ્રીઓ પાસેથી $ ૩૧૫૦ લાખ યુનિવર્સિટીએ ભેગા કર્યા. યુનિવર્સિટી તેના ચાહકો, મિત્રો, કૉર્પોરેશન પાસેથી પણ ઘણા પૈસા ભેગા કરે છે.

યુનિવર્સિટીઓને જેમ જેમ રાજ્યનો ટેકો ઓછો થશે, તેમ તેમ બહારના ટેકા ઉપર ખૂબ જ આધાર રાખવો પડશે.

૧૯૮૨માં બર્કલીના ત્રણ ગણિતશાસ્ત્રીઓ સિન્ગ-શેન ચર્ન (Shiing - Shen Chern), કેલ્વિન મોર (Calvin Moore) અને ઈસાડોર એમ. સિન્ગર (Isadore M. Singer)ના પ્રયત્નોથી અને નૅશનલ સાયન્સ ફાઉન્ડેશનના ટેકાથી The Mathematic Sciences Research Instituteની (MSRI) સ્થાપના થઈ. હાલમાં Berkeley Hillsમાં આવેલી આ સંસ્થામાં દુનિયાભરના હજારો ગણિતશાસ્ત્રીઓ સંશોધન માટે આવે છે. આ ૮૦૦ એકર ઉપર ઇન્સ્ટિટ્યૂટ પથરાયેલું છે. બાકી રહેલી જમીનમાં U.S. સરકારની એનર્જી વિભાગની ત્રણ

પ્રયોગશાળાઓ લૉરેન્સ બર્કલી નૅશનલ લેબોરેટરી, લૉરેન્સ લિવર લિવરમોર નૅશનલ લેબોરેટરી અને લૉસ આલમોસ નૅશનલ લેબોરેટરી છે. આ ઉપરાંત સ્પેસ સાયન્સિસ લેબોરેટરી પણ છે.

૨૬ સભ્યોનું રીજન્ટ્સનું બોર્ડ આ સંસ્થા ચલાવે છે અને તેમાંથી ૧૮ જણની નિમણૂક ૧૨ વર્ષ માટે કેલિફોર્નિયાના ગવર્નર કરે છે. કેલિફોર્નિયાના ગવર્નર, લેફ્ટેનન્ટ ગવર્નર, સ્પીકર, U.C.ના પ્રેસિડન્ટ, U.C. Berkeleyના ચાન્સેલર, પબ્લિક ઇન્સ્ટ્રકશનના સુપરિટેન્ડેન્ટ અને એક વિદ્યાર્થી આ બોર્ડનો સભ્ય છે.

૩૧૩૪૮ અન્ડરગ્રેજ્યુએટ અને ૧૧૮૫૬ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ છે. UC કૅમ્પસની ફી $ ૧૨,૫૭૦ ભરવાની હોય છે અને બીજી વધારાની ફી થઈને લગભગ $ ૧૪,૦૦૦ ફીના થાય. જો તમે કૅલિફોર્નિયાના કાયદેસરના નાગરિક ન હોય, તો આ ઉપરાંત બીજી વધારાની કૅલિફોર્નિયા બહારના માટેની વધારાની ફી $ ૨૮૯૯૨ ભરવાની હોય છે. જ્યારે આ લખનાર બર્કલીમાં ભણતો ત્યારે કોઈ કોઈ વખત આ ફી ભરી છે. તે વખતે ખૂબ જ અઘરું લાગતું. કઈ રીતે પૈસા બચાવ્યા અને ભર્યા તેની હાલમાં ખબર નથી. પણ જીવી ગયા !! આ લખનારે ફરિયાદ કરવાનું કોઈ કારણ નથી, કારણ કે આ લખનારનાં બાળકો, તેમનાં બાળકો, ભાણાઓ, અને તેમનાં બાળકો અને તેમના સંબંધીઓનાં બાળકોએ કેલિફોર્નિયાના રહીશ તરીકે ફી ભરી છે, જે ખાસ મોટી ન ગણાય. અને દુનિયામાં સારામાં સારી યુનિવર્સિટીઓમાં ભણ્યા છે.

## યુનિવર્સિટી ઑફ કૅલિફોર્નિયા

યુનિવર્સિટી ઑફ કૅલિફોર્નિયા, બર્કલી કૅમ્પસથી જુદા થઈને ૧૯૫૨માં સ્વતંત્ર યુનિવર્સિટી ઑફ કૅલિફોર્નિયા (UC) બન્યું, હાલમાં UCના ૧૦ કૅમ્પસો છે અને દરેક કૅમ્પસના ચાન્સેલરો પણ જુદા છે. નીચેના ટેબલમાં કૅમ્પસનું સ્થળ, સ્થાપનાનું વર્ષ, વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યા અને અધ્યાપકોનો ખ્યાલ આવે તે માટે તેમના જૂના અને નવા વિદ્યાર્થીઓ, જૂના અને નવા અધ્યાપકો, સ્ટાફ અને યુનિવર્સિટી સાથે ૧૯૦૧ પછી જોડાયેલા સભ્યોએ મેળવેલા નોબેલ ઇનામોની સંખ્યા પણ આપી છે.

| કૅમ્પસ | સ્થાપનાનું વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા | નોબેલ ઇનામ મેળવનારની સંખ્યા |
|---|---|---|---|
| બર્કલી | ૧૮૬૦ | ૪૦૧૭૩ | ૧૦૭ |
| ડેવિસ | ૧૯૦૫ | ૩૭૩૦૭ | ૩ |
| ઈર્વાઇન | ૧૯૬૦ | ૩૩૪૬૭ | ૭ |
| લૉસ એન્જેલસ | ૧૯૦૯ | ૪૪૯૪૭ | ૨૪ |
| મર્સીડ | ૨૦૦૫ | ૭૩૩૬ | ૦ |
| રિવરસાઇડ | ૧૯૫૪ | ૨૨૯૯૦ | ૩ |
| સાન ડીઆગો | ૧૯૬૦ | ૩૫૮૧૬ | ૨૭ |
| સાન ફ્રાન્સિસ્કો(મેડિકલ સ્કૂલ) | ૧૮૬૪ | ૪૮૫૭ (ગ્રેજ્યુએટ) | ૯ |
| સાન્તા બાર્બરા | ૧૯૬૫ | ૨૪૩૪૬ | ૯૪ |
| સાન્તા ક્રુઝ | ૧૯૬૫ | ૧૮૭૮૩ | ૦ |

(આ લેખ ગૂગલના વિકિપેડિયા ‘Wikipedia’ના આધારે લખાયો છે.)

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

**‘સ્વરાજ’, ઉવારસદ રોડ, નરસિંહજી મંદિર પાસે, મુ. પો. શેરથા,**

**તા. જિ. ગાંધીનગર મો. ૯૪૨૮૦૧૯૦૪૨**

# ઈતર વાચનમાં વિવેકની જરૂર

તુલસીભાઈ પટેલ

વડીલોની એક સામાન્ય ફરિયાદ છે કે આજકાલનાં યુવક-યુવતીઓનું વાચન ઘટી ગયું છે. વાત સાવ સાચી છે. આજે ટીવી, કમ્પ્યૂટર, ઈ-મેઈલ વગેરે ઇલેક્ટ્રોનિક મીડિયાનો પ્રભાવ એટલો બધો છે કે એની આગળ પ્રિન્ટ મીડિયાનો જાણે કોઈ ક્લાસ નથી !

પુસ્તકો વાંચવાનું સદંતર બંધ થયું છે, એવું પણ નથી. આ અગાઉ જેટલાં ચોપાનિયાં, મેગેઝિનો કે પુસ્તકો પ્રગટ થતાં હતાં એના કરતાં આજે ઘણાં વધારે પ્રગટ થઈ રહ્યાં છે. સમજી શકાય એવી વાત છે કે જો માગ ન હોય તો ઉત્પાદન કેવી રીતે થાય ? પરંતુ કયા પ્રકારનાં ચોપાનિયાં કે પુસ્તકો પ્રગટ થાય છે, ને વધુ વંચાય છે, એ વિશે વિચાર કરવાની જરૂર છે.

ગુજરાતીમાં જ્ઞાનકોશના સંપાદનનું ભગીરથ કામ કરનાર શ્રી ધીરુભાઈ ઠાકર લખે છે : ''એમ કહેવાય છે કે બંગાળી અને મરાઠી પ્રજાને મુકાબલે ગુજરાતી પ્રજાની સાહિત્ય અભિરુચિ ઓછી છે. સાહિત્યિક ગુણવત્તાવાળાં પુસ્તકો કે સામયિકો ખરીદવાનો રસ સરેરાશ ગુજરાતીને ઓછો હોય છે. જોકે સસ્તું મનોરંજન પૂરું પાડતાં પુસ્તકો કે સામયિકો પાછળ તે ખર્ચ કરે છે. પરિણામે સત્ત્વહીન સાહિત્યનું ઉત્પાદન વધતું જાય છે. આ પરિસ્થિતિની વિપરીત અસર સમગ્ર પ્રજાની સંસ્કારિતા પર પડે છે.''

સસ્તુ મનોરંજન પૂરું પાડનાર સાહિત્ય વધારે વંચાય છે. એ ખરેખર ચિંતાનો વિષય છે. એનો અર્થ એ છે કે જે સાહિત્ય વંચાવવું જોઈએ તે નથી વંચાતું. એથી ઊલટું, જે ન વાંચવું જોઈએ, એ વધારે વંચાય છે. જીવનનું ઘડતર કરનાર સત્ત્વશીલ સાહિત્ય વાંચવું જોઈએ. વાસનાને ઉત્તેજિત કરનાર સાહિત્ય વાંચવું જોઈએ નહિ. ઉત્તમ સાહિત્ય વિશે કોઈએ લાક્ષણિક વ્યાખ્યા આપી છે કે, 'ઉત્તમ સાહિત્ય એ છે કે જેનાં વખાણ બધા કરે છે, પરંતુ જેને ભાગ્યે જ કોઈ વાંચે છે.' ગુજરાતીની શ્રેષ્ઠ નવલકથા 'સરસ્વતીચંદ્ર'નાં આપણે સૌ વખાણ તો કરીએ છીએ, પરંતુ એને વાંચનાર કેટલા ?

આપણે જાણીએ છીએ કે હલકું સાહિત્ય ચારિત્ર્યને હાનિ પહોંચાડે છે. અર્થાત્ એનું વાચન એ ખોટનો ધંધો છે. ખોટનો ધંધો કરવા કરતાં ધંધો ન કરવો સારો. નુકસાનથી તો બચી શકાય ! હિન્દીમાં વીસમી સદીના આરંભમાં વાસના-ઉત્તેજક હલકી નવલકથાઓ વિપુલ પ્રમાણમાં પ્રગટ થતી હતી. યુવાન-યુવતીઓના ચારિત્ર્યનું પતન કરનારી આવી નવલકથાઓ વિશે જાણીતા વિદ્વાન બનાસીદાસ ચતુર્વેદીએ પોતાની ચિંતા પ્રગટ કરતાં ઉગ્ર શબ્દોમાં લખ્યું હતું કે : **मैं अपने युवान भाई बहनों को शराब पीनेकी इजाजत दे सकता हूं, लेकिन वासना-उत्तेजक उपन्यास पढने की इजाजत नहीं दे सकता ।** અર્થાત્ હલકું સાહિત્ય શરાબ કરતાં પણ વધારે નુકસાન કરે છે. શરાબ તો કેવળ શારીરિક નુકસાન કરે છે, પરંતુ હલકું સાહિત્ય શારીરિક અને નૈતિક એમ બંને પ્રકારનું નુકસાન કરે છે.

આપણે ખાસ કરીને કિશોર અને યુવાન પેઢીની વાચન-રુચિ વિશે વિચાર કરવો જોઈએ. આ અવસ્થા એ એવી મુગ્ધાવસ્થા છે કે સંસ્કાર ઘડતર માટે એનું જેટલું મહત્ત્વ સમજીએ તેટલું ઓછું છે. આ અવસ્થામાં એ જે જુએ છે, સાંભળે છે, વાંચે છે, વિચારે છે એની ભાવિ-ઘડતર પર ગાઢ અસર પડે છે. વ્યક્તિત્વ-ઘડતરમાં વાચન અગત્યનો ભાગ ભજવે છે. ઉત્તમ અને સાત્ત્વિક સાહિત્ય વાંચવાનું ઘટી ગયું એને પરિણામે 'સંસ્કૃતિ', 'અભ્યાસ' જેવાં ઉત્તમ સામયિકો બંધ થયાં. 'અખંડ આનંદ', 'કુમાર' જેવાં સત્ત્વશીલ સામિયક બબ્બેવાર બંધ થયાં, પણ આખરે શરૂ થયાં એ આપણાં સદ્નસીબ ગણાય.

યુવાન-યુવતીઓ ખાસ વાંચતાં નથી, અને વાંચે છે તો હલકું સાહિત્ય વાંચે છે, આ દુઃખદ હકીકત છે, તો આપણે શું કરવું ઘટે ?

વાચન વિશે યુવાન ભાઈ-બહેનોને માર્ગદર્શન આપવાની ખાસ જરૂર છે. સદ્સાહિત્ય અને અસદ્ સાહિત્ય વચ્ચેનો ભેદ સમજાવવાની આવશ્યકતા છે. અહીં સંક્ષેપમાં એના વિશે વિચાર કરીએ.

સાહિત્યના અનેક પ્રકાર છે. કિશોર અને યુવાનોના ઘડતર માટે કયા પ્રકારનું સાહિત્ય વિશેષ ઉપયોગી છે, એની સ્પષ્ટ સમજ વિદ્યાર્થી ભાઈ-બહેનોને આપવી જોઈએ. ચારિત્ર્ય-ઘડતર માટે મહત્ત્વના ક્રમે આ સાહિત્ય પ્રકાર ઉપયોગી છે. (૧) આત્મકથાના વાચનથી વિદ્યાર્થીઓને પ્રેરણા મળી શકશે. ગાંધીજીની 'સત્યના પ્રયોગો' આત્મકથાએ કેટકેટલાં યુવકોને પ્રેરણા આપી છે ! નાનાભાઈ ભટ્ટની 'ઘડતર અને ચણતર' સ્વામી સચ્ચિદાનંદજીની 'મારા અનુભવો' વગેરે આત્મકથા વાંચીને યુવાન ભાઈ-બહેનો મૂલ્યવાન પ્રેરણા-પીયૂષ પ્રાપ્ત કરી શકે છે. (૨) બીજા ક્રમે જીવનચરિત્રો આવે. મહાન પુરુષોનાં જીવન-ચરિત્રો ચારિત્ર્ય-ઘડતર માટે અત્યંત ઉપયોગી ગણાય. મુગ્ધ વિદ્યાર્થીઓ આદર્શોનાં સમણાં સેવતા હોય છે. ચારિત્રકથાઓમાં એમને Roll Model પ્રેરણામૂર્તિનાં દર્શન થાય છે, ને પોતે એવા થવા પ્રેરાય છે. પસંદ કરેલાં ઉત્તમ જીવનચરિત્રો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાં ઘટે. (૩) ત્રીજા ક્રમે પ્રવાસ–વર્ણનો અને સાહસકથાઓ આવી શકે. ગુજરાતીનું પ્રવાસ-સાહિત્ય એકંદરે સમૃદ્ધ છે. કાકાસાહેબ કાલેલકર, સ્વામી સચ્ચિદાનંદજી, ભોળાભાઈ પટેલ, પ્રીતિસેન ગુપ્તા વગેરેએ ઉત્તમ પ્રવાસવર્ણનનાં પુસ્તકો આપણને આપ્યાં છે. આપણાં યુવાન-યુવતીઓએ એનું સેવન કરવું જોઈએ અને વિશાળ સૃષ્ટિના અનુપમ સૌંદર્યનો પરિચય મેળવવો જોઈએ. પર્યાવરણ એટલે શું ? એનો ખ્યાલ એનાથી આવી શકશે. (૪) વૈજ્ઞાનિક અભિગમ વિકસે એવાં પુસ્તકો અને સામયિકો ખાસ વાંચવાં ઘટે. 'કુમાર', 'નવનીત-સમર્પણ', 'અખંડ આનંદ', 'ભૂમિપુત્ર', 'નયા માર્ગ', 'અચલા', 'નિરીક્ષક', 'પરખ', 'શબ્દસૃષ્ટિ', 'તાદશ્ય' જેવાં શિષ્ટ સાહિત્યનાં સામયિકો વાંચવાં ઘટે.

નવલકથા, નવલિકા, કવિતા, નાટક, એકાંકી વાંચવાનો ઇન્કાર નથી, પરંતુ એને પ્રાયોરિટી- પ્રાથમિકતા ન આપી શકાય. નવલકથામાં ઘણી વાર પ્રેમના નામે શૃંગાર અને અશ્લીલ ચિત્રણ વધારે જોવામાં આવે છે. એટલે એમાં વિવેક કરવો ખૂબ જરૂરી છે. ક્લાસિકલ (પ્રશિષ્ટ) કૃતિઓનું સેવન કરવામાં વાંધો ન હોઈ શકે, બલકે જીવનને ઊંડાણથી પામવા માટે અને શુદ્ધ સૌંદર્યના અનુભવ માટે એનું અનુશીલન આવશ્યક ગણાય. ગો. મા. ત્રિપાઠી, મુનશી, મેઘાણી, પન્નાલાલ, ઉમાશંકર, સુંદરમ્, રાજેન્દ્ર શાહ, ધૂમકેતુ વગેરેની પ્રશિષ્ટ લલિતકૃતિઓ પણ ઉપકારક ગણાય.

વિદ્યાર્થીઓ સામે ઉત્તમ અને સાત્ત્વિક સાહિત્ય રજૂ કરવામાં આવે તો તેઓ એના પ્રત્યે અભિમુખ થઈ શકે. 'આ ન વાંચશો.' એવું નકારાત્મક વલણ ધરાવવાને બદલે ''આ વાંચો'' એવું સકારાત્મક વલણ વિશેષ ઉપયોગી થઈ શકે. શિક્ષકોએ, વિશેષ કરીને ભાષા અને સાહિત્યના શિક્ષકોએ વિદ્યાર્થીઓને સાચું માર્ગદર્શન આપવું જોઈએ. શાળાના જનરલ પુસ્તકાલયમાં તથા વર્ગ પુસ્તકાલયમાં પ્રેરણાદાયી સત્ત્વશીલ સાહિત્ય વસાવવું ઘટે. વિદ્યાર્થીઓને પુસ્તકાલયમાં લઈ જઈને ઉત્તમ સાહિત્યના સંપર્કમાં મૂકવા જોઈએ. વર્ગ પુસ્તકાલય પણ જરૂરી ગણાય.

સપ્તાહમાં એક પિરિયડ પુસ્તક આપ-લે માટે રાખી શકાય. અઠવાડિયા બે અઠવાડિયાંમાં વિદ્યાર્થી એકાદ સાત્ત્વિક પુસ્તક વાંચે તો મહિને બે-ત્રણ અને વરસે પચીસ-ત્રીસ ઉત્તમ પુસ્તકોનો સહવાસ માણી શકે, જે એના ભાવિજીવનનું અમૂલ્ય ભાથું બની રહેશે.

ઉત્તમ પુસ્તકોની સંખ્યા મર્યાદિત હોવાની. ઉમાશંકર જોશી કહે છે : ''બહુ થોડા અનુભવે જ મેં એક શોધ કરી દે દુનિયાના ઉત્તમ ગ્રંથો બહુ નથી. એક-બે કબાટમાં સમાઈ જાય. સંસારશાળામાં બેસીને જેમ-જેમ જીવનનો મહાગ્રંથ ઉકેલવાની ટેવ વધતી જાય છે, તેમ તેમ ગમે તેવાં પુસ્તકો પણ કૈંક ફિક્કાં લાગવા માંડે છે.''

વ્યક્તિત્વ-ઘડતર અને સ્વશિક્ષણ માટે પુસ્તકથી ઉત્તમ વસ્તુ બીજી કોઈ નથી. વિખ્યાત ચિંતક અને ઇતિહાસકાર આર્નોલ્ડ ટોયન્બી કહે છે : ''વિદ્યાર્થી જ્યારે કોઈ પુસ્તકભંડારમાં પ્રવેશ કરે છે, ત્યારે તે સ્વશિક્ષણનું જબરું કામ કરે છે. ત્યાં અવનવાં પુસ્તકો નિરાંતે જોવાથી એ પોતાની મેળે સાહિત્યની સૃષ્ટિમાં વિહરતાં શીખે છે. આપમેળે પોતાનો માર્ગ શોધવો અને પછી રસ્તો કરતાં જવું, એ કેળવણીનું મોટું કામ છે.''

કિશોરો, યુવક-યુવતીઓના વ્યક્તિત્વ-નિર્માણમાં પુસ્તકો અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે, પરંતુ શું વાંચવું, ન વાંચવું એ વિશેનો વિવેક પણ ખૂબ જરૂરી છે. આ દિશામાં વાલીઓ, ખાસ કરીને શિક્ષકો જાગ્રત પ્રયાસ કરે એ અત્યંત આવશ્યક છે.

**૧, ઉદયનગર સોસાયટી,**
**પ્રશાંત સિનેમા રોડ, મહેસાણા-૨**
**મો. ૯૮૯૮૦૮૯૬૩૩**

# નાગરિકતા સુધાર અધિનિયમ-૨૦૧૯

ડૉ. કમલેશ જોશીપુરા

નાગરિકતા (સુધાર) અધિનિયમ-૨૦૧૯ની વ્યાપક ચર્ચા સર્વત્ર ચાલી રહી છે અને દેશનાં ઘણાંબધાં રાજ્યોમાં ક્યાંક હિંસા કે આગજનીની સ્થિતિ પણ જોવા મળી. કમનસીબે અમુક નેતૃત્વએ હેતુપૂર્વક નૅશનલ રજિસ્ટર ફૉર સિટિઝનશિપ (એન.આર.સી.) સાથે જોડી દીધેલ છે, અને તેને કારણે ભારત દેશમાં રહેલા નાગરિકોના એક વર્ગ સમૂહમાં દહેશત ફેલાયેલ છે અને આવી દહેશત હેતુપૂર્વક ઊભી કરાયેલ છે તે સૌના ધ્યાન ઉપર આવી ગયેલ છે.

આમ પ્રજાજનને સ્વાભાવિક જ પ્રશ્ન થાય કે નાગરિકતાના સંદર્ભમાં સંસદમાં આ પ્રકારનો ઠરાવ લાવવાની કયા પ્રકારની ઉપયોગિતા હતી અને શા માટે સંસદમાં જ લાવવામાં આવેલ છે તે બાબત માટે ભારતીય બંધારણ ઉપર દષ્ટિપાત કરવાની આવશ્યકતા છે. ભારતીય બંધારણમાં નાગરિકતા સંદર્ભે ભારતીય બંધારણના અનુચ્છેદ – ૫થી ૧૧માં જોગવાઈ કરવામાં આવી છે જેમાં નાગરિકતાના વિવિધ આયામો, નિયમાવલી ઘડવામાં આવેલી છે એટલું જ નહીં પરંતુ નાગરિકતાનો સમગ્ર વિષય સંસદના પરિક્ષેત્રમાં સોંપવામાં આવ્યો છે અને માટે આઝાદી પછીના સમયમાં ભારતીય સંસદે નાગરિકતા કાનૂન ૧૯૫૫ ઘડી કાઢેલ છે અને વર્તમાન સમયમાં આથી નાગરિકતા (સંશોધન) એટલે કે સુધારો ૨૦૧૯ લાવવામાં આવેલ છે.

ઐતિહાસિક દષ્ટિથી જોવા જઈએ તો પાકિસ્તાનમાં ભાગલા બાદ નિવાસ કરતી લઘુમતીના સંદર્ભમાં ભારતીય બંધારણ અસ્તિત્વમાં આવ્યા પહેલાં જ આ પ્રકારની જોગવાઈ હોવી જોઈએ તેની વ્યાપક ચર્ચા થયેલી જોવા મળે છે અને બંધારણની રચના સંદર્ભના અને તેની વિષદ અને વ્યાપક પૂર્વ ચર્ચા માટે પ્રકાશિત થયેલા ૧થી ૬ જેટલા ગ્રંથોમાં દષ્ટિપાત કરીએ તો, બંધારણ સભા સમક્ષ એક ખૂબ જ મોટી વિડંબના અને અસમંજસભરી પરિસ્થિતિ ઊભી થયેલી અને તેનું કારણ ભારત-પાકિસ્તાનના ભાગલા બાદના થોડા સમય માટે થયેલા રક્તપાત અને હિંસાના સમયગાળામાં ભારતમાંથી પાકિસ્તાન તરફ અને પાકિસ્તાનમાંથી ભારત તરફ સતત અવર-જવરની સ્થિતિ જોવા મળતી હતી અને તે પૂર્વે પણ અવિભાજિત પાકિસ્તાનમાંથી શરણાર્થીઓના સતત પ્રવાહને કારણે નાગરિકતાનું વિષયવસ્તુ અને સંહિતાકરણ લગભગ અશક્ય જેવી સ્થિતિમાં હતું અને ડૉ. બાબાસાહેબ આંબેડકર અને અન્ય બંધારણ સભાના સભ્યોએ તે સમયે જ હિન્દુ અને શીખ સમુદાય માટે નૈસર્ગિક માતૃભૂમિનો ખ્યાલ સુલેખિત કરવા માટે આગ્રહ રાખ્યો હતો, પરંતુ પંડિત નહેરુએ આ બાબત સ્વીકારી નહીં અને તેમની પાસે રહેલા વણલખ્યા વિટો જેવી સત્તાનો ઉપયોગ કરી આ બાબત રોકાવી દીધી હતી.

આપણે ચર્ચા કરી તે મુજબ, બંધારણના અનુચ્છેદ – ૫થી ૧૧ પૈકી અનુચ્છેદ ૧૧માં પાર્ટ-૨ બહુ સ્પષ્ટ રીતે દેશની સંસદને નાગરિકતા સંદર્ભેનું સમગ્ર માળખું એટલે કે ફ્રેમ વર્ક ઘડવા માટે સત્તા આપી છે અને તે જ કારણોસર નાગરિકતાનો કાયદો-૧૯૫૫ના કાયદા અંતર્ગત નાગરિકતા મેળવવા માટે પાંચ આધારો સુનિશ્ચિત કરાયેલ છે. પ્રથમ એટલે જન્મ, બીજું એટલે વંશપરંપરાથી, ત્રણ એટલે નૈસર્ગિક નિવાસ, ચાર એટલે નાગરિકતા માટેની પૂર્વ શરતો સાથેની નોંધણી અને ભારત તરફથી અન્ય કોઈ દેશનો ભૂ-ભાગ સંમિલ્લિત કરવામાં આવે તો ત્યાંના નાગરિકોને સ્વાભાવિક રીતે જ ભારતના નાગરિક ગણવામાં આવશે. તેનું ઉદાહરણ એટલે સિક્કિમ.

તાજેતરમાં જે સુધારો લાવવામાં આવ્યો છે તે શું છે તે દરેક ભારતીય નાગરિકે જાણવું ખૂબ જ જરૂરી છે અને આ કાયદો કોઈ પણ રીતે ભારતના લોકો માટે છે જ નહીં, આ કાયદો માત્ર ને માત્ર પાકિસ્તાન, બંગલાદેશ અને અફઘાનિસ્તાનના લઘુમતી સમુદાય માટે જ છે, આ કાયદો એટલે કે ૧૯૫૫ના નાગરિકતા કાનૂન ક્લોઝ-૨ સુધારવામાં આવેલ છે અને તે મુજબ અફઘાનિસ્તાન, બંગલાદેશ કે પાકિસ્તાનમાં વસી રહેલ હિંદુ, શીખ, જૈન, બુદ્ધિસ્ટ, પારસી કે ખ્રિસ્તી સમુદાયના નાગરિકો જે આ ત્રણેય દેશોમાં લઘુમતી સમુદાય તરીકે સ્થાન ધરાવે છે તે ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ પહેલા અત્રે આવી ગયેલ હોય અને નિવાસ કરતા હોય તેઓને ક્લોઝ-સી સબસેકશન-૨ અને કલમ-૩ અંતર્ગત ૧૯૨૦ના (ભારતપ્રવેશ) પાસપોર્ટ એક્ટ તેમજ ૧૯૪૬ના વિદેશી નાગરિકધારામાંથી મુક્તિ આપવામાં આવે છે તેનો અર્થ કે તેઓને ગેરકાયદેસર રીતે સ્થળાંતરિત નાગરિક તરીકે ગણવામાં

નહિ આવે.

આ ઉપરાંત કલમ-૩માં ૬ (બી) ઉમેરવામાં આવી છે અને જે અંતર્ગત ક્લોઝ-૨ની શરતો પૂરી કરે તે સૌને તેઓ જ્યારે પ્રવેશેલા હોય તે તારીખથી ભારતીય નાગરિક ગણવામાં આવશે. આ ઉપરાંત નવી સેકશન-૬ (બી) (૪) કે જે સુધારેલ કાયદો છે તે આસામ, મેઘાલય, ત્રિપુરા, મિઝોરમ કે જે ભારતીય બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં નિર્દેશિત રાજ્યો છે તેને લાગુ પડશે નહીં અને તેનો આધાર બંગાલ ઇસ્ટર્ન ફ્રન્ટિયર રેગ્યુલેશન કાનૂન – ૧૮૭૩ કે જે ઇનરલાઇન પરમિટ માટે જોગવાઈ ધરાવે છે તે રાજ્યોને આ કાયદો લાગુ પડશે નહીં.

કલમ-૬ અંતર્ગત નિર્દેશિત ધર્મ સમુદાય અને ઉલ્લેખિત દેશોના નાગરિકોને માટે નૈસર્ગિક અધિવાસની શરત અગિયાર વર્ષની હતી તે પાંચ વર્ષની કરવામાં આવી. સમગ્ર રીતે જોતાં આ કાયદો માત્ર અને માત્ર ત્રણ દેશોમાં વસતી લઘુમતીઓને નાગરિકતાનો અધિકાર આપવા અર્થે જ છે તેમાં ભારતના વર્તમાન વિદ્યમાન નાગરિકોના સંદર્ભમાં કોઈ જ ઉલ્લેખ કે ચર્ચા કરવામાં આવી નથી.

આ કાયદાની વર્તમાનમાં કેવી રીતે આવશ્યકતા ઊભી થઈ તે જાણવા માટે ઇતિહાસ ઉપર દષ્ટિપાત કરવો જરૂરી બનશે. વાસ્તવમાં બંધારણ સભાના વિદ્વાન સભ્યો ઠાકુરદાસ ભાર્ગવ, સરદાર ભૂપિન્દ્રસિંહ, પ્રો. સીબનલાલ સક્સેના જેવા કાનૂની નિષ્ણાતોએ ૧૧ અને ૧૨ ઑગસ્ટ, ૧૯૪૯માં બંધારણ સભા સમક્ષ ખાસ આ મુદ્દો ઉઠાવી અને ૧૯૪૭ના ભાગલાના અનુભવના આધારે હિન્દુ અને શીખને બંધારણના માધ્યમથી જ અધિકાર આપવા હિમાયત કરેલી હતી, પરંતુ કમનસીબે ત્યારે આ શક્ય ન બન્યું. પછીથી ૮ એપ્રિલ-૧૯૫૦ના રોજ દિલ્હીમાં ભારતના પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નહેરુ અને પાકિસ્તાનના પ્રધાનમંત્રી લિયાકત અલીખાન વચ્ચે ફૂબ જ સુવિખ્યાત ''નહેરુ લિયાકત પેકટ''ની ઐતિહાસિક સમજૂતી થઈ. તેનું આમુખ વાંચતાં બંને દેશો પોતપોતાના દેશોમાં વસતા લઘુમતી નાગરિકોના તમામ પ્રકારના હક્કોની સમાનતા માટે સહમતી સાધે છે તેમજ સાથોસાથ બંને દેશો લઘુમતીઓના અધિકારોની પૂરી રક્ષા કરશે તેવી લેખિત સહમતી થઈ. આ સહમતી દરમિયાન પંડિત નેહરુએ લઘુમતીના અધિકારોને ભારતીય બંધારણમાં જ સ્થાન આપવામાં આવ્યું છે ત્યારે પાકિસ્તાન પણ આપે તેવી હિમાયત કરી હતી. તે સમયે પાકિસ્તાની પ્રધાનમંત્રીએ આ બાબત બંધારણ સભાના માધ્યમથી અમલમાં લાવવાની ખાતરી આપેલ, ભારતે સંપૂર્ણ વ્યવસ્થા કરી અને બંધારણમાં સ્થાન આપ્યું પરંતુ પાકિસ્તાનમાં અમલ થયો નહીં, એટલું જ નહીં પરંતુ એક રસપ્રદ બાબતનો ઉલ્લેખ કરવો જરૂરી લાગે છે. ભારતના પ્રથમ કાયદામંત્રી શ્રી આંબેડકર હતા તે જ પ્રકારે પાકિસ્તાનના પ્રથમ કાયદા મંત્રી પણ જોગેન્દ્રનાથ મંડલ હતા – શ્રી જોગેન્દ્રનાથ મંડલે પાકિસ્તાનના હિન્દુઓ જેમાં સવિશેષ રીતે દલિતોની સંખ્યા હતી તેની ઉપર થઈ રહેલા જુલમના વિરોધમાં આઠમી ઑક્ટોબરે ૧૯૫૦માં રાજીનામું આપ્યું અને તેઓ પણ પશ્ચિમ બંગાળમાં શરણાર્થી તરીકે પરત આવ્યા.

એ હકીકતનો કોઈ ઇન્કાર કરી શકે તેમ છે નહીં કે, પાકિસ્તાન અને બંગલાદેશમાં લઘુમતીઓની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે અને વસ્તી પણ ઘટી રહી છે. ૧૯૪૧માં ૭૯.૨ ટકા મુસ્લિમો હતા અને હિંદુ ૧૩.૫ ટકા, શીખ ૫.૨ ટકા અને ક્રિશ્ચિયન ૧.૫ ટકા હતા તેની સામે ૨૦૧૫માં અનુક્રમે મુસ્લિમ ૯૬.૨૮ ટકા, હિન્દુ ૧.૬૦ ટકા, ક્રિશ્ચિયન ૧.૧૦ ટકાની વસતી આજે વિદ્યમાન છે. આ ઉપરાંત બંગલાદેશમાં ૧૯૫૧માં ૭૭ ટકા મુસ્લિમ અને ૨૨ ટકા હિન્દુ હતા અને સામે ૨૦૧૧માં હિન્દુઓની વસતી ૮.૫ ટકા અને મુસ્લિમોની વસતી ૯૦-૮ ટકા છે. – રોજબરોજ લઘુમતીઓ સાથે અસમાન વ્યવહાર થાય છે તે બાબતો પાકિસ્તાનના મુસ્લિમ માનવ અધિકાર ચળવળકારો પણ વારંવાર જણાવે છે, આ સ્થિતિમાં ભારતમાં સવિશેષ રીતે દક્ષિણ દિલ્હી તેમજ અન્ય સરહદી વિસ્તારોમાં લોંગ ટર્મ વિઝા હેઠળ અથવા તો ભારતમાં આવવા માટેના વિઝાની મુદત પૂરી થઈ ગયા એટલે કે મુદત વિત્યા બાદ પણ શરણાર્થીઓ દયાજનક રીતે ઝૂંપડપટ્ટીઓમાં વસી રહેલ છે અને આ શરણાર્થીઓના પરિવારનાં બાળકો નાગરિકતા સંદર્ભેના આધારના અભાવે શાળાપ્રવેશ માટે પણ મુશ્કેલી અનુભવી રહેલ છે, અલબત્ત, આ માટે તત્કાલીન વિદેશ પ્રધાન સ્વ.શ્રીમતી સુષ્મા સ્વરાજે ખૂબ જ કાળજી લઈ અને શાળા પ્રવેશ માટે આવશ્યક કાર્યવાહી હાથ ધરી હતી, જેને કારણે ઘણાંબધાં બાળકોને તેનો લાભ મળ્યો છે.

આપણા સૌ માટે અત્યંત આદરણીય અને પૂજ્ય મહાત્મા ગાંધીએ ૧૬ તથા ૨૧ જુલાઈ ૧૯૪૭માં સ્પષ્ટ રીતે આ પ્રકારના કાયદાની આવશ્યકતા પર ભાર મૂકેલ છે, શ્રી મહાત્મા ગાંધીએ આ દેશોમાં પરેશાન થઈ રહેલ નાગરિકો જો ભારત આવવા ઇચ્છે તો આપણે બે હાથ ખુલ્લા રાખી મોકળા મને પ્રેમપૂર્વક આ આપણા બાંધવોને આવકારવા જોઈએ તેમ ખૂબ જ સ્પષ્ટ રીતે જણાવેલ.

વાસ્તવમાં આજે જે રાજકીય પક્ષો આ કાયદાનો વિરોધ કરી રહેલ છે અને આંદોલનની આગેવાની લઈ રહેલ છે તે પક્ષોના જ નેતૃત્વે અને ખુદ આજે આગેવાની લઈ રહેલાઓએ ૧૯૫૦થી લઈ અને ૨૦૧૮ સુધી કેવી-કેવી રીતે આ પ્રકારના કાયદાની હિમાયત કરી રહેલ છે

તેમજ તે માટે કેટલી લડત ચડાવેલ છે અને કેટલાં આંદોલન કરેલ છે તે જાણીને આશ્ચર્યમાં પડ્યા વગર રહી શકાય તેમ નથી.

પંડિત જવાહરલાલ નેહરુએ ૫મી નવેમ્બરના રોજ આ પ્રકારના કાયદાનો વિચાર કરવા માટે અને તુરંત જ સંસદ સમક્ષ મૂકવા માટે સંસદમાં વચન આપેલ, આ પછીથી જ તેમ જ મૂળ ગુજરાતી તત્કાલીન ગૃહમંત્રી શ્રી ગુલઝારીલાલ નંદાએ પાંચમી માર્ચ ૧૯૬૪ના રોજ રાજ્યસભામાં આ પ્રકારના બિલની ખાતરી આપેલ, સી.પી.એમ.ના આદરણીય નેતા ભૂપેન ગુપ્તાએ સંસદમાં દાયકાઓ સુધી આ સવાલો ઉઠાવેલ અને સી.પી.એમ.ની અમૃતસર કૉન્ફરન્સ ૧૯૫૮ તેમજ કોઝીકોડ કૉન્ફરન્સ ૪થી ૯ એપ્રિલ - ૨૦૧૨માં તથા સી. પી. એમ. નેતા વાસુદેવ આચાર્યે ૨૦૧૨માં અને હાલમાં રોજબરોજનું આંદોલન કરી રહેલા શ્રી પ્રકાશ કરાટે, ૨૨ મે, ૨૦૧૨માં મનમોહનસિંઘ સમક્ષ આ પ્રકારના બિલની આવશ્યકતા માટે ઉગ્ર માંગણી કરેલી અને તાજેતરમાં ૨૦૧૬માં સંસદમાં પૂર્વ પ્રધાનમંત્રીશ્રી મનમોહન સિંઘે પણ સંસદમાં સ્પષ્ટ રીતે આ દેશોમાં વસતી લઘુમતી માટે નાગરિકતા અધિનિયમની જોગવાઈ પર ભાર મૂકેલ. ખુદ મમતા બેનર્જીએ હિન્દુ જ્ઞાતિ સમુદાય મતુઆ કોમ્યુનિટી માટે (જે હિંદુ છે મુસ્લિમ નથી) પોતાના ચૂંટણી ઢંઢેરામાં વચન આપેલ અને આ બિલ રજૂ થવાને કારણે જેઓને નાગરિકતા મળનાર હતી તે મતુઆ સમુદાય તૃણમુલ કૉંગ્રેસના આ બિલના વિરોધ કરવાના વલણથી સખત નારાજ થયો અને ૧૦૨ વર્ષના તેના બીના પાની દેવીએ મમતાને પત્ર લખી આ બિલને ટેકો આપવા પણ અપીલ કરી. એટલું જ નહીં વિધિની વક્રતા એ છે કે જેમણે દાયકાઓ પછી સુપ્રીમ કૉર્ટમાં કાળો કોટ ચડાવીને સી. એ. એ. સામે ફાઇલ કરેલ છે તેવા શ્રી તરુણ ગોગાઈએ ભૂતકાળમાં એટલે કે ૨૦૧૨માં પણ તત્કાલીન પ્રધાનમંત્રી મનમોહનસિંઘ સમક્ષ હિન્દુઓને નાગરિકતા આપવા પ્રતિનિધિમંડળ સાથે ખાસ માંગણી કરેલી. આમ સમગ્ર રીતે આજે જે પક્ષો વિરોધ કરી રહેલ છે તે પક્ષો ૧૯૪૯ની સાલથી આ પ્રકારના કાયદાની આવશ્યકતા માટેની માંગણી સતત કરતા આવી રહેલા છે ત્યારે વર્તમાનમાં શા માટે વિરોધ કરી રહેલ છે તે સમજાતું નથી.

આશ્ચર્યજનક રીતે ગુજરાતમાં એ વિષયની ખૂબ જ ઓછા લોકોને ખબર છે કે ગુજરાત અને રાજસ્થાનમાં એન.ડી.એ.ની સરકારે ૨૦૦૩ની સાલમાં જ ગુજરાત તથા રાજસ્થાન સરકારોને આવા નાગરિકોને નાગરિકતા આપવા સત્તા આપી દીધી છે અને કાયદા મુજબ જે જે જિલ્લા કલેક્ટરોને આવી સત્તા છે, ત્યારે રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રી અશોક ગહેલોત આ કાયદાનો અમલ નહીં કરવામાં આવે તેવી જે જાહેરાત કરેલ છે તેનાથી ખૂબ જ આશ્ચર્ય થાય છે, કારણ કે ૨૦૦૩થી રાજસ્થાનમાં અનેકને આ પ્રકારે નાગરિકતા અપાયેલ છે.

આ બિલ રજૂ કરતી વખતે વિપક્ષો દ્વારા ૪૯ જેટલા સુધારાઓ સંસદના ગૃહોમાં સૂચવવામાં આવ્યા. દરેક ઉપર વિષદ ચર્ચા થઈ અને મતદાન પણ થયું. સમગ્ર રીતે સંસદમાં આ કાયદાની ખૂબ જ તંદુરસ્ત ચર્ચા થઈ તેના માટે લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલા અને રાજ્યસભાના સભાપતિ શ્રી વૈંકેયા નાયડુ ખાસ અભિનંદનને પાત્ર છે અને મુદ્દાસર જવાબ આપી ગૃહમંત્રીશ્રી અમિત શાહે પોતાની કાબેલિયતના દર્શન કરાવેલાં છે.

આ કાયદાને કયા આધારે પડકારવામાં આવે છે ? તેના ઉપર નજર નાખીએ તો ખાસ કરીને ભારતીય બંધારણના અનુચ્છેદ-૧૪ કે જે સમાનતાની ખાતરી આપે છે તેના ભંગ સમાન આ કાયદો છે તેવી દલીલ કરવામાં આવે છે, પરંતુ બંધારણમાં વાજબી વર્ગીકરણની પણ જોગવાઈ છે. અહીં બે પ્રકારે વાજબી વર્ગીકરણ કરવામાં આવ્યું છે. એક એટલે ત્રણેય દેશોમાં ઇસ્લામ ધર્મ રાજ્યનો ધર્મ છે એટલે કે સ્ટેટ રિલિજિયન છે અને સ્વાભાવિક જ ઇસ્લામ ધર્મ પાળતા લોકો આ દેશોમાં લઘુમતીમાં નથી તેથી પ્રથમ વર્ગીકરણ ધાર્મિક લઘુમતીના આધાર ઉપર છે જે સંપૂર્ણપણે વાજબી વર્ગીકરણની વ્યાખ્યામાં આવે છે અને બીજું એટલે આજુબાજુના દેશોમાં આ ત્રણ દેશો જ સ્ટેટ રિલિજિયન ધરાવે છે અને તેનો જ નાતો નજીકના ભૂતકાળમાં અવિભાજ્ય રીતે ભારત સાથે હતો તેથી બીજું વર્ગીકરણ ત્રણ દેશોના સંદર્ભમાં છે. સંસદે પસાર કરેલ આ કાયદા સામે સર્વોચ્ચ અદાલતમાં અનેક રીટ પિટિશન થયેલી છે, પરંતુ પ્રથમ દૃષ્ટિથી સર્વોચ્ચ અદાલતે મનાઈ હુકમ આપેલ નથી તે વાત ભૂલવા જેવી નથી.

સમગ્રપણે આ કાયદાના સંદર્ભમાં સમજદાર લોકો દ્વારા કેટલીક ગેરસમજ ફેલાવવામાં આવે છે તેના ગુણ-દોષમાં ઊતર્યા વગર કાયદાના સંદર્ભે લોકશિક્ષણ અનિવાર્ય છે.

**પ્રો. ડૉ. કમલેશ જોશીપુરા**
પૂર્વ કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને
આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર ચેરમેન, લિગલ રિસર્ચ
ફાઉન્ડેશન ઑફ ઇંડિયા
e-mail: kpjoshipura@gmail.com

# જુરાસિક યુગનાં પ્રાણીઓ

**પ્રિ. (ડૉ.) એમ. આઈ. પટેલ**

પરમતત્ત્વની વૈશ્વિક ચેતના દ્વારા સમગ્ર બ્રહ્માંડનું સર્જન બ્રહ્મ વિસ્ફોટ (બિગબૅંગ થિયરી) દ્વારા થયું. આ ઘટના અંદાજે ૧૩.૭ અબજ વર્ષ પહેલાં થઈ હોવી જોઈએ (?) અબજો તારા, ગ્રહો, ઉલ્કાઓ તેમ જ મંદાકિનીઓનું અવતરણ કલ્પનાતિત કલ્પના છે. છાંદોગ્ય ઉપનિષદના મતે આ બધા જ અવકાશી પિંડો અંતરિક્ષમાંથી ઉત્પન્ન થયા છે. જેમ્સ જીન્સના મતે સૂર્યની ઉત્પત્તિ આજથી પથી ૬ અબજ વર્ષ પહેલાં થઈ છે. પૃથ્વીનું અવતરણ આશરે ૪-૬ અબજ વર્ષ પહેલાં થયાનું અનુમાન છે. જર્મન વૈજ્ઞાનિક આલ્ફ્રેડ વિજિનર (૧૯૧૨) નોંધે છે કે પૃથ્વી ઉપર અત્યારે જોવા મળતા પાંચ ખંડો તેના જન્મ વખતે ન હતા. તે એક જ ભૂ-ટુકડો (Mono) હતો. તેને પિન્જીઆ કહ્યો છે. પિન્જીઆનો અર્થ જ થાય છે 'આખી પૃથ્વી'. તેની ફરતે પાંથાલસ્સાના નામથી ઓળખાતો મહાસાગર હતો.

પરિવર્તન જ સનાતન છે (Change is universal) આ ન્યાયે આજથી આશરે વીસ કરોડ વર્ષ પહેલાં પેન્જીઆના ટુકડા થયાની શરૂઆત થઈ. ત્યારે જુરાસિક યુગ હતો. શરૂઆતમાં પેન્જીઆ બે ટુકડાઓમાં વહેંચાયો (૧) લાઉટેશિયા (૨) ગોન્ડવાના. અત્યારે ઓળખાતા ઉત્તર અમેરિકા, યુરોપ અને એશિયાનો મોટો ભાગ લાઉટેશિયા ખંડમાં હતો, જ્યારે દક્ષિણ અમેરિકા, આફ્રિકા, ભારત, ઑસ્ટ્રેલિયા અને એન્ટાર્ટિકા ગોન્ડવાન લૅન્ડના ભાગ હતા. આ બંને ભૂમિ ખંડો વચ્ચે પાંથાલાસ્સા મહાસાગરનો અખાત હતો જે ટેથીસ નામથી ઓળખાવાયો છે. જ્યાંથી હિમાલય જન્મ્યો. સમય જતાં ગોન્ડવાના લૅન્ડના ત્રણ ખંડો થયા. સાડા ચાર કરોડ વર્ષ પહેલાં ઉત્તર અમેરિકા અને યુરોપ જુદા પડ્યા. આ હતો ભૂપૃષ્ઠનો ઇતિહાસ.

પૃથ્વી ઉપરનું જીવસર્જન ચોક્કસ ક્રમમાં થતું રહ્યું. દૈહિક આયોજનો બદલી બદલીને સજીવો સર્જાતા રહ્યા અને લુપ્ત પણ થતા રહ્યા. આ ઘટનાઓ અશ્મિઓના અભ્યાસથી જાણવા મળી. પૃથ્વીના સમગ્ર કાલખંડનું સમયપત્રક બનાવાયું છે. આ ભૂસ્તરીય સમયપત્રકમાં જીવકલ્પ, યુગ અને પેટાયુગ પાડવામાં આવ્યા છે. જેમ આપણે વર્ષને પેટા સમયમાં વહેંચ્યું છે. જીવસૃષ્ટિની ઉત્ક્રાંતિ અને ભૂસ્તરીય રચનાના સમન્વયને કેન્દ્રમાં રાખીને ઈ. સ. ૧૭૬૦માં જીઓવન્ની અર્ડુઈના એ આવું સમયપત્રક પ્રથમ પ્રગટ કરેલું. ત્યાર પછી તેમાં ફેરફારો કરી આધુનિક સમયપત્રક રચવામાં આવ્યું. આ સમયપત્રક એટલા સારુ જાણવું જરૂરી છે કે કયા યુગમાં કયાં પ્રાણીઓ, વનસ્પતિઓ અસ્તિત્વમાં આવ્યાં. આધુનિક ભૂસ્તરીય સમયપત્રક પ્રમાણે પૃથ્વીના કાલખંડ ને મુખ્યત્વે ૭ કલ્પ (era)માં વહેંચેલો છે. જેમાં શરૂઆતના જીવકલ્પને પ્રાથમિક જીવકલ્પ કહ્યો છે. આ કલ્પ ૧૬ મિલિયન વર્ષ (મિ.વ.) પહેલાં શરૂ થયેલો બતાવાયો છે, ત્યારે એક કોષી જીવ બનવા માંડ્યા હતા. તે પછી આદિ જીવકલ્પને હિમાચ્છાદિત કાળ ગણાવાયો છે. તે સમયે નીચલી કોટીનાં પ્રાણીઓનું અવતરણ થયું. ખરેખર તો 'જીવનાં પારણાં' તરીકે પ્રાચીન જીવકલ્પને ગણાવાયો છે. આ સમયનાં અશ્મિલો મળે છે. આ કલાને સાત યુગોમાં વહેંચ્યો છે, તે પછીના સમયને મધ્યજીવકલ્પ (મેસોઝોઇક ઈરા) કહ્યો છે, જેના એક યુગને જુરાસિક યુગ બતાવાયો છે. જે ચર્ચાનો વિષય છે. આ જીવકલ્પનું હવામાન સૂકું હતું. ગરમ પણ ખરું, જે સ્થળચરોને માફક હતું. ભૂપટ માફક આવતાં જમીન પર પેટે ઘસડાઈને ચાલતા સરીસૃપ આ કલ્પમાં અસ્તિત્વ ધરાવતાં હતાં. ડાયનોસોરસ જેવા સરીસૃપો (પેટે ઘસડાઈને ચાલતાં) આ જીવકલ્પમાં પેદા થયા તેથી આ જીવકલ્પને સરીસૃપોનો (Age of Reptiles) ગણાવાયો છે. આ જીવકલ્પ (era)ના ત્રણ યુગો પાડ્યા છે. જેમાંનો શરૂઆતનો યુગ ટ્રાયેસિક છે જે આશરે ૨૩૦ મિલિયન વર્ષ પહેલાનો સમય છે. તે પછી જ્યુરાસિક યુગ આવ્યો. તેની શરૂઆત ૧૮૦ મિલિયન વર્ષ પહેલાંની બતાવાઈ છે. છેલ્લો યુગ ક્રિટેસિઅસ હતો. આપણે આ પૈકી જ્યુરાસિક યુગને સમજવાનો છે. મધ્યજીવ કલ્પ પછી અભિનવ જીવકલ્પ આવ્યો જેને 'સસ્તનોનો યુગ' કહ્યો છે. આ યુગ દરમિયાન પક્ષીઓ પણ સારી રીતે પ્રસરણ પામ્યાં હતાં. વિકસ્યાં પણ હતાં. છેલ્લા જીવકલ્પને માનસિક અવધિ યુગ કહ્યો છે. માનવ ઉત્ક્રાંતિ આ જીવકલ્પમાં થઈ હોવાથી આ અવધિને 'માનવયુગ' પણ કહ્યો છે. આ અવધિ છેલ્લા ૧૦,૦૦૦ વર્ષથી ચાલુ છે.

આપણે પ્રસ્તુત લેખ અનુસાર જ્યુરાસિક યુગમાં ડોકિયું કરીએ. આ યુગ ૧૩૫થી ૧૮૧ મિલિયન વર્ષ પહેલાંનો છે. ફ્રાન્સ અને સ્વિટ્ઝરૅન્ડ વચ્ચે આવેલા જ્યુરા પર્વત ઉપરથી એફોન હમ્બોલે સને ૧૭૯૯માં આ યુગનું

નામ (જ્યુરેસિક) જ્યુરાસિક યુગ પાડ્યું હતું. ઉચ્ચાર બંને રીતે થાય છે. આ યુગની આબોહવા ઓછી ભેજયુક્ત અને ગરમ હતી. પશ્ચિમ – ઉત્તર અમેરિકામાં પર્વતમાળાનો ઉદ્‌ભવ થયો હતો. કોનિફર્સ, સાઇકેડસ અને હંસરાજ જેવી વનસ્પતિઓ આ અવધિકાળમાં હતી. બીજધારી વનસ્પતિઓ પણ અસ્તિત્વમાં આવી હતી. આ યુગનું ધ્યાનાકર્ષક પાસું તેનાં ડાયનોસોરસ (ડાયનોસોર) છે. ગ્રીક ભાષામાં ડાયનો = ભયંકર અને સોરસ = ગરોળી અથવા ઘો એવો અર્થ થાય છે. આમ કહેવાતા ડાયનોસોર મહાકાયી ગરોળીઓ જ છે. સામાન્ય પ્રજાને ડાયનોસોરસ વિશેની માહિતી જાણવાની ઉત્કંઠા વધુ છે, કારણ કે તે સમયમાં કેટલાક ડાયનોસોરસ ચાર માળની મકાનની ઊંચાઈ જેટલાં અને ૧૨૦ ફૂટ જેટલાં લાંબાં હતાં. આપણને આખાને આખા ગળી જાય તેવી મુખમુદ્રાવાળાં હતાં. ડાયનોસોરસને કેન્દ્રમાં રાખી સ્ટીવન સ્પીલબર્ગે 'જુરાસિક પાર્ક' નામની ફિલ્મ બનાવી છે. બીજી અન્ય ફિલ્મો પણ જોવા જેવી છે. જેવી કે 'ધ લોસ્ટ વર્લ્ડ', 'વેન ડાયનોસોર રૂલ્ડ ધ અર્થ' વગેરે.

આ યુગ પહેલાંના ટ્રાયેસિક યુગમાં જંગલો સારી રીતે વિકાસ પામેલાં હતાં. અનાવૃત બીજધારી વનસ્પતિઓ (જીમ્નોસ્પર્મ) જેવી કે સાઇકસ અને કોનિફર્સ પુષ્કળ પ્રમાણમાં હતા. બીજધારી હંસરાજ લુપ્ત થઈ ગયા હતા. આદિ ઉભયજીવીઓ પણ લુપ્ત થઈ ગયાં હતાં. આદિ સરિસૃપોમાંથી જુદી-જુદી દિશાએ વિવિધ પ્રકારના સરીસૃપો વિકાસ પામ્યા હતા. આ યુગની શરૂઆતમાં સસ્તન જેવા સરીસૃપો પણ અસ્તિત્વમાં આવ્યા હતા. જ્યુરાસિક યુગમાં તો મહાકાય ડાયનોસોરસ ઘણા અને વિવિધ પ્રકારના હતા જ્યારે આદિ સસ્તનો નાનાં અને ઓછી સંખ્યામાં હતાં. આ યુગ દરમિયાન આર્કિઓપ્ટેરિક્સ જેવાં આદિ પક્ષી ઉદ્‌ભવ પામેલાં જેના અશ્મિ મ્યુઝિયમોમાં સાચવ્યાં છે. તે સમયે વિવિધ જાતની ગરોળીઓ અને મગર સામાન્ય હતા. આ રીતે પક્ષીઓ સરીસૃપોમાંથી ઉત્ક્રાંત થયાં છે.

આપણા વિદ્યાર્થીઓ જ્યારે ગાંધીનગરના ઇંદ્રોડા પાર્કમાં જ્યુરાસિક પાર્કની મુલાકાત લે છે ત્યારે કેટલાક પ્રશ્નો પૂછે છે : આ પ્રાણીઓના કદ કેવાં હતાં, શું આહાર-વિહાર કરતાં હતાં, શા માટે લુપ્ત થયાં ? વગેરે વગેરે. આવો, આપણે આ વિશાલકાય લુપ્ત ગરોળીઓ વિશે કેટલીક રસપ્રદ માહિતી મેળવીએ.

તે વખતના લુપ્ત ડાયનોસોરસ અને આજના જીવંત સરીસૃપોમાં ખાસ સામાન્ય વિશિષ્ટ લક્ષણો હતાં, જેવાં કે જમીન પર પેટે ઘસડાઈને ચાલવું. તેઓ સ્થળીય જીવનને અનુકૂળ થઈ ગયેલાં પ્રથમ પૃષ્ઠવંશી પ્રાણીઓ હતાં. તેઓનું શરીર શીર્ષ, ગરદન, ધડ અને પૂંછડીમાં વિભાજિત થયેલું હતું. ત્વચા સૂકી અને ભીંગડાંવાળી હતી. સાંભળવા માટે કર્ણછિદ્રો હતાં. ફેફસાંથી શ્વસન કરતાં હતાં. એક લિંગી હતાં. અંડપ્રસવી હતાં. તેઓના કદમાં ખૂબ જ વિવિધતા હતી. તેઓ શાકાહારી તેમજ માંસાહારી પણ હતાં. તેમના ઘૂંટણમાં મિજાગરા જેવા સાંધા હતા. થાપાનું હાડકું પૂર્ણપણે ઊભું હતું. દ્વિપાદી પણ હતાં અને ચતુષ્પાદી પણ હતાં. આ જ લક્ષણો મગર, કાચબા, ઘોમાં પણ છે.

ખોરાકની પદ્ધતિ, કદ અને હલનચલનને ધ્યાને લઈ ભૂસ્તરશાસ્ત્રીઓ કે અશ્મિવિદોએ ડાયનોસોરસને મુખ્ય સાત સમૂહમાં વહેંચ્યાં છે. જેમ કે (૧) થેરાપોડ્સ કે જે બે પગે ચાલનારાં અને બધાં જ માંસાહારી ડાયનોસોરસ હતાં. ઉદાહરણ ટાયરેનોસોરસ. (૨) સોરોપોડસ. તેઓ વિશાળકાય ધરાવતાં હતાં. શાકાહારી હતાં. જેવાં કે ડિપ્લોડોક્સ, એપેટોસોરસ (૩) ઓર્નિથોપોડસ – તેઓ દ્વિપાદી, નાના અને શાકાહારી હતાં. દા. ત., ઇગ્વાનોડોન (૪) સિરેટોપ્સીન પ્રકારનાં ડાયનોસોરસ તો શિંગડાંવાળાં અને શાકાહારી હતાં. દા.ત., ટ્રાઈસેરેટોપ્સ. (૫) સ્ટેગોસોરસ જૂથનાં ડાયનોસોરસ ચતુષ્પાદી હતાં. પીઠ દાંતાવાળી હતી. શાકાહારી હતાં. (૬) એન્કીલોસોરસ પણ ચોપગાં અને શાકાહારી હતાં. કવચ ધારી હતાં. દા. ત., નોડોસોરસ (૭) પેકીસીફેલોસોરસ જાડી ખોપરીવાળાં હતાં.

જુરાસિક યુગમાં પેન્જિયા ખંડિત થઈ ગયો હતો. તે સમયનું વલ્કેનોરોન સોરોપોડ ૧૦ મીટર લાંબું હતું. સ્ટેગોસોરસ, હીપ્લિલોફોડ્રોન, સ્કેલિડોસોરસ જેવાં તૃણાહારી આ યુગમાં ધરતી પર વિહરતાં હતાં. બ્રેકિયોસોરસ, સીસ્મોસોરસ પણ મોટા કદનાં તૃણભક્ષીઓ હતાં જેઓ ઓર્નિવિસ્કયનમાંથી ઉત્ક્રાંત થયાં હતાં. કેમ્પ્ટોસોરસનાં ઇગ્વાનોડોન્ટ નીચાં નમીને ચરતાં હતાં. જુરાસિક અને ક્રિટેસિયસ કાળમાં સોરિસ્કયનો દ્વિપાદી હતાં. તેઓ માંસાહારી પણ હતાં. તેમ જ કદમાં વિશાળ હતાં. ટાયરેનોસોરસ જમીન પરનાં મોટા કદનાં ડાયનોસોરસ હતાં. તેઓ ૫૦ ફૂટ લાંબાં, ૧૮થી ૨૦ ફૂટ ઊંચાં અને ૮થી ૧૦ ટન વજન ધરાવતાં હતાં. ઓર્નિથિસ્કિયન જૂથનાં ડાયનોસોરસ ચાંચ ધરાવતાં શાકાહારી હતાં. ચોપગાં હતાં – ટ્રાયેસિક યુગમાં તેઓ અલ્પ સંખ્યક હતાં પરંતુ જુરાસિક કાળમાં વધુ સંખ્યામાં ધરતી પર વિચરતાં હતાં. પૃથ્વી ઉપર આ જીવોનું જ રાજ્ય ચાલતું હતું !

કેટલાક મુમુક્ષો આ પ્રાણીઓની જીવનશૈલી જાણવા પણ ઉત્સુક હોય છે. તેમની જીવનશૈલીને પણ જાણીએ.

વિશાળકાય દેહ ધરાવતાં આ પ્રાણીઓનું મગજ તેના શરીરના કુલ વજનના સોમા ભાગનું જ હતું ! કેટલાંક અપવાદરૂપ હતાં. ખોરાક બાબતે ડાયનોસોરસ શાકાહારી તેમજ માંસાહારી એમ બે પ્રકારનાં હતાં. ચૌદ મીટર લાંબાં ડાયનોસોરસ મોટા કદનાં માંસાહારી હતાં. તેમનું મુખ જ

મોટી બખોલના રૂપમાં આપણને આખા ગળી જાય તેવી મોટી બખોલના રૂપમાં હતું. લિસોથોસોરસને છોડવા વધુ ભાવતા તો કોમ્પસોગ્નેથસને કીટકો ખાવાનું ગમતું. કેટલાંક ગરોળીઓનો જ નાસ્તો કરતાં. હાયપ્સીલોફોડોન વનસ્પતિઓનાં રસ ચૂસતાં. કેટલાંક ડાયનોસોરસ મૃતદેહો ખાતાં. ઈંડાં ખાનારાં પણ હતાં. બેરિઓનિક્સ માછલીઓ ખાતાં. કેટલાંક ડાયનોસોરસ એક પ્રસવમાં ૧૦થી ૪૦ ઈંડાં મૂકતાં. કેટલાંક ગર્જના પણ કરતાં. તેઓ એક કલાકના ૫૦ કિ.મી.ની ઝડપે દોડતાં હોવાં જોઈએ. કેટલાંક ટોળામાં રહેવા ટેવાયેલાં હતાં. (ફૂટ પ્રિન્ટના આધારે) કેટલાંક કુશળ શિકારી હતાં. કેટલાંકે દુશ્મનથી બચવા શિંગડાં વિકસાવ્યાં હતાં. કેટલાંક તો સામસામે માથાં પણ ભટકાવતાં.

ડાયનોસોરસનું ભૂ-વિતરણ પણ જાણવા જેવું છે. શરૂઆતમાં પૃથ્વી એક મહા ખંડ હતી ત્યારે આ પ્રાણીઓનું અસ્તિત્વ હતું. જ્યારે બે ખંડમાં પૃથ્વીનું વિભાજન થયું ત્યારે કેટલાંક ડાયનોસોરસ ઉત્તર ગોળાર્ધમાં ખસેડાયાં અને કેટલાંક દક્ષિણ ગોળાર્ધમાં રહ્યાં. બ્રેકીઓસોરસ તો લગભગ દુનિયાના મોટા ભાગમાં પ્રસર્યાં હતાં. ન્યુઝિલૅન્ડમાં માત્ર એક જ જાતિનાં અસ્મિ મળ્યાં છે. અભ્યાસ પ્રમાણે જોઈએ તો છેક ધ્રુવીય પ્રદેશ સુધી તેઓનું પ્રસરણ જોવા મળે છે.

હવે પ્રશ્ન થાય કે આપણા દેશમાં અને ગુજરાત રાજ્યમાં ડાયનોસોરસ હતાં ? જવાબ છે – હા. ભારતમાં સ્ટેગોસોરિયા, ઇન્ડોસોરસ, મેગાલોસોરસ, લેમેટોસોરસ, સીલુરોસોરિયા, ટીટેનોસોરસ, જબલપોરિયા જેવી જાતિઓ વસતી હતી. ગુજરાત રાજ્યમાં વિવિધ ઠેકાણેથી ડાયનોસોરસની કેટલીક જાતિઓનાં અશ્મિઓ અને ઈંડાં મળ્યાં છે. કચ્છના દયાપર ગામ પાસે ઇગ્વાનોડોર, અંજાર નજીક ડિપ્લોડોક્સ, પચ્છમ ટાપુ પર સ્ટેનોસોરસ, માતાના મઢ નજીકમાં ઓર્નિથોમિસસનાં અસ્મિ મળ્યાં છે. બાલાસિનોરમાંથી બ્રોટોસોરસનાં અસ્મિ મળ્યાં છે. મેગાલોસોરસ અને ઈગ્વાનોડોનનાં અસ્મિ ખેડાના રહૌલીમાંથી મળ્યાં છે.

સામાન્ય જનસમુદાય પૂછે છે કે આ સરીસૃપો અચાનક શા માટે લુપ્ત થઈ ગયાં ? આજથી લગભગ ૨૩ કરોડ વર્ષ પૂર્વે આ મહાકાય જીવોનું પૃથ્વી પર સામ્રાજ્ય હતું. કોલ્બર્ટે લખ્યું છે કે - મેસોઝોઈક ઈરા વોઝ ધ ગોલ્ડન એ જ ઑફ રેપ્ટાઈલ્સ. આ જીવોએ પૃથ્વી ઉપર સોળ કરોડ વર્ષ રાજ કર્યું, ત્યારે માનવનું તો અવતરણ પણ થયું ન હતું. ક્રિટેસિયસ કાળના અંતે તેઓનું અચાનક નાશ થવું એ પણ કુદરતની એક વિસ્મયકારક ઘટના જ ગણાય. આપણે તેમાંથી બોધ લેવાનો છે.

અણધારી વિનાશક આપત્તિઓ આવી હશે, રોગચાળો ફેલાયો હોય (May be), આબોહવાકીય ફેરફારો થયા હોય, ખોરાકમાં ઝેરી અસરો વ્યાપી હોય. આવાં કેટલાંક પરિબળોને જવાબદાર ગણાવાય છે. વિશાળ કદ પણ જવાબદાર ગણાય. આંતરજાતીય સંઘર્ષને પણ નકારી ન શકાય. વિનાશનું મુખ્ય પરિબળ કયું હતું તેનો સર્વમાન્ય મત મળતો નથી. જેથી અનેક કારણોના સામૂહિક પરિબળથી તેઓ વિલોપન પામ્યાં હોવાં જોઈએ તેવું માનવું પડે. એક મત એવો પણ છે કે બદલાતા વાતાવરણ અને પર્યાવરણ સાથે તેઓ તાલમેલ ના પણ કરી શક્યાં હોય. ગીચ જંગલો અને કાદવવાળી જમીન આ વિશાળ કાયા ધરાવતી આ ગરોળીઓને ચાલવામાં આડખેલ રૂપ પણ બની હોય. ઉલ્કાપાતને લીધે પણ સર્વવિનાશ થયો હોય. છતાં સાચો ઉત્તર તો અધ્યાહાર જ રહે છે.

ડાયનોસોરસની જાણકારીનો વિષય સંપૂર્ણપણે પેલિએન્ટોલોજી (અશ્મિ વિદ્યા)નો વિષય છે. આ ક્ષેત્રમાં પ્રદાન કરનારાઓના જીવનનો મોટા ભાગનો સમય રખડપટ્ટીમાં ગયો છે. આવાં સંશોધનો કરવાં તે પણ કર્મયોગ છે. સર રિચાર્ડ ઓવનથી આ સંશોધનનો ઇતિહાસ શરૂ થાય છે. અઢારમી અને ઓગણીસમી સદીના સમયગાળામાં અશ્મિવિદ્યાના અભ્યાસના સઘન પ્રયત્નો થયા. જ્યોર્જીસ કુવિયર, વિલિયસ બકલૅન્ડ અને ગિડીઅન મેન્ટલ જેવા તજ્જ્ઞોએ પ્રાણી-અશ્મિઓ ઉપર ખૂબ જ સંશોધનકાર્ય કર્યું. આ મહાકાય પ્રાણીઓના મગજની જાણકારી મેળવવાના પ્રયત્નો ઓ. સી. માર્શે કર્યા છે. એચ. જી. સીલે ડાયનોસોરસના એકબીજાના સંબંધો સમજાવતું વર્ગીકરણ કર્યું. ભારતમાં ડાયનોસોરનાં સર્વ પ્રથમ અવશેષો શોધનાર કેપ્ટન જેમ્સ સ્લિમ હતા. જે. એચ. સ્મિથે કચ્છની ધરાને ફંફોળી છે.

ડાયનોસોરની આટલી માહિતી મેળવ્યા પછી તેમના કદ, શરીર, અંગો, ઈંડાં, મોડલ્સ વગેરે જોવાં હોય તો કેટલાક મ્યુઝિયમની મુલાકાત અવશ્ય લેવી. ભારતમાં આવાં મ્યુઝિયમ કોલકાતા, ચિન્નાઈ, મુંબઈ, દેહરાદૂનમાં છે. લંડનમાં એચ. એમ. જીઓલોજિકલ સર્વે અને મ્યુઝિયમ અને બ્રિટિશ મ્યુઝિયમ જાણીતાં છે. ન્યૂયોર્કમાં જાઓ તો અમેરિકન મ્યુઝિયમ ઑફ નૅચરલ હિસ્ટરીની મુલાકાત લેવા જેવી છે. એડમબર્ગમાં રોયલ સ્કોટિસ મ્યુઝિયમ જાણીતું છે.

જો ડાયનોસોર તેમનાં વિશાળ કદને લીધે અને આંતરવિગ્રહને લીધે લુપ્ત થયાં તો માનવ કદાચ તેની તીવ્ર અપેક્ષાઓ અને ધાર્મિક કટ્ટરતાને લીધે કદાચ લુપ્ત થાય તો કહેવાય નહીં.

**ડૉ. એમ. આઈ. પટેલ**
**નિવૃત્ત પ્રિન્સિપાલ,**
૧, પ્રભુનગર સોસાયટી, ગંજબજાર પાછળ,
ખેરાલુ રોડ, વીસનગર. ફોન નં. : ૯૮૨૪૦૭૨૫૭૧

# જંતુનાશક રસાયણોનો વધારે પડતો ઉપયોગ જીવલેણ

ડૉ. કિશોર પંડ્યા

વરસાદ ખેંચાય એટલી પહેલી ચિંતા ખેતી અને અનાજ ઉત્પાદન અંગે થાય તે સ્વાભાવિક છે. કુદરતના ચક્ર અનુસાર ઋતુઓ બદલાય. પણ માનવી આજે કુદરતથી વિમુખ થતો જાય છે. આધુનિક શોધખોળોને પરિણામે કુદરતની સાથે હજારો વરસોથી સાધેલું સંતુલન માનવી ગુમાવી બેઠો છે. કુદરતી આફતો સામે ઝઝૂમવાને બદલે વધારે ને વધારે કુદરતી આફત ઊતરી આવે એવી કામગીરી તે કરી રહ્યો છે. પૃથ્વી ઉપરનું પર્યાવરણ એવા પ્રકારનું છે કે જેને લીધે સજીવ સૃષ્ટિનું અસ્તિત્વ ટકી રહ્યું છે, પરંતુ આજે માનવી, જેને લીધે પોતાનું અસ્તિત્વ છે, એવા પર્યાવરણને પ્રદુષિત કરી પોતે જે ડાળ ઉપર બેઠો છે તેને જ કાપવાનું કાર્ય કરી રહ્યો છે.

પૃથ્વી ઉપરની વસ્તી છ અબજનો આંક ક્યારની વટાવી ગઈ છે. આ સૌના મોમાં અન્નનો દાણો જાય તો જ બધા લોકો જીવી શકે. યુરોપના દેશોમાં અને મોટા ભાગના એશિયાના દેશોમાં અન્ન સમસ્યા એ સળગતો સવાલ છે. આના ઉકેલ માટે વધારે ને વધારે અનાજ ઉગાડવું પડે. આજે અનાજ ઉત્પાદન વધારવા માટેના આડેધડ પ્રયત્નોમાં માણસે એક પ્રયત્ન એવો કર્યો કે અન્નને બચાવવા માટે અન્નને નુકસાન પહોંચાડનારાં જંતુઓનો નાશ કરવો. હવે તો પછી જંતુઓનો નાશ શેનાથી કરવો ? એ માટે શરૂ થયો જુદાજુદા રાસાયણિક જંતુનાશક પદાર્થોનો ઉપયોગ.

અન્ન ઉત્પાદનની સમસ્યા હળવી કરવાના પ્રયત્નોમાં જંતુનાશક પદાર્થોનો એવો તો બેફામ ઉપયોગ થયો છે કે એ હવે ખુદ માનવી માટે બૂમરેંગ બનવા લાગ્યા છે. જંતુનાશક પદાર્થોનો ઉપયોગ આમ તો નામ તથા ગુણ પ્રમાણે જંતુઓ-કીટકોનો નાશ કરવા માટે થાય છે, પરંતુ આજે તેનો ભોગ માનવી થઈ રહ્યો છે.

પૃથ્વીની ઉત્પત્તિથી માંડીને આજ સુધીની પરિસ્થિતિનો અભ્યાસ કરવાથી એક વાત દીવા જેવી સ્પષ્ટ રીતે સામે આવે છે કે પૃથ્વી પરના સજીવો અને પર્યાવરણ વચ્ચે સરસ અને સરળ અનુકૂલન સ્થપાયેલું છે. પૃથ્વી આજે જે સ્થિતિમાં છે એ સ્થિતિમાં વનસ્પતિ તથા પ્રાણીસૃષ્ટિનું વાતાવરણ સાથે અનુકૂલન થયેલું જોવા મળે છે. સમગ્ર જીવસૃષ્ટિ ઉપર પૃથ્વીના વાતાવરણની અસર સ્પષ્ટ રૂપે જોવા મળે છે. પૃથ્વી ઉપર પહેલો સજીવ ઉત્પન્ન થયો ત્યારથી આજ સુધીની વાત કરીએ તો કોઈ પણ સજીવને લીધે પૃથ્વીના વાતાવરણ પર અસર થઈ હોવાનું જોવા મળ્યું નથી. મનુષ્ય સિવાયનાં પ્રાણીઓને લીધે વાતાવરણ ક્યારેય દૂષિત બન્યું નથી. પણ માનવીએ આ સદીમાં વાતાવરણને સંપૂર્ણપણે બદલી નાખવાનું બીડું ઝડપ્યું હોય તેવું લાગે છે. જેને લીધે પોતાનું અસ્તિત્વ છે એને જ ખતમ કરી નાખવાની આંધળી દોટ માનવી દોડી રહ્યો છે.

માનવીએ પોતાની કબર ખોદવાની શરૂઆત કરી દીધી છે; ભયાનક અને જીવલેણ રાસાયણિક પદાર્થોનો ઉપયોગ કરીને વાયુ, જળ અને ભૂમિને પ્રદૂષિત કરવાની શરૂઆત કરી દીધી છે. આ પદાર્થોની એક વખત સજીવોના શરીર ઉપર અસર થાય પછી તેનો કોઈ ઉપાય રહેતો નથી. વાતાવરણમાં ભળેલાં રસાયણો સૂર્યનાં કિરણો સાથે મળીને જે તાંડવ નૃત્ય કરે છે, તેનાથી પૃથ્વી અને તેની ઉપરના સજીવોની પ્રકૃતિ ધરમૂળથી બદલાઈ જાય તેવો જાય છે.

પૃથ્વી ઉપર માનવીનો ઉદ્ભવ થયો એનાં હજારો વર્ષ પહેલાં જંતુઓનું-કીટકોનું અસ્તિત્વ હતું. માનવ ઉદ્ભવ અને વિકાસ થવાની સાથોસાથ માનવીને માટે જંતુઓ – કીટકો બે રીતે હાનિકારક થતાં લાગ્યાં. એક તો કીટકો તેમનું અન્ન સફાચટ કરી જતાં અને બીજું રોગનું કારણ બનતાં હતાં. એટલે તેમનો નાશ કરવા માટે જંતુનાશક રાસાયણિક પદાર્થોનો ઉપયોગ શરૂ કરી દીધો. જોકે આ કાર્યમાં માનવીને પૂરેપૂરી સફળતા મળી નથી. જંતુઓ અને કીટકોનો નાશ કરવા માટે રસાયણોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થવા લાગ્યો છે.

રસાયણોના વધુપડતા ઉપયોગને પરિણામે પૃથ્વીની સપાટી પર, હવામાં, પાણીમાં, જમીનમાં માનવીએ બનાવેલા જંતુનાશક પદાર્થોસજીવ અને નિર્જીવ પદાર્થો સાથે પૂરેપૂરા ભળી ગયા છે. વહેતી નદીના પાણીમાં અને જમીનની નીચે વહેતા જલપ્રવાહમાં પણ આ રાસાયણિક

પદાર્થોએ એ પોતાની હાજરી પુરવાર કરી આપી છે. વાત માત્ર આટલેથી અટકતી નથી; પણ દૂર પર્વતના ઝરણામાં રમતી માછલીઓ, કરચલા, પક્ષીઓના ઈંડાં ઉપરાંત માનવશરીરમાં પણ રસાયણો દાખલ થઈ ગયાં હોવાના કિસ્સા નોંધાયા છે. હાનિકારક રસાયણોના ઉત્પાદનને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ભારે વેગ મળ્યો. રાસાયણિક શસ્ત્રો બનાવતી વખતે કેટલાક રાસાયણો કીટકો માટે જીવલેણ સાબિત થયાં. શરૂઆતમાં સરળ રસાયણો ઉપયોગમાં લેવાતાં હતાં. પણ પછી ધીમે ધીમે જટિલ જંતુનાશક રસાયણો તૈયાર થવા લાગ્યાં. આ પદાર્થો ઝેરી હોઈ માનવ શરીરમાં દાખલ થઈ જુદીજુદી ક્રિયાઓમાં ગરબડ કરવા શક્તિમાન પણ હતા.

ડી.ડી.ટી. હાથમાં આવતાં જાણે મચ્છર સામેનો રામબાણ ઇલાજ હાથ લાગી ગયો હોય તેમ આખી દુનિયામાં તેનો ઉપયોગ બેફામ રીતે થવા લાગ્યો. ડી.ડી.ટી.નો સૌપ્રથમ ઉપયોગ વિશ્વયુદ્ધ દરમિયાન સૈનિકો, શરણાર્થીઓ અને કેદીઓની જૂ મારવા માટે કરવામાં આવ્યો હતો. ડી.ડી.ટી. લોટ જેવા ભૂકા સ્વરૂપે હોય છે. તેલ કે કેરોસીન સાથે તે પોતાનું પોત પ્રકાશે છે. શરીરમાં દાખલ થઈ તે ચરબીવાળા ભાગ પર આસન જમાવે છે. અતિ અલ્પ પ્રમાણમાં હોય તો પણ તે શરીરના ઉત્સેચકો પર અસર કરે છે.

ક્લોરીનયુક્ત હાઈડ્રોકાર્બન રસાયણોની અસર યકૃત ઉપર થાય છે. આજે જે જંતુનાશક રસાયણો જોવા મળે છે તેમાં ડાઇએલ્ડ્રિન અને એલ્ડ્રિન સવિશેષ ઝેરી ગણાયા છે. અલ્કિલ ફોસ્ફેટ, બીજા વર્ગના કીટનાશકમાં ગણાય છે. આ ઝેરી રસાયણોમાં પેરાથીઓન વધારે પ્રમાણમાં વપરાય છે. કાર્બનિક ફોસ્ફેટમાં મેલેથીઓનનો ઉપયોગ પણ ખૂબ થાય છે. અન્ય દેશોએ જે પદાર્થોનું ઉત્પાદન તેની હાનિકારક અસરને લીધે બંધ કર્યું હોય એવા પદાર્થો બનાવવાનું ગૌરવ લઈ શકાય ખરું ?

જંતુઓ, કીટકો, ઉંદર તથા બિનજરૂરી વનસ્પતિનો નાશ કરવા માટે જે દવાઓનો છંટકાવ કરવામાં આવે છે, એનાથી પ્રદૂષણ વધે છે. જમીન પર છાંટવામાં આવતી દવા વરસાદના પાણી સાથે શોષાઈને જમીનમાં ઊંડે ઊતરે છે. આથી ભૂગર્ભ જલપ્રવાહ પણ દૂષિત થાય છે. ઝરણા, નદીમાં પણ જંતુનાશક પદાર્થો વરસાદના પાણી સાથે પહોંચી જાય છે. પ્રદૂષિત થયેલા પાણીથી માનવજાતને તો નુકસાન થાય છે જ પણ સાથોસાથ જળચર અને વનસ્પતિ ઉપર પણ તેની અસર થાય છે. ખેતરમાં લેવાતા પાક અને શાકભાજીમાં પણ હાનિકારક રસાયણો દાખલ થઈ જાય છે. જીવલેણ રસાયણો પાણીમાં ભળવાને કારણે પાણી પીવાલાયક રહેતું નથી. આવું પાણી પીવાથી કેન્સર જેવા ભયાનક રોગ થવાની શક્યતા પણ રહેલી છે.

પૃથ્વી ઉપર જમીનનો જે ભાગ છે એટલે કે તેનું ઉપરનું પડ સ્થળચર અને વનસ્પતિ માટે ખૂબ જ મહત્ત્વનું છે. જમીનનો ઉપરનો પોપડો સજીવોને લીધે જ અને સજીવો માટે જ છે એમ કહી શકાય. જમીન પર નરી આંખે દેખાતા નથી એવા સજીવો જમીનને ફળદ્રૂપ બનાવી આપે છે. જંતુનાશક પદાર્થોનો છંટકાવ કરતી વખતે આવા ઉપયોગી સૂક્ષ્મ જીવોનો વિચાર આપણે કરતા નથી. ઉપયોગી સૂક્ષ્મ જીવો નાશ પામે છે એટલે જમીન ઉજ્જડ અને વેરાન બને છે. પછી તેમાં કાંઈ ઊગતું નથી. દવા છંટાય ત્યારે હાનિકારક જંતુઓ સાથે લાભ કરી આપનારા સૂક્ષ્મસજીવોનો પણ નાશ થઈ જતો હોય છે. દવા છાંટતી વખતે જમીન, વનસ્પતિ અને સજીવો ઉપર એની શી અસર થશે તેનો આપણે વિચાર કરતા નથી. આપણે દવા આપનારા પાસેથી એના વિશે પૂરેપૂરી માહિતી પણ નથી મેળવતા. જો દવા છાંટનારને મોં પર કપડું રાખવું પડતું હોય તો બીજા સજીવો પર કેવી અને કેટલી અસર થતી હશે ? જમીન ઉપર જંતુનાશક દવાની અસર થવાને લીધે સૌપ્રથમ જમીનમાં નાઇટ્રોજન ઘટવા લાગે છે. આજે અનેક નયનરમ્ય વૃક્ષો, પક્ષીઓ, રંગબેરંગી માછલીઓ વગેરે આ સૃષ્ટિ ઉપરથી નામશેષ થતાં જાય છે. કુદરતના જૈવિક નિયમન ચક્રમાં માનવીએ કરેલા હસ્તક્ષેપને કારણે મોટો ફેરફાર થઈ રહ્યો છે. અન્ય દેશોમાં જાગ્રત સંગઠનો દ્વારા માછલીઓ, દેડકાં તથા અન્ય જલચરોનો નાશ થતો જોઈને હેપ્ટાક્લોર; ડાઇએલ્ડ્રીન તથા અન્ય ઝેરી દવાઓના છંટકાવ પર પ્રતિબંધ મૂકવા માટેનાં પગલાં લેવાની શરૂઆત થઈ ગઈ છે. ભારતમાં પણ થોડા સમય પહેલાં સુપ્રીમ કૉર્ટ દ્વારા આ પ્રકારના કેટલાંક જંતુનાશકોના ઉત્પાદન માટે મનાઈ ફરમાવવામાં આવી હતી.

વનસ્પતિ અને શાકભાજીમાં અત્યંત અલ્પ માત્રામાં હોવા છતાં ધીરે-ધીરે શરીરમાં ઝેરી રસાયણોનું પ્રમાણ વધતું જાય છે. શરીરમાં ઝેર એકઠું થતું જાય છે. સામાન્ય નાગરિકને પોતે ભોજનમાં રોજ કેટલી માત્રામાં ઝેર લઈ રહ્યો છે એની તો ખબર પણ પડતી નથી. શરદી, તાવ, મેલેરિયા જેવી ટૂંકાગાળાની બીમારીથી બચવા માટે પ્રયત્ન કરતો માનવી લાંબાગાળાની જીવલેણ બીમારી અંગે વિચાર કરતો નથી. પરિણામે ઝેરી રસાયણો શરીરમાં અડ્ડો જમાવે છે. તે ચરબી સાથે રહે છે. જ્યારે શરીરમાં જમા થયેલી ચરબી વપરાવા લાગે છે ત્યારે ઝેરી રસાયણોની હાનિકારક અસરનો પરચો જોવા મળે છે.

**ડૉ. કિશોર પંડ્યા**
સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ સાયન્સ કૉલેજ, મોડાસા
મો. ૯૮૨૫૭૫૯૬૬૬

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**ભારતીય ધર્મ-દર્શન અને શિક્ષણ / પ્રો. બી. એ. પ્રજાપતિ; સંપાદક : ડૉ. કનકબાળા જાની.** અમદાવાદ : શાન્તિ પ્રકાશન, ૨૦૧૯. XX, ૨૦૮ પૃ. ISBN : ૯૭૮-૯૩-૮૮૭૪૪-૭૩-૭. કિંમત : રૂ. ૫૯૫.

પ્રસ્તુત ગ્રંથના લેખક ડૉ. બી. એ. પ્રજાપતિ (૧૯૫૬)મૅનેજમેન્ટ – ફાઇનાન્સિયલ મૅનેજમેન્ટ વિષયના સેવા–નિવૃત્ત, સ્વાધ્યાયશીલ અને જ્ઞાનયજ્ઞના આરાધક પ્રોફેસર છે. તેઓશ્રી પાટણ અને સુરતની યુનિવર્સિટીઓમાં ઉપકુલપતિ અને કુલપતિના બબ્બે હોદ્દાઓ ઉપર સેવાઓ આપી ચૂક્યા છે. તેમણે આ યુનિવર્સિટીઓમાં પોતાના કાર્યકાળ દરમિયાન યુનિવર્સિટીઓનાં વૃત્તપત્રો 'ઉદીચ્ય' અને 'દક્ષિણાયન'માં કુલપતિશ્રીના હોદ્દાની રૂએ લખેલા લેખો, દીક્ષાંત સમારોહ પ્રસંગે આપેલાં પ્રવચનો વગેરે પૈકી સવિશેષતઃ ધર્મ-દર્શન અને અન્ય આનુષંગિક વિષયક ૪૩ લેખો સંપાદિકા ડૉ. કનકબાળા જાની દ્વારા અહીં ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. આ બધા લેખો ગ્રંથસંસ્કૃતિ, જૈનધર્મ–દર્શન, હિંદુ ધર્મ–દર્શન, હિંદુ ધર્મ–દર્શન (ઉપનિષદ) શીખ ધર્મ–દર્શન અને મહાપુરુષોનું ધર્મ–દર્શન હેઠળ વિભાજિત કરવામાં આવ્યા છે.

લેખકે 'પ્રસ્તાવના'માં આ ગ્રંથને **'મારે મન આ માત્ર ગ્રંથ નથી, પરંતુ મારી આધ્યાત્મિક યાત્રાનું ભાથું'** ગણાવ્યું છે તે ગ્રંથસ્થ લેખોમાંથી પસાર થતાં તેના વાચકને આધ્યાત્મિક યાત્રાની આનંદાનુભૂતિ કરાવે તેટલું બળૂકું ભાથું છે તેવી સહજમાં પ્રતીતિ થાય છે. બીજી ખાસિયત એ ઊપસી આવે છે કે અહીં અધ્યાત્મની સાથે શિક્ષણને વણી લેવામાં આવેલ હોવાથી – વિવિધ ધાર્મિક / દાર્શનિક ગ્રંથોમાં અભિવ્યક્ત અધ્યાત્મની સાથે શિક્ષણદર્શનને ઉજાગર કરવામાં આવેલ હોવાથી, તેના શૈક્ષણિક ફલિતાર્થો તારવી આપ્યા હોવાથી જિજ્ઞાસુઓ ઉપરાંત સવિશેષતઃ વિદ્યાર્થીઓને આપણી સાંસ્કૃતિક ધરોહરના 'અમૃતહ્દ' – અમૃતના ધરાઓ એવા આપણા વેદો, ઉપનિષદો, શ્રીમદ્ભગવદ્ગીતા, આર્ષ મહાકાવ્યો, જૈન આગમો, તત્ત્વાર્થસૂત્ર, ત્રિપિટકો વગેરે તેમ જ મહાપુરુષોનાં ચરિત્રોનું પઠન કરવા બાધ્ય કરે છે. અહીં ઈશ, કઠ, કેન ઇત્યાદિ ૮ ઉપનિષદોનોનું સારભૂતતત્ત્વ–હાર્દ લાઘવમાં છતાં સાધાર તુલનાત્મક અને વિવેચનાત્મક અભિગમથી પ્રસ્તુત કરવામાં આવ્યું છે. આ સાથે જ ઉપનિષદ શબ્દની અને વિવિધ ઉપનિષદોની વિભાવના, સંબંધિત ઉપનિષદનું વિષય વસ્તુ, મંત્ર/શ્લોક સંખ્યા, ઉપનિષદનું કુળ, ઉપનિષદોના વિવિધ ભાષ્યકારો અને અભ્યાસીઓ શ્રી અરવિંદ, રાધાકૃષ્ણન, વિનોબા, મગનભાઈ દેસાઈ, મકરંદ દવે, ગુણવંત શાહ વગેરેનાં મંતવ્યો, અત્યંત મહત્ત્વના મંત્રો / શ્લોકોનો મૂળપાઠ અને અનુવાદની સાથે પોતાના અભ્યાસનો નિચોડ વગેરેની સ-રસ ગૂંથણીથી ઉપનિષદ જેવા અર્થગંભીર દાર્શનિક ગ્રંથો અહીં સુપથ્યકારક બન્યા છે. ખાસ નોંધપાત્ર બાબત એ કે 'તૈતરિય ઉપનિષદ'ના 'શિક્ષાવલ્લી'ના અગિયારમા અનુવાકમાં ગુરુ / ઋષિ અભ્યાસના સમાપન પ્રસંગે શિષ્યોને સમાવર્તન સંસ્કાર આપે છે – દીક્ષાન્ત પ્રવચન આપે છે તેનો અક્ષરશઃ પાઠ અને સામ્પ્રતકાળમાં પ્રસ્તુત એવું તેનું હાર્દ સુપેરે સમજાવવામાં આવ્યું છે. આપણી યુનિવર્સિટીઓ દ્વારા યોજાતા દીક્ષાન્ત સમારોહો – પદવીદાન સમારોહો – પ્રસંગે આ મૂળ પાઠ વિદ્યાર્થીઓને વહેંચવા જેવો છે. વધુમાં, લેખકે શૈક્ષણિક ફલિતાર્થ સમજાવતાં છાંદોગ્ય ઉપનિષદની ચર્ચા કરતાં નોંધેલ અવલોકન : ''છાન્દોગ્ય ઉપનિષદમાં વર્ણવેલી બધી જ કથાઓથી જ્ઞાન મેળવી શકાય. જ્ઞાન માટે સાધના જરૂરી છે. કોઈ ઋષિ સીધું સાર સ્વરૂપે જ્ઞાન શબ્દોમાં વર્ણવતો નથી. તેનો અનુભવ

મેળવી જ્ઞાન પ્રાપ્ત કરવાની વાત કરે છે. જિજ્ઞાસાને જગવવાની, પોષવાની અને વધારવાની જરૂર છે. સાંપ્રત શિક્ષણ સંદર્ભે આ બાબત વિશેષ મહત્ત્વની બની જાય છે'' સુચિંતનીય બની રહે છે.

આ જ ગતિએ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, મહાભારત, બ્રહ્મસૂત્ર, સ્વામીનારાયણ સંપ્રદાયના આચાર્ય ભદ્રેશસ્વામી કૃત નવ નિર્મિત 'અક્ષર પુરુષોત્તમ દર્શન' કે જે સાતમા દર્શન તરીકે પ્રસ્થાપિત થયું છે તે, પતંજલિનું યોગદર્શન વગેરે ગ્રંથોનો રસાસ્વાદ કરાવવા ઉપરાંત ગુરુ મહિમા અને સદગુરુ કોણ અને કેવા તે આપણા આર્ષગ્રંથોના આધારે સમજાવ્યું છે. નવનીતમ 'અક્ષર પુરુષોત્તમ દર્શન' સંબંધી ડૉ. પ્રજાપતિનું અભ્યાસપૂર્ણ અવલોકન ''આદ્ય શંકરાચાર્ય પછી કોઈ એક જ ભાષ્યકાર દ્વારા ત્રણે પ્રસ્થાનો પર, અન્ય કોઈ દાર્શનિક સિદ્ધાંતો કરતાં અભૂતપૂર્વ અર્થઘટન દર્શાવતું સ્વામિનારાયણ ભાષ્ય આ સદીમાં રચાયું છે, તે ભારતભૂમિ અને વિશેષતઃ ગુજરાત માટે ગૌરવની ઘટના છે. સાથે-સાથે ત્રણે પ્રસ્થાનો પર ભાષ્ય રચનાર આચાર્ય દ્વારા જ સંપ્રદાયનો વાદગ્રંથ પણ લખાયો હોય તે વેદાન્ત દર્શનના ઇતિહાસની સૌ પ્રથમ ઘટના છે.'' ધ્યાનાર્હ બની રહે છે.

'જૈન ધર્મ–દર્શન' વિભાગમાં ૧૨ લેખો સમાવિષ્ટ છે, જેમાં જૈન આગમો પૈકી 'આચારાંગસૂત્ર' અને 'ઉત્તરાધ્યયનસૂત્ર' ઉપરાંત 'તત્ત્વાર્થસૂત્ર', આચાર્ય હેમચંદ્ર, શ્રીમદ રાજચંદ્ર, આચાર્ય મહાપ્રજ્ઞજી વગેરે વિશે અભ્યાસપૂત ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. આ બધા લેખોના અભ્યાસથી સ્પષ્ટ ઊપસી આવે છે કે પ્રો. પ્રજાપતિ જૈનધર્મના તેરાપંથ સંપ્રદાયના આચાર્ય તુલસી અને આચાર્ય મહાપ્રજ્ઞ સાહિત્યના અધ્યેતા હોવાની સાથે-સાથે તેમના વિચારદર્શન, શૈક્ષણિક – સામાજિક પ્રવૃત્તિઓ, અહિંસા – યાત્રા વગેરેથી વિશેષ પ્રભાવિત છે. તેમને શ્રદ્ધા છે કે ''આચાર્ય મહાપ્રજ્ઞના અનેકાન્તવાદ, પ્રેક્ષાધ્યાય, અણુવ્રત તથા જીવનવિજ્ઞાનના પ્રયોગો થકી અહિંસાને વ્યાપક બનાવી સમત્વ સિદ્ધ કરી શકાય. તેમ જ આચાર્ય તુલસી દ્વારા પ્રબોધિત 'અણુવ્રત આંદોલન'ના સંકલ્પો (અણુવ્રતની આચારસંહિતા) આજે વધુ પ્રસ્તુત બન્યા છે.'' 'જૈન આગમ સાહિત્ય અને વર્તમાન સંદર્ભમાં શિક્ષણચિંતન' અને 'શ્રમણ–બૌદ્ધ પરંપરા અને શિક્ષણ' શીર્ષક હેઠળના લેખોમાં જૈન અને બૌદ્ધ ધર્મ પરંપરામાં શિક્ષણના વર્તમાન સંદર્ભો ઉજાગર કરી આપવામાં આવ્યા છે.

અહીં આચાર્ય હેમચંદ્ર, આચાર્ય મહાપ્રજ્ઞ, શ્રીમદ્ રાજચંદ્ર, મહાત્મા ગાંધી, શ્રી અરવિંદ, વિવેકાનંદ મદનમોહન માલવીયજી, મહારાજા સયાજીરાવ ગાયકવાડ, મેકસમુલર, કિન્લોક ફાર્બસ, ભગિની નિવેદિતા વગેરે ભારતીય અને પાશ્ચાત્ય ૧૧ મહાનુભાવોનાં ચરિત્રોનું વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને અભ્યાસપૂત આલેખન કરવામાં આવ્યું છે. આ બધા જ મહાનુભાવોનાં ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર ઘડતરમાં પ્રદાન, કાર્યો, પ્રવૃત્તિઓ, સંક્ષિપ્ત જીવનરેખા, નોંધપાત્ર ગ્રંથો, તેમનાં સૂક્તિ સ્વરૂપ અવતરણો વગેરે બાબતોને આવરી લઈ ઊર્જાશીલ અને અર્થપૂર્ણ ચરિત્રાંકનો આપ્યાં છે, જે વિદ્યાર્થીઓ માટે પ્રેરક બની રહે તેટલાં સંતર્પક છે. 'મહાત્મા ગાંધી અને શ્રીમદ્ રાજચંદ્ર' લેખમાં ગાંધીજીનાં શ્રીમદ્ સાથેનાં સંસ્મરણો, પોતે કેમ પ્રભાવિત થયા, ગાંધીજી ખ્રિસ્તી ધર્મના પ્રભાવમાં આવી ધર્મ પરિવર્તન કરવા જઈ રહ્યા હતા ત્યારે એમણે શ્રીમદ્‌નું માર્ગદર્શન મેળવવા ૨૭ પ્રશ્નો મોકલી આપ્યા હતા તેની યાદી વગેરે અનુષંગિક બાબતોને આવરી લેવામાં આવી છે જે સૌ કોઈ માટે સુચિંતનીય બની રહેશે. 'ગ્રંથસંસ્કૃતિ' શીર્ષક હેઠળ 'ગીતાપ્રેસ ગોરખપુર કોર્નર', 'ગુજરાતી વિશ્વકોશ', 'જૈન વિશ્વકોશ', 'ગ્રંથસંસ્કૃતિ' અને 'હસ્તપ્રતવિદ્યા' વિશે ૫ લેખો સમાવિષ્ટ છે, જેમાં માનવજીવન ઘડતરમાં ગ્રંથોની ભૂમિકા, તેનું મહાત્મ્ય ઉજાગર કરી આપવાની સાથે જે તે વિશે ઊંડાણપૂર્વકની ચર્ચા કરી છે. હસ્તપ્રતવિદ્યામાં તેમનાં રસ-રુચિ, વિશદ અધ્યયન અને આ અણમોલ સાંસ્કૃતિક ધરોહરને સુરક્ષિત રાખવા સંબંધી તેમનાં વ્યવહારુ સૂચનો સુચિંતનીય બની રહે છે. અહીં ધ્યાનાર્હ બની રહે છે કે તેમણે 'વિશ્વ વિદ્યાલયોમાં નીપજતા જ્ઞાનને સંગૃહીત કરવાનું તથા તેનું વિતરણ કરવા માટે ગ્રંથાલય સેવાને શૈક્ષણિક પ્રવૃત્તિનું અભિન્ન અંગ' માત્ર શબ્દોમાં જ ગણાવ્યું નથી પરંતુ વ્યવહારમાં અમલીકૃત કરી બતાવ્યું છે. સુરત અને પાટણની યુનિવર્સિટીઓનાં ગ્રંથાલયોને

પ્રાણવાન બનાવવામાં તેમની ભૂમિકા પ્રશસ્ય રહી છે. આમ, આ બધા જ લેખોમાંથી પસાર થતાં લેખકની શિક્ષણ દૃષ્ટિ, યુનિવર્સિટીના વિકાસ અને વિદ્યાર્થીઓના ઘડતર માટેની પ્રતિબદ્ધતા, વ્યાપક વાંચન, સંસ્કૃત ભાષા–સાહિત્ય પ્રતિ અને સવિશેષતઃ આપણા આર્ષગ્રંથોના અધ્યયન–મનનમાં વિશેષ રસ–રુચિ ધ્યાનાર્હ બની રહે છે. વધુમાં, તેમણે નોંધ્યું છે કે ''આ લેખન પાછળનો આશય પશ્ચિમી સંસ્કૃતિ અને શિક્ષણને જ માત્ર સર્વશ્રેષ્ઠ સ્વીકારવાની આપણી રુગ્ણ માનસિકતાને દૂર કરવાનો રહ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં પણ વિશ્વની શ્રેષ્ઠ કહી શકાય તેવી ગુરુકુળ પરંપરા રહી છે. શિક્ષણની મુખ્ય ત્રણ શાખા અધ્યાત્મ, વિજ્ઞાન અને સમાજશાસ્ત્રમાં યોગદાન આપ્યું છે.'' આ ઉપરાંત પાટણ યુનિવર્સિટીના પાક્ષિક વૃત્તપત્ર 'ઉદીચ્ય'માં 'આદિવચન' અંતર્ગત લેખોમાં વૈવિધ્યનો હેતુ સ્પષ્ટ કરતાં તેમણે નોંધેલ શબ્દો ''જિજ્ઞાસુઓને આ અંગે વિશેષ વાંચનની પ્રેરણા મળી રહે તે છે. વિષયરુચિ અને વાંચન તથા અન્ય ગ્રંથોની સમજ મુજબ વિષયની જાગૃતિ યુવાનોમાં પ્રસરે તથા ઇન્ટર ડિસિપ્લિનરી અભિગમ કેળવાય તે રહ્યો છે.'' શિક્ષણવિદ્‌ના પોતને ઉજાગર કરનાર બની રહે છે. પ્રસ્તુત ગ્રંથ પૂર્વે લેખકના 'જ્ઞાનશક્તિ', 'કુલપતિની કલમે' વગેરે જેવાં શિક્ષણચિંતનથી સભર પુસ્તકો ઉપરાંત મૅનેજમેન્ટ વિષય ક્ષેત્રનાં કેટલાંક પુસ્તકો પ્રકાશિત થયાં છે, જે વિદ્યાજગતમાં સારો આવકાર પામ્યાં છે. આ બધાં પુસ્તકોમાં શિષ્ટ ભાષા અને સ્પષ્ટ વૈચારિક અભિવ્યક્તિ એ આગવો વિશેષ ગુણ બની રહે છે. ઉલ્લેખનીય છે કે ડૉ. પ્રજાપતિ All India Level Best Case Writer Award' by Association of India Manegement Schools, New Delhi, 'Guru Dronachary Award' by Indian Council of Social Welfare, New Delhi વગેરે એવૉર્ડ્સથી અલંકૃત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત તેમના માર્ગદર્શન હેઠળ ૫૦થી અધિક વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી મેળવી છે.

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ આ ગ્રંથને આવકારતાં તેને **'વ્યાપક આકાશનો અનુભવ'** તરીકે ઓળખાવીને નોંધેલ શબ્દો : ''શિક્ષણ એટલે ચેતનાની ખેતી. એ કાર્ય કરતાં — કરતાં શિક્ષણના અનુભવી અને ધર્મતત્ત્વના મર્મજ્ઞ પ્રો. બી. એ. પ્રજાપતિ જ્યારે દર્શનના ક્ષેત્ર પર દૃષ્ટિ માંડે, ત્યારે સાચે જ ભારતીય સંસ્કૃતિનું વિશાળ આકાશ દૃષ્ટિગોચર થાય છે... પોતાના વિષયમાં અને તદ્વિષયક સંશોધન ક્ષેત્રે [તેમણે] મહત્ત્વનું કાર્ય કર્યું છે, [પરંતુ] સૌથી વધુ આશ્ચર્યની વાત તો એ છે કે એક બાજુ તેઓ ઉપનિષદોનો અર્ક આલેખે છે. એનો વિષય, એનું દર્શન એના મહત્ત્વને દર્શાવે છે. વળી એમાં આલેખાયેલા તત્ત્વજ્ઞાનને સરળતાથી પ્રસ્તુત કરે છે અને એ રીતે આ ગ્રંથોનું એક સમગ્રલક્ષી વિહંગાવલોકન આપે છે. તો એ જ રીતે તેઓ 'જૈન આગમગ્રંથો' અને 'તત્ત્વાર્થસૂત્ર' જેવા ગ્રંથોના તત્ત્વજ્ઞાનને પ્રસ્તુત કરે છે, વળી કેટલાક ગ્રંથોમાં નિહિત કેળવણી વિચારને દર્શાવે છે... કોઈ યુનિવર્સિટીના વૃત્તપત્રમાં આવા વિશાળ ફલક ધરાવતા વૈવિધ્યપૂર્ણ અને જ્ઞાનસભર લેખો કુલપતિની કલમેથી પ્રાપ્ત થાય, તે વિરલ ઘટના છે... યુનિવર્સિટીના કુલપતિ દ્વારા ધર્મ અને અધ્યાત્મની વ્યાપક દૃષ્ટિએ કેળવણીના ઉદ્દેશથી થયેલી આ ગ્રંથરચનાને આવકારું છું.'' લેખકના વૈચારિક સમૃદ્ધિ, વ્યાપક તથા ગહન વાંચન – ચિંતન અને પ્રતિભાના પરિચાયક બની રહે છે.

ઉલ્લેખનીય છે કે પ્રો. પ્રજાપતિના અત્ર–તત્ર પ્રગટ થયેલા લેખો પૈકી ભારતીય ધર્મ–દર્શન અને શિક્ષણ વિશેના લેખોને એકત્રિત કરીને તેનું સંકલન – સંપાદન હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કાર્યકારી યુનિવર્સિટી લાઇબ્રેરિયન અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં કૉ-ઓર્ડિનેટર ડૉ. કનકબાળા જાની દ્વારા યુનિવર્સિટીના કુલગુરુ–લેખક પ્રત્યેની પ્રપત્તિભાવપૂર્વકની શ્રદ્ધાભક્તિથી – પ્રેરાઈને સૂઝબૂઝ અને ભારે કાળજીથી કરવામાં આવ્યું છે. એક તજ્જ્ઞ, ઉત્સાહી અને પ્રતિબદ્ધ ગ્રંથાલયી તરીકે લેખોને વર્ગીકૃત કરવાની તેમની ચીવટ, દૃષ્ટિપૂત વિવિધ સૂચિઓ અને આ સાથે ફીલર તરીકે જે તે લેખના અંતમાં વિષય સાથે સુસંગત અવતરણોની શોધ અને પસંદગીની દૃષ્ટિ પણ શ્લાઘનીય બની રહે છે. આ ઉપરાંત ખાસ નોંધપાત્ર બાબત એ છે કે સંપાદિકાનો ધર્મ–દર્શન પ્રતિ વિશેષ લગાવ–અભ્યાસના કારણે ગ્રંથસ્થ લેખોના ગહન

અધ્યયનથી પોતે વિશેષ પ્રભાવિત છે, જેની પ્રતીતિ 'સંપાદકીય' થકી થાય અને તેથી જ આ ગ્રંથને તેમણે 'માત્ર ગ્રંથ નહીં પરંતુ સદ્‌ગુરુની પ્રસાદી' ગણાવીને સૌ ગુણીજનોમાં વહેંચવા માટે પોતાની જાતને યશભાગી ગણાવી છે. આ ગ્રંથ પૂર્વે સંપાદિકા દ્વારા 'વગડાવો રૂડા ઢોલ (લગ્નગીતો – ગાણાં – ફટાણાં)', 'Public Libraries Acts in India.' 'વિચાર-વારસો' વગેરે ૬ ગ્રંથોનું સંપાદન – આલેખન – અનુવાદન કરવામાં આવ્યું છે. ગ્રંથના સત્વશીલ અને સંતર્પક વિષયવસ્તુ સાથે ગ્રંથની ધ્યાનાકર્ષક સાજસજ્જા, ટકાઉ બાંધણી, ઉત્તમ ગુણવત્તાવાળા કાગળ ઉપરનું મુદ્રણ વગેરે ધ્યાનાર્હ બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

**બીજા ભારતની યાત્રા / રાજગોપાલ પી. વી.; સંપા. જીલ કાર્લ-હેરિસ વગેરે; અનુવાદક : યતીશ મહેતા.** ભોપાલ : એકતા પરિષદ નૅશનલ ઑફિસ (ગાંધીભવન, શ્યામલા હિલ્સ, ભોપાલ-૪૬૨૦૦૨), પ્રકાશન વર્ષ નથી. ૨૦૨૦ ? ૫ આર્ટ પ્લેટસ, ૨૧.૫ X ૨૮ cm. કિંમત દર્શાવી નથી.

પ્રસ્તુત પુસ્તક એ મૂળમાં અંગ્રેજીમાં પ્રકાશિત 'Journey to the Other India' (૨૦૧૪)નો ગુજરાતી અનુવાદ છે. જેમાં 'છે કામના એક ખપી જવાની પીડિતનાં દુઃખ નિવારવામાં' શીર્ષક હેઠળની પ્રાર્થનાના હાર્દને આત્મસાત કરીને તેને પોતાનું જીવનધ્યેય બનાવનાર મૂળ કેરાલાના નિવાસી અને તામિલનાડુ (સેન્ટર ફૉર એક્સપિરિયન્સિંગ સોસિયો-કલ્ચર ઇન્ટરેક્શન - CESI, ગામ કડવુર, પો. છત્રપટ્ટી, નાથામ રોડ, મદુરાઈ, તામિલનાડુ)માં સ્થાયી થયેલા અને જયપ્રકાશ નારાયણ સાથે કેટલાંક વર્ષો કામ કરનાર તથા નઈ તાલીમની શિક્ષણપદ્ધતિથી અનુપ્રાણિત કૃષિ એન્જિનિયર શ્રી રાજગોપાલ પી. વી. ની ભારત-ભ્રમણની કથની છે કે જેમાં ભારતના વિવિધ વર્ગોના લાખો નિઃસહાય લોકોની વાસ્તવના ધરાતલ ઉપર દર્દનાક આપવીતિ ઉજાગર કરી આપવામાં આવી છે. આ સાથે જ ભારતનાં વિવિધ રાજ્યોમાં કાર્યરત સ્વૈચ્છિક સંગઠનો, લોકસંગઠનો અને કાર્યકરો જેમ કે આયરોમ શર્મિલા, સંતો, જાનકી, કુ. રાજમલ્લ, બીરોહીન - મહમદખાન, મીના-રાહુલ વગેરેની પ્રવૃત્તિઓની ઝાંખી કરાવવાની સાથે-સાથે સરકારી કર્મચારીઓનાં આ સંગઠનોને તોડવાના / અવરોધક નીવડવાના પ્રયાસો વગેરેને વાચા આપવામાં આવી છે. રાજગોપાલનું જીવનઘડતર ચંબલની ખીણના ડાકુઓ વચ્ચે જયપ્રકાશ નારાયણ અને જી. સુબ્બારાવના સાંનિધ્યમાં થયું હતું. વર્ષ ૧૯૭૨માં જયપ્રકાશ નારાયણ વગેરેના પ્રયત્નોના કારણે ચંબલની ખીણના ૫૭૮ ડાકુઓએ આત્મસમર્પણ કર્યાં બાદ આ નવયુવાન ગાંધીજને આદિવાસીઓ, ભૂમિહીનો, દલિતો, માછીમારો, ભટકતી પ્રજા, અને મજૂરોના ઉદ્ધાર માટે પોતાની જાતને સમર્પિત કરી દીધી છે. આ હેતુ 'એકતા પરિષદ'ની સ્થાપના કરીને વારંવાર ભારતભ્રમણ કરતા રહીને પ્રાયઃ વર્ષ ૨૦૧૧-૧૨ના એક વર્ષ દરમિયાન ભારતનાં ૨૪ રાજ્યોના ૩૩૮ જિલ્લાઓનો પ્રવાસ કરી વૈશ્વિકીકરણથી ગરીબીની હાલતમાં ધકેલાયેલાઓને ન્યાય અપાવવા પ્રયાસ કર્યો. આ સમસ્યાઓના ઉકેલ સંબંધી રાજગોપાલનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું છે કે 'અમારો પ્રયત્ન એ છે કે કાનૂની માળખામાં રહીને સામૂહિક અહિંસક માર્ગને રસ્તે સરકાર પર દબાણ લાવીને પ્રશ્નનો ઉકેલ લાવવો'. આ અહિંસક સંવાદયાત્રા - જનહિત આંદોલન - જનસત્યાગ્રહમાં અંદાજિત ૨૦૦૦ સંગઠનોનો સહકાર મેળવીને આ બેસહારા વર્ગને રૂબરૂમાં મળીને અને તેમની વિસ્થાપિત જિંદગી અને જીવનસંઘર્ષ નજરે નિહાળીને તેમની સમસ્યાઓ ઉજાગર કરવાની સાથે તેનો ઔચિત્યપૂર્ણ ઉકેલ પણ સૂચવ્યો છે. આ સાથે વિવિધ શિબિરોનું આયોજન કરી વિવિધ કામગીરીમાં સહાયભૂત પણ નીવડતા રહે છે. આ કાર્યમાં તેમનાં કેનેડિઅન પત્ની શ્રીમતી જીલનો પણ મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો છે. આપણાં તુલા-સંજયની માફક આ યુગલે પણ સેવાકાર્યો માટે પોતાની જાતને સમર્પિત કરી દીધી છે.

અહીં ક્રમાનુસાર મધ્યભારત, દક્ષિણ ભારત, પૂર્વિય ભારત, ઉત્તર-પૂર્વિય ભારત અને પશ્ચિમ ભારતના પ્રદેશોની સમયે-સમયે જાતયાત્રા કરીને જે તે પ્રદેશોની ભૌગોલિક અને અન્ય આનુષંગિક માહિતી આવશ્યકતાનુસાર ખૂબ જ સંક્ષેપમાં વર્ણવીને જે-તે પ્રદેશમાં જે-તે યોજના - ઔદ્યોગિક ગૃહો, કોલસા

ઈત્યાદિ ખનીજો માટે ખોદકામ, પાવર પ્લાન્ટ્સ, ન્યુક્લિયર પ્લાન્ટ, નદીઓ ઉપરના બંધો વગેરેની પ્રસ્થાપના કરવામાં આવતાં તેનો ભોગ બનેલા - વિસ્થાપિત થયેલા લોકોની સમસ્યાઓની વાચા આપવામાં આવી છે. આ બધી ઘટનાઓ વાંચતાં જ કોઈ પણ સહૃદયી વ્યક્તિનું હૃદય અને આંખો ભીજાયા સિવાય ન રહે તેમ જ તેને વિચારવા બાધ્ય કરે જ. આજે આપણે સૌ વિકાસ પાછળ ગાંડા થયા છીએ. આ વિકાસ કોના માટે અને કોના ભોગે તેનો થોભીને અને પોતાની જાતને ત્યાં મૂકીને વિચાર કરીએ તો સંભવ છે કે વિકાસ પાછળની તેની સમસ્યાઓના ઉચિત ઉકેલો કરવા બાધ્ય કરે જ. આ પ્રકારની યોજનાઓ રાષ્ટ્રના બહુઆયામી વિકાસ માટે જરૂરી છે. આમ છતાં જેઓ સદીઓથી જ્યાં કોઈ સ્થળે સ્થાયી થયેલા છે તેમને અન્યત્ર ખસેડવામાં આવે ત્યારે તેમને જમીનના વળતરરૂપે કેટલાક રૂપિયા આપીને કે રહેઠાણની વ્યવસ્થા કરી આપવાથી ઈતિ અલમ માની લેવું તે કેટલા અંશે યોગ્ય છે ? પોતાની જમીન ઉપર આત્મનિર્ભર રહી સમૂહમાં જીવન પસાર કરતા હતા તેના બદલે આપેલા રૂપિયા થોડાક સમયમાં વપરાઈ જતાં ભોગ બનેલાઓ પૈકી ઘણી - ખરી આદિવાસી પ્રજાના કુટુંબ - કબીલાઓ વિખરાઈ જતાં અજ્ઞાત પ્રદેશોમાં ભટકાઈને / શહેરોની ગંદી ઝૂંપડપટ્ટીઓમાં દુઃખદ જીવન વિતાવી રહ્યા છે, જ્યારે વિકાસથી લાભાન્વિત પ્રજા બહુવિધ રીતે વિકસી રહી છે. આદિવાસીઓ, ભૂમિહીનો, મજૂરો વગેરેને સ્વતંત્રતાનો શો લાભ ? પ્રસ્તુત પુસ્તકની મર્યાદા એ છે કે પૃષ્ઠ નંબર આપવામાં આવ્યા નથી. કૃત્રિમ / મશીન અનુવાદની છાંટ પણ અનુભવાય છે.

આવો, આપણે રાજગોપાલનાં કેટલાંક અવલોકનો મમળાવીએ :

ઝ શાસકવર્ગ જમીન અને સંસાધનો ધરાવતી જાતિઓથી દોરાતો હોય છે, તેથી તેના માટે નબળી અને હાંસિયામાં ધકેલાયેલી પ્રજાની તરફેણમાં ક્રાંતિકારી પગલાં લેવાં સહેલાં નથી.

ઝઆદિવાસીઓ પોલીસના બાતમીદાર છે એવો વહેમ શસ્ત્રધારી સંગઠનોને હોય છે અને એ જ પોલીસ શસ્ત્રધારી સંગઠનોને મદદ કરવાના આરોપ સાથે જેલમાં પૂરે છે. વળી શસ્ત્રધારી સંગઠનો યુનિફોર્મમાં આવે તો આ નિર્દોષ પ્રજા તેની સચ્ચાઈ કઈ રીતે પારખી શકે ? વળી પોલીસ / મિલિટરી જૂથો આદિવાસીઓની ભાષા અને સંસ્કૃતિ જાણતા ન હોવાથી પ્રશ્નો પેદા થાય છે.

ઝ છત્તીસગઢના સુંદરગઢ અને ઝરસુગુડામાં પાણીનાં તળાવ પ્રદૂષિત થઈ ગયાં છે, જાનવરો પણ પાણી પીવાનો વિરોધ કરી રહ્યાં છે, તેમજ શાકભાજી, ધાન અને ફૂલો પણ પ્રદૂષણને કારણે કાળાં પડી ગયાં છે. બારાપલ્લી ગામ આખું સ્પોન્જ લોખંડના કારખાનાની કાળી રજથી છવાઈ ગયું છે. છાપરાં, વૃક્ષો, ખેતીવાડીની જમીન અને હકીકતમાં આખો પ્રદેશ કાળો થઈ ગયો છે.

ઝ મજદૂરો બહારથી લાવવામાં આવી રહ્યા છે, જ્યારે સ્થાનિક લોકો પાસેથી તેમનાં સંસાધનો લેવામાં આવી રહ્યાં છે.

ઝખમતીધરો, ઠેકેદારો અને કંપનીઓએ તળાવો, સરોવરો અને સરકારી જમીનો ઉપર કબજો જમાવી દીધો છે.

ઝકિસાનોની જમીન સરકાર લેશે તો કિસાનોને વળતર મળશે પણ ખેતમજૂરોનું શું થશે ?

ઝકિન્નરો - હિજડાઓ, દેવદાસીઓ વગેરે આર્થિક અને સામાજિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયાં છે. તેમને ગુજરાન માટે જમીન આપવી જોઈએ.

ઝ પશ્ચિમ બંગાળમાં સાંથલ આદિવાસી કુટુંબો ગરીબી રેખાથી નીચે જીવે છે. તેમની સાથે જમીનમાલિક ગુલામો જેવું વર્તન કરે છે. જે જમીન પર તેઓ વસેલા છે તે જમીન પણ પોતાની નથી. આના કારણે સરકારી સંસ્થાઓ તરફથી તેમને કોઈ સહાય મળતી નથી.

ઝઓળખપત્રના અભાવે આદિવાસીઓ વગેરેને સરકારી યોજનાનો કોઈ લાભ મળતો નથી અને સરકારી કર્મચારીઓએ ઓળખપત્ર કાઢી આપવાને આવકનું સાધન બનાવ્યું છે.

ઝ સરકાર સસ્તા ભાવે ચોખા, ઘણી જાતનાં નિવૃત્તિ-વેતન લોકોને આપે છે. પરંતુ આ લોકો સ્વાવલંબી બને તે માટે જમીન આપવામાં આવતી નથી.

ઝઆભડછેટ અને દલિતો પર થતા જુલમો આખા દેશની સમસ્યા છે. શિક્ષિતવર્ગ પણ આ માનસિકતા ધરાવે છે. આ ભેદભાવ સામે વિદ્રોહ કરવો જોઈએ.

ઝભૂદાન કાર્યક્રમ વખતે કુલ જમીનમાંથી લગભગ ૫૦ ટકા જમીન બિહારમાંથી મળેલી. જે દાતાઓએ તેમની જમીન દાનમાં આપી હતી તેમનાં જ બાળકો બાપદાદાએ દાનમાં આપેલી જમીન છીનવી રહ્યા છે. વક્રતા એ છે કે જે લોકો ખરેખર જમીનના માલિક છે (જેમને જમીન ભેટમાં મળી હતી) એ હજુ સુધી સરકારને જમીન-કર ભરે છે, જ્યારે તાકતવર માણસ એને ખેડી રહ્યો છે. ઘણા કિસ્સામાં જે ખરેખરો માલિક હોય તે જમીન ખેડે અને લણણીનું કામ તાકતવર લોકો કરે છે.

ઝ શા માટે તાકતવર વર્ગના લોકો એ માનવા તૈયાર નથી કે એમની જવાબદારી વંચિત સમાજ પ્રત્યે ઘણી વધારે છે ? શા માટે રાજકીય નેતાઓ સમજતા નથી કે એમની બેજવાબદારીભરી વર્તણૂકથી ભારતની આજે આ હાલત થઈ છે ?

ઝજે લોકોને નીચે ધકેલવામાં આવ્યાં છે, જેમનાં જીવનનાં સંસાધનોને છીનવી લેવામાં આવ્યાં છે, એ વર્ગને હક્કો મળવા જોઈએ અને જે લોકોને લાભો મળ્યા છે તેમણે હક્કો માગવાનું બંધ કરવું જોઈએ.

ઝ ગરીબો અને હાંસિયામાં ધકેલાયેલા લોકોના હક્કો માટે હું દલીલ કરું છું ત્યારે મારે એ પણ છુપાવવું ન જોઈએ કે એ સમાજમાં પણ હક્કો અને જવાબદારી માટે સવાલ છે.

ઝ શા માટે ભણેલા લોકો તેમને મળેલા વ્યવસાયમાંથી વિવિધ જાતના લાભ લે છે ? તેમને એ એહસાસ થતો નથી કે તેમને જે મળે છે તે એ લોકો સાથે વહેંચવું જોઈએ ?

ઝ નફાનો મામૂલી હિસ્સો લોકોના ભલા માટે વાપરીને ઔદ્યોગિક જૂથો બતાવવા માગે છે કે તેઓ પોતાની સામાજિક જવાબદારી પૂરી કરી રહ્યા છે. એમને ગાંધીજીની ટ્રસ્ટીશિપના દૃષ્ટિકોણને સમજતાં ઘણાં વરસો લાગશે.

ઝ દેશમાં અહિંસક ચળવળ હિંસાની ચળવળ કરતાં ઘણી વધારે ચાલે છે તેમ છતાં અફસોસ થાય છે કે હિંસક ચળવળોને વધારે છાપવામાં આવે છે. અખબારો અને સામયિકો પાસે શાંતિ માટે પીસ રિર્પોટર પણ હોવા જોઈએ.

હકીકતમાં આ બધા જ પ્રશ્નો / અવલોકનો આપણને બીજા ભારતનું યથાર્થ દર્શન કરાવે છે. વિકાસનાં કાર્યો સાથે જે કોઈ વર્ગને સહન કરવું પડે છે તેમની સમસ્યાઓ અને તેમના ભાવિ વિકાસ માટે નક્કર કાર્યો અપેક્ષિત બની રહે છે અને આ સાથે જ હિંદુ ધર્મનું કલંક એવી ઊંચ - નીચ, આભડછેટની પ્રથાનો સદંતર ત્યાગને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી રહી, અન્યથા ભારતનું - હિંદુ સમાજનું ભાવિ ધૂંધળું બની રહેશે.

ઉલ્લેખનીય છે કે શ્રી રાજગોપાલ દેશ-વિદેશની અનેકવિધ સંસ્થાઓ સાથે સક્રિયપણે જોડાયેલા છે, જેમ કે ‘ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન’ (નવી દિલ્હી) - મંત્રી, ‘અખિલ ભારત નઈ તાલીમ સંઘ’ તથા ‘જમનાલાલ બજાજ ઇન્ટરનૅશનલ અવૉર્ડ સમિતિ’ના સભ્ય, ‘ઇન્ટરનૅશનલ ગાંધીઅન ઇનિશિએટિવ ફૉર નોન-વાયોલન્સ ઍન્ડ પીસ’ના મૅનેજિંગ ટ્રસ્ટી, ૧૨મી પંચવર્ષિય યોજનાના કાર્યકારી જૂથના વંચિતો માટેના સભ્ય વગેરે. તેમની સેવાઓને ધ્યાને લઈ અનેકવિધ સંસ્થાઓ દ્વારા પોતાના બહુમૂલ્ય પારિતોષિકો અર્પણ કરી વિભૂષિત કરવામાં આવ્યા છે, જેમ કે ‘સ્વરાજ મિલિનિયમ અવૉર્ડ’-૨૦૧૦, ‘હ્યુમન રાઇટસ અવૉર્ડ’-૨૦૧૨, ‘પ્રો. એન. એ. કરીમ અવૉર્ડ ફૉર આઉટસ્ટેન્ડિંગ પબ્લિક સર્વિસ’-૨૦૧૨, ‘અણુવ્રત અહિંસા અવૉર્ડ ફૉર ઇન્ટરનૅશનલ પીસ’-૨૦૧૩, ‘ઇન્દિરા ગાંધી નૅશનલ ઇન્ટિગ્રેશન અવૉર્ડ’ - ૨૦૧૫, ‘ક્રિસી યોદ્ધા અવૉર્ડ’ - ૨૦૧૭ વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

**મણિભાઈ પ્રજાપતિ**

ભારતીય હિંદુ સમાજને ત્રણ મહારોગો લાગુ પડેલા છે. જો એક મહારોગ લાગુ પડે તોપણ મૃત્યુ થઈ જાય, તો જેને ત્રણ-ત્રણ મહારોગ સેંકડો વર્ષોથી લાગુ પડ્યા હોય તેનું શું થાય? તે વિચારવાનું છે. યાદ રહે ગુલામી એ મૃત્યુ કરતાં પણ ભૂંડી સ્થિતિ કહેવાય. હિંદુ પ્રજા સેંકડો વર્ષો સુધી ગુલામ રહી તેનું મૂળ કારણ આ મહારોગો છે. મહારોગો આ પ્રમાણે છે :

(૧) વર્ણવ્યવસ્થા, (૨) શસ્ત્રત્યાગી અહિંસા અને (૩) પલાયનવાદ

**– સ્વામી સચ્ચિદાનંદ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### અલંકાર કાર્યશિબિર

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ શાળાઓના ગુજરાતી વિષયના શિક્ષકો અને બી.એડ. કૉલેજોના તાલીમાર્થીઓ માટે તા. ૦૪-૦૧-૨૦૨૦ના રોજ અલંકારની વિભાવના વિશે કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તજજ્ઞ ડૉ. નિયતિ અંતાણીએ અલંકાર એટલે શું ? અલંકારનું કાવ્યમાં સ્થાન, શબ્દાલંકાર અને અર્થાલંકારના વિવિધ પ્રકારો વગેરેની ઉદાહરણ આપી સમજ આપી હતી.

### ઔદ્યોગિક મુલાકાત

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, દ્વારા વિદ્યાર્થીઓ માટે તા. ૧ અને ૧૧ જાન્યુઆરીના દિવસે અમૂલ ડેરી, આણંદ તથા ૨૦ જાન્યુઆરીના રોજ જીવીકે ૧૦૮ ઈમરજન્સી સર્વિસની મુલાકાતનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ પોતાના વિષયને અનુલક્ષીને ઔદ્યોગિક માહિતી મેળવી હતી.

●બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)નાં વિદ્યાર્થીઓ માટે મુન્દ્રા પોર્ટની ૩૦-૩૧ જાન્યુઆરી તથા આણંદમાં સ્થિત આર્કોગુલ કંપનીની ઔદ્યોગિક મુલાકાતનું તા. ૪ ફેબ્રુઆરીના રોજ આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ કંપનીનાં વ્યવસ્થાપન, ઉત્પાદનો અને માર્કેટિંગ સંબંધી વિસ્તૃત માહિતી મેળવી હતી.

### પત્રકારત્વ

● એપીજય ઇન્સ્ટિટ્યૂટ ઑફ માસ કોમ્યુનિકેશન નવી દિલ્હી દ્વારા તા. ૩૧ જાન્યુઆરીના રોજ આયોજિત 'Annual Media Chaupal 2020'માં 'Special Guest' તરીકે શ્રી મિતેષ મોદી (પત્રકારત્વ વિભાગ)ને આમંત્રિત કરવામાં આવતાં તેમણે ભાગ લઈ પોતાની સક્રિય ઉપસ્થિતિ દર્જ કરાવી હતી.

### પરિસંવાદ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા Woman Development Cell અંતર્ગત અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન તા. ૧૮ અને ૨૫ જાન્યુઆરીના દિવસોમાં કરવામાં આવ્યું હતું. જેમાં Love Your Self વિશે પ્રા. ડૉ. મનીષ રાવલ (મહિલા હૉમ સાયન્સ કૉલેજ, રાજકોટ) અને Emotional Quotient તથા Life Skills for Skillfull Life વિશે વિહાસ ઇન્સ્ટિટ્યૂટ ઑફ લેંગ્વેજ ડેવેલપમેન્ટનાં ફાઉન્ડર શ્રીમતી આમ્રપાલી વ્યાસે સમજૂતી આપી હતી.

### પ્રામાણિકતા

● પ્રમુખ સ્વામી સાયન્સ ઍન્ડ એચ. ડી. પટેલ આર્ટસ કૉલેજના વિદ્યાર્થી (બી.એ., સેમેસ્ટર-૬) રાજ દિનેશભાઈ સોનીને સર્વ વિદ્યાલય કેમ્પસમાંથી રૂ. ૫૦૦૦/-ની રકમ મળતાં આ રકમ તેમણે કેમ્પસમાં સ્થિત સલામતી સમિતિની ઑફિસમાં જમા કરાવતાં આ રકમ તેના મૂળ માલિકને શોધીને પરત કરવામાં આવી હતી. ચિ. રાજે સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી હોવાની ઓળખ પ્રસ્થાપિત કરી તેમજ સર્વ વિદ્યાલયનું કલ્ચર એટલે શું તે ઉજાગર કરી આપતાં તેની પ્રામાણિકતા માટે મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

### ભાષા કૌશલ્ય શિબિર

● ઉમા આટ્ર્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી, માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન અને કૉલેજના સંયુકત ઉપક્રમે તા. ૧૬થી ૨૧ ડિસેમ્બર દરમિયાન 'ભાષા કૌશલ' શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે ધ્વનિ ઘટક વ્યવસ્થા, પ્રિ. કલ્પેશ પટેલે અનુસ્વાર અને ભાષાશાસ્ત્રી ઉમાકાન્ત રાજગુરુએ

છંદ અને અલંકાર વિશે મનનીય વ્યાખ્યાનો આપી વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપ્યું હતું.

### ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલનના તા. ૪ જાન્યુઆરીના રોજ યોજવામાં આવતાં ૩૫૦થી અધિક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમના પ્રારંભે આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાએ સ્વાગત પ્રવચન કરી સંમેલનની પ્રસ્તુતતા સમજાવી હતી. પ્રા. ડૉ. મેહુલ પટેલ અને પ્રા. ડૉ. રણછોડ રથવીએ કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓ અંગે વાત કરી હતી વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે પોતાની યશોજ્જ્વલ કારકિર્દી ઘડનારા ૨૫ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

### રમતગમત

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા તા. ૨૩ અને ૨૪ ડિસેમ્બરના દિવસોમાં Sports Carnivalનું આયોજન કરવામાં આવતાં તેનું ઉદ્‌ઘાટન એસ.જી.એસ. યુનિવર્સિટીના ડૉ. સુધીરકુમાર શર્મા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરની ૬ શાળાઓએ ભાગ લેતાં વિવિધ રમતોનું તથા ગૅમ સ્ટોલ અને ફૂડ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું.

### રાષ્ટ્રીય સેવા યોજના શિબિર

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ)ના NSSની વાર્ષિક શિબિરનું આયોજન સરઢવ ગામમાં તા. ૭-૧૨ જાન્યુઆરી, ૨૦૨૦ દરમિયાન કરવામાં આવતાં ૫૧ સ્વયં સેવકોએ ભાગ લીધો હતો. આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિ અને ઉપાચાર્ય ડૉ. જયેશ તન્નાએ પ્રસંગોચિત ઉદ્‌બોધનોમાં રાષ્ટ્રીય સેવા યોજનાના હેતુઓ અને શિબિર બાબતે માર્ગદર્શિત કર્યા હતા. પ્રોગ્રામ ઑફિસર પ્રા. ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ અને ચરિત્ર નિર્માણના ઘડતર માટેનું શ્રેષ્ઠ માધ્યમ હોવાનું જણાવ્યું હતું. શિબિરમાં ગ્રામસફાઈ અને વ્યસનમુક્તિ અભિયાન, મફત મેડિકલ સારવાર કૅમ્પ, રમતોત્સવ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું, તેમજ વિદ્યાર્થીઓએ લોકસંપર્ક કેળવી સમાજ સુધારણાનાં વિવિધ કાર્યો કર્યાં હતાં. સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત જન જાગૃતિ ફેલાય તેવાં નાટકો, ગીતો રજૂ કરવામાં આવ્યાં હતાં. શિબિરાર્થીઓને પૂજ્ય છગનભાના નિવાસસ્થાનની મુલાકાતે લઈ જઈ સર્વ વિદ્યાલયની સ્થાપના અને વિકાસમાં તેમની ભૂમિકા સમજાવી હતી.

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા NSSની વાર્ષિક શિબિર કડી તાલુકાના વામજ મુકામે ૩૦ ડિસેમ્બર - ૫ જાન્યુઆરી, દરમિયાન યોજવામાં આવતાં શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે સરપંચ શ્રીમતી મીનાબહેન પટેલ અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે પ્રો. ઑ. ડૉ. રણછોડ રથવીએ સૌનું સ્વાગત કરી NSSનું હાર્દ સમજાવી શિબિરની રૂપરેખા રજૂ કરી હતી. શિબિર દરમિયાન ૧૦૦ વિદ્યાર્થીઓએ લોકજાગૃતિ અંતર્ગત વ્યસનમુક્તિ, સ્વચ્છતા, શારીરિક વ્યાયામ, શિક્ષણજાગૃતિ, બેટી બચાવો - બેટી પઢાઓ, માતા-પિતા અને ગુરુજનોનો આદર-સત્કાર કરો અને ટ્રાફિક નિયમોની જાગૃતિ વિશે કામગીરી કરીને ગામમાં ફરીને આ સંબંધી સૂત્રોચ્ચાર કર્યો હતો, તેમજ લોકસુધારણા સંબંધી સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવતી હતી. શિબિરના અંતિમ દિવસે વિદ્યાર્થીઓને પુસ્તકો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

● શ્રી માણેકલાલ એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાઈન્સિસ એન્ડ રિસર્ચ દ્વારા NSSના વાર્ષિક શિબિરનું આયોજન તા. ૦૫થી ૧૧ ફેબ્રુઆરી દરમ્યાન કરજીસણ મુકામે કરવામાં આવતાં ૨૫ વિદ્યાર્થીઓ અને ૨૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. શિબિરમાં વિદ્યાર્થીઓ દ્વારા વ્યસન મુક્તિ, સ્વચ્છતા અભિયાન, પ્લાસ્ટિક મુક્ત ભારત, બેટી બચાવો - પઢાવો, પાણી બચાવો, જેવી પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ગ્રામલોકોમાં જાગૃતિ લાવવામાં આવી હતી. પ્રિ. ડૉ. કેયુર શાહ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. શિબિરનું સંચાલન પ્રો. હરીશ વનાર દ્વારા કરવામાં આવ્યું હતું. શિબિર આયોજનમાં કરજીસણના સરપંચશ્રી અને ગ્રામજનોનો સારો સહકાર સાંપડયો હતો.

### વાંચન શિબિર

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા તા. ૧૯થી ૨૧ ડિસેમ્બર દરમિયાન 'બા-બાપુ ૧૫૦મી

જન્મજયંતી' વિષય પર વાંચન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતવ્ય સ્પર્ધા, પોસ્ટ કાર્ડ લેખન સ્પર્ધા, પુસ્તક સમીક્ષા, દાંડી કુટિર યાત્રા વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. પોસ્ટ કાર્ડ લેખન અંતર્ગત 'બાપુ તમે આઝાદી અપાવીને ખુશ છો ?' એ વિશે વિદ્યાર્થીઓએ ખુલ્લા મનથી ગાંધી બાપુને પોસ્ટ કાર્ડ લખીને પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ડૉ. નિમિષાબહેન શુક્લએ 'ગાંધીજી આજના યુવાનો માટે કેટલા પ્રસ્તુત', શ્રી ડંકેશ ઓઝાએ 'ગાંધીજીના પર્યાવરણ વિષયક વિચારો' ઉપરાંત કૉલેજના અધ્યાપકો દ્વારા ગાંધીજીનાં જુદાં-જુદાં વ્રતો વિશે વક્તવ્યો આપ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન પ્રિ. ડૉ. વિજ્ઞા ઓઝાની નિશ્રામાં પ્રા. નયના રંગવાલા અને ગ્રંથપાલ શ્રી શ્રદ્ધા વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રદર્શન

● શ્રી માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ એન્ડ રિસર્ચ દ્વારા તા. ૬ - ૭ જાન્યુઆરી, ૨૦૨૦ના દિવસોમાં સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર ખાતે 'Science and Technology Exibition 2020'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો થીમ 'Role of Non – Conventional Energy Resources in Re-designing Enviornment' – કુદરતી સ્રોતોનો વધારેમાં વધારે ઉપયોગ કરીને પર્યાવરણને થતું નુકશાન ઓછું કરવાનો રહયો હતો. ઉદ્દઘાટન પ્રસંગે વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ, ગુજકોસ્ટના ચેરમેન ડૉ. નરોત્તમ સાહુ, કુલપતિ ડૉ. ગાર્ગી રાજપરા, રજિસ્ટ્રાર શ્રી એસ. કે. મંત્રાલા, પ્રિ. ડૉ. કયૂર શાહ સહિત યુનિવર્સિટીના વિવિધ વિભાગોના અધ્યક્ષશ્રીઓ / આચાર્યો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રદર્શનમાં વિવિધ વિદ્યાશાખાઓનાં વિદ્યાર્થીઓ દ્વારા થીમને અનુલક્ષીને ૧૫૦ જેટલાં લાઈવ મોડેલ રજૂ કરવામાં આવ્યાં હતાં. ડૉ. નરોત્તમ સાહુએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શકિતઓના વિકાસ અર્થે આવા કાર્યક્રમોની ખાસ આવશ્યકતા છે, જ્યારે શ્રી વલ્લભભાઈ પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે પસંદગી પામેલ લાઈવ મોડેલ પર વિશેષ સંશોધન અર્થે જરૂરી સહયોગ પૂરો પાડીને વિદ્યાર્થીઓને રિસર્ચ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. આ પ્રદર્શનનો વિવિધ શાળા / કૉલેજોના ૩૫૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી.

## વ્યાખ્યાન

● ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજમાં પ્રા. આત્મન એચ. શાહ (સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ)નું ભારતીય અર્થતંત્રના પડકારો અને રિઝર્વ બૅંકની નાણાકીય નીતિનું મૂલ્યાંકન વિશે વ્યાખ્યાન યોજવામાં આવતાં તેમણે જણાવ્યું કે ભારતીય અર્થતંત્રના પડકારોમાં દેશની રિઝર્વ બૅંકની નાણાકીય નીતિનાં સાધનો દ્વારા ફુગાવાને તથા મંદીને નાથી શકાય છે અને ભવિષ્યમાં નાણાબજારની સમતુલાઓ દ્વારા દેશનો આર્થિક વિકાસ વધારે થશે. આ ઉપરાંત 'સાંપ્રત સમાજમાં મહાત્મા ગાંધીજીના વિચારોની પ્રસ્તુતતા' એ વિષય ઉપર ડૉ. રાજેન્દ્રભાઈ જાની (એસો. પ્રોફેસર, અનુસ્નાતક સમાજશાત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી)એ તા. ૨ જાન્યુઆરીના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે ગાંધીજીના જીવનના વિવિધ પ્રસંગોને સાંકળીને માનવીય અને સામાજિક જીવનનાં મૂલ્યો અને ગુણો - મુખ્યત્વે સત્ય, અહિંસા, પ્રેમ, સત્યાગ્રહ, શિસ્ત, સ્વરાજ, સ્વચ્છતા વગેરે વિશે પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. આ બંને કાર્યક્રમોમાં પ્રિ. ડૉ. અમૃતાબહેન પટેલ, વાઈસ પ્રિ. ડૉ. પ્રણવભાઈ જોષીપુરાએ પ્રસંગોચિત ઉદ્દબોધનો કરી વિદ્વત્ત વ્યાખ્યાનોનું મહત્ત્વ સમજાવ્યું હતું.

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજમાં લાયન્સ કલબ ઑફ અમદાવાદ અને સાલ હૉસ્પિટલ હેલ્થ કેર વિથ વુમન વિભાગ દ્વારા કેન્સર વિશે વ્યાખ્યાનનું આયોજન તા. ૪-૨-૨૦૨૦ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન ડૉ. હરીશ ત્રિવેદીએ કેન્સરનો રોગ કઈ રીતે થાય છે ? તેનાં લક્ષણો અને વિવિધ પ્રકારો વિશે અને ડૉ. કિન્નર શાહે વિવિધ ફોટાઓ બતાવીને જુદા જુદા પ્રકારના કેન્સરની માહિતી આપી હતી. ડૉ. રૂપા શાહે નીરોગી અને નિરામય સમાજ કઈ રીતે બની શકે તેની માહિતી આપી તમાકુ - ગુટખા ખાવાથી શરીરને થતા

નુકસાન વિશે સમજ આપી હતી.

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા Expert Lecture યોજના અંતર્ગત Economic Planning and Black Economy વિશે ડૉ. માધ્વી (પ્રા. એસીડીઆર મહિલા કૉલેજ, રાજકોટ)ને આમંત્રિત કરવામાં આવતાં તેમણે તા. ૨૧-૨૨ જાન્યુઆરીના દિવસોમાં આ વિશે વ્યાખ્યાનો આપ્યાં હતાં.

## સર્વ નેતૃત્વ શિબિર

● 'સર્વ નેતૃત્વ'ની ૫૧મી નિવાસી તાલીમ શિબિર સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં આયોજિત કરવામાં આવતાં ૧૫ કૉલેજોના ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શિબિરમાં મૅનેજમેન્ટ ટ્રેનર શ્રી સુરેશભાઈ પટેલ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ થકી આદર્શ વિદ્યાર્થી, આદર્શ સંતાન અને આદર્શ નાગરિક બનવા માટેના પાઠ શીખવવામાં આવ્યા હતા, તેમજ જરૂરી કૌશલ્યોની તાલીમ આપી હતી. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે શ્રી ઉદયભાઈ જાદવ અને નિષ્ઠાબહેને વિદ્યાર્થીઓને જીવનસંઘર્ષ અને પોતાના અનુભવોની ચર્ચા કરી પ્રેરણા પૂરી પાડી હતી. સમાજની ઉમદા સેવા કરવા બદલ શ્રી ઉદયભાઈ જાદવને મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ દ્વારા મેમેન્ટો આપી બિરદાવવામાં આવ્યા હતા. પ્રિ. ડૉ. કપિલ ત્રિવેદીએ યોગ, ધ્યાન અને કસરતનું મહત્ત્વ સમજાવ્યું હતું. પૂર્વ તાલીમાર્થીઓ દ્વારા વિવિધ પ્રોજેક્ટસ પણ રજૂ કરવામાં આવ્યા હતા. છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને હાજીપુર સ્થિત મંથન અપંગ કન્યા સંકુલની મુલાકાત કરાવી હતી.

● ગાંધીનગરના સેક્ટર ૧૬ની ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતાં બાળકો માટે દર અઠવાડિયે 'સર્વ નેતૃત્વના યુવાનો દ્વારા 'મિશન વિદ્યા પ્રોજેક્ટ' અંતર્ગત શિક્ષણ અને સંસ્કારના સિંચન માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ૨૦૨૦ની શરૂઆતમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ જીવનમાં યોગ અને ધ્યાનના મહત્ત્વ વિશે સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૪૨ વિદ્યાર્થીઓએ ૫૦ બાળકો સાથે નવા વર્ષની ઉજવણી કરી હતી. આ ઉપરાંત 'મિશન સેફ સ્કાય' અંતર્ગત ઉત્તરાયણ પર્વના દિને અબોલ પક્ષીઓને બચાવવા માટે ગાંધીનગરના વિવિધ વિસ્તારોમાં વિદ્યાર્થીઓએ ફરીને ગમે ત્યાં દોરીના ગુચ્છ નહીં ફેંકવા, ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા, પતંગ ક્યારે ન ચગાવવા વગેરે અંગે પંતગચાહકોને સમજાવ્યા હતા.

● કડી સર્વ વિશ્વવિદ્યાલય અને ગીર ફાઉન્ડેશન દ્વારા પ્રકૃતિ શિક્ષણ અને યુવા સશક્તિકરણ શિબિર અરણ્ય પાર્ક ખાતે યોજાઈ, જેમાં વિદ્યાર્થીઓને વનભ્રમણ, વન્ય જીવો અને પર્યાવરણ વિશે માહિતી આપવામાં આવી હતી. શિબિર દરમિયાન યોગાચાર્ય અને ટ્રેનર શ્રી જે. સી. પટેલે ઈમોશનલ મૅનેજમેન્ટ, હેલ્થ મૅનેજમેન્ટ, ઇન્ટર પર્સોનલ સ્કીલ, સ્ટ્રેસ મૅનેજમેન્ટ, ટાઇમ મૅનેજમેન્ટ અને માઈન્ડ પાવર વિશે સમજ આપી હતી. ગીર ફાઉન્ડેશનના ડાયરેક્ટર શ્રી આર. ડી. કામ્બોજ, ડેપ્યૂટી ડાયરેક્ટરશ્રી ડી. સી. મેહતા અને અન્ય અધિકારીઓએ ગીર ફાઉન્ડેશનનાં કાર્યો અને યુવાનો પર્યાવરણને જાળવણી અને સંરક્ષણ માટે શું શું કરી શકે તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

● તા. ૨૬ જાન્યુઆરીના રોજ સર્વ નેતૃત્વના વિદ્યાર્થીઓ - એલડીઆરપી એન્જિનિયરિંગ અને વીપીએમપી પોલિટેક્નિકના વિદ્યાર્થીઓએ ગણંતત્ર દિવસે 'મિશન ગિફ્ટ પ્રોજેક્ટ' અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના પરિવારોને કપડાં, બૂટ - ચંપલ આપી અને તેઓને વ્યસનમુક્તિ, આર્થિક આવક અને બચત કઈ રીતે કરવી તથા રોજગારી મેળવવાના રસ્તાઓ બતાવીને ઉલ્લાસ અને ઉત્સાહભેર રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી હતી.

# શાળા વિભાગ

## કલામહાકુંભ-૨૦૨૦

● રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરના ઉપક્રમે ગોપાલક વિદ્યાસંકુલના સહયોગથી કલામહાકુંભ-૨૦૨૦ ઝોન કક્ષા તા. ૨૦, ૨૧ - જાન્યુઆરી, ૨૦૨૦ દરમિયાન યોજાઈ ગયો. જેમાં સી. એમ. હાઈસ્કૂલના સ્પર્ધકો નીચે દર્શાવ્યા મુજબ વિજેતા થયા. ઝોન એ તાલુકા કક્ષાએ દિનેશ ચૌધરી સમૂહગીતમાં પ્રથમ, એક પાત્રીય અભિનય કૃપાલસિંહ સરવૈયા પ્રથમ, નિબંધ સ્પર્ધા ૧૫થી ૨૦ વર્ષ પ્રથમ ગુલવે-પ્રથમ, ભજન અને લોકગીત ૧૫થી ૨૦ વર્ષ

મહેશ પ્રજાપતિ પ્રથમ, ભજન અને લોકગીત ૬થી ૧૪ વર્ષ શુભમ પ્રજાપતિ પ્રથમ, ચિત્ર સ્પર્ધા ૧૫થી ૨૦ વર્ષ - દિવ્યરાજાસિંહ વિહોલ-પ્રથમ, વંશ પટેલ ત્રીજો, નિબંધ સ્પર્ધા ૬થી ૧૪ વર્ષ રોનક ભરવાડ ત્રીજો, તબલા યોમેશ હડિયા બીજો, ભજન અને લોકગીત ૧૫થી ૨૦ વર્ષ પ્રતીક પ્રણામી બીજો, ભજન અને લોકગીત ૬થી ૧૪ વર્ષ માનવ ત્રિવેદી બીજો અને કલ્પેશ ભગત ત્રીજો, સમૂહ લગ્નગીત દિનેશ ચૌધરી પ્રથમ નંબર, વકૃતત્વ સ્પર્ધા ક્રીશ પટેલ બીજો નંબર મેળવી વિજેતા થયા હતા. સ્પર્ધકોને તૈયાર કરવાનું શ્રેય વ્યાયામ શિક્ષકશ્રી લાભુભાઈ દેસાઈ અને શ્રી સંજયભાઈ પટેલના શિરે જાય છે.

## ખેલમહાકુંભ

● ગુજરાત રાજ્ય ખેલમહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાએ વિજેતા બનેલ શાળાઓને સન્માનવાના કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લાનો આંબલિયાસણ મુકામે રાખવામાં આવ્યો હતો. સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીએ જિલ્લામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી રોકડ ૭૫૦૦૦ હજાર રૂપિયાનું ઇનામ મેળવ્યું છે. જેનું શ્રેય વિદ્યાર્થીઓની સાધના અને તેને પ્રોત્સાહિત કરનાર વ્યાયામ શિક્ષકો શ્રી દિનેશભાઈ, શ્રી અરવિંદભાઈ અને વ્યાયામ કોચમિત્રોને જાય છે.

● શ્રીમતી આર. એન. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભ અંતર્ગત આયોજિત દોડ, કૂદ અને ગોળાફેંકમાં જિલ્લા કક્ષાએ - Under-૯ નૌતિક પટેલ, Under-૧૧ પૃથા પટેલ, યજ્ઞ પટેલ અને Under-૧૪માં તૃષિક કટારા, જીયા પટેલ, કશિશ પટેલ, ખુશી નિનામા અને જિજ્ઞેશ બારિયા- વિજેતા થયા છે.

## ચિત્ર પ્રદર્શન / સ્પર્ધા

● સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી સ્થિત 'ક્રિએટિવ ઝોન' દ્વારા આયોજિત 'ચિત્ર પ્રદર્શન'નું ઉદ્‌ઘાટન પ્રજાસત્તાક પર્વના દિને ચૅરમૅનશ્રી, મંત્રીશ્રીઓ અને પ્રિન્સિપાલોના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલાં ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં. સારી કૃતિઓ બનાવનાર વિદ્યાર્થીઓને પસંદ કરી એમને જરૂરી માર્ગદર્શન આપી ૧૫ દિવસનો વર્કશોપ યોજી ચિત્રો બનાવવામાં આવ્યાં છે. આ હેતુ થતો તમામ ખર્ચ મંડળ દ્વારા કરવામાં આવે છે. પ્રદર્શનમાં વેચાણ માટે મૂકેલ ચિત્રોમાંથી મળતી રકમ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે આપવામાં આવે છે. આજદિન સુધી ૨૨૮૫ જેટલાં સુંદર ચિત્રો બનાવવામાં આવ્યાં છે. આ પ્રદર્શનનું આયોજન ક્રિએટિવ ઝોનના કો-ઑર્ડિનેટર શ્રી કેતનભાઈ સાદરાકર અને શ્રી ભરતભાઈ ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ દ્વારા તા. ૮-૧-૨૦૨૦ના રોજ ધોરણ - ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ 'પાણી બચાવો' એ વિષય પર ચિત્રો દોરીને તેમાં રંગપૂરણી કરી હતી.

## નાતાલ પર્વ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રા. સ્કૂલમાં તા. ૨૪-૧૨-૨૦૧૯ના રોજ નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ૪૦૦ વિદ્યાર્થિનીઓએ સ્ટેજ પર્ફોર્મન્સ કર્યું હતું અને ૨૪ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જ પ્રકારના કાર્યક્રમનું આયોજન શ્રી જે. બી. પ્રાથમિક શાળા તથા શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર દ્વારા પણ કરવામાં આવ્યું હતું.

## પૂજ્ય છગનભા વિજયપદ્મ

● પૂજ્ય છગનભાની સ્મૃતિમાં કડી મુકામે તા. ૨૧-૧૨-૨૦૧૯ના રોજ પૂજ્ય છગનભા વિજયપદ્મ પારિતોષિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ૨૧ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં ચેસમાં પટેલ ઋતુલ પલ્કેશભાઈએ પ્રથમ સ્થાન, કેરમમાં પટેલ સ્મિત સંજયભાઈએ દ્વિતીય, સ્કેટીંગમાં રાણા પૃથ્વીરાજ દીપકસિંહે દ્વિતીય અને ૧૦૦ મીટર દોડમાં તરાલ મનોજ સુરેશભાઈએ તૃતીય સ્થાન તથા બૌદ્ધિક વિભાગમાં જનરલ ચેમ્પિયનશિપ પ્રાપ્ત કરી હતી. જ્યારે શ્રીમતી કમલાબહેન અમૃતલાલ પટેલ શિવહરી સ્કૂલના વિદ્યાર્થીઓએ વિવિધ રમતો જેવી કે કેરમ, ચેસ, નિબંધ, દોડ, શોટ પુટ તેમજ આર્ચરી જેવી સ્પર્ધાઓમાં ભાગ લઈ શિલ્ડ તેમજ જનરલ ટ્રોફીઓ મેળવી.

## પૂ. દાસકાકા રમતોત્સવ

● શ્રીમતી આર. એન. પ્રાથમિક સ્કૂલમાં તા. ૧૧ ડિસેમ્બરના રોજ પૂજ્ય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવતાં મુખ્યમહેમાન શ્રી વિરાજબહેન પટેલે તેને ખુલ્લો મૂકી પ્રસંગોચિત

વક્તવ્યમાં રમતોનું મહત્ત્વ સમજાવ્યું હતું. આ રમતોત્સવમાં વિવિધ જમ્પ, લાંબી કૂદ, દડા ફેંક, રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વ્યાયામવીર તરીકે કટારા તૃષિત અરવિંદભાઈ (ધોરણ ૮/એ) અને વીરબાળા તરીકે પટેલ જિયા ભદ્રેશભાઈ (ધોરણ ૮/એ)ને જાહેર કરવામાં આવ્યાં હતાં.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં પૂજ્ય દાસકાકા શિયાળુ રમતોત્સવ તા. ૧૭-૧૨-૨૦૧૯ના રોજ યોજાઈ ગયો, જેને ડૉ. અવકાશભાઈ પટેલ તથા ડૉ. જૈમિષાબહેન પટેલે ખુલ્લો મૂકીને પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં સ્વચ્છતા અને જીવનમાં રમતોનું મહત્ત્વ વિશે સમજાવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન વ્યાયામ શિક્ષકો દક્ષાબહેન પટેલ, હંસાબહેન પટેલ તથા ચંદ્રકાન્તભાઈએ કર્યું હતું.

## પ્રકૃતિ શિક્ષણ શિબિર

● શ્રી જે. બી. પ્રાથમિક શાળનાં ધોરણ ૭ અને ૮ના ૫૦ વિદ્યાર્થીઓ માટે વન સંશોધન સંકુલ, ગાંધીનગર દ્વારા તા. ૧૫થી ૧૭-૧૨-૨૦૧૯ સુધી પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વન વિભાગનાં કર્મચારીઓ દ્વારા પ્રકૃતિલક્ષી વાર્તાલાપ, વન્ય જીવો અને પર્યાવરણનું પ્રત્યક્ષ નિદર્શન, જંગલ વિસ્તારમાં ટ્રેકિંગ, રાત્રે કેમ્પફાયર વગેરે જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત આ શાળા દ્વારા તા. ૯ જાન્યુઆરીના રોજ આનંદમેળાનું અને ૧૧ જાન્યુઆરીના રોજ પતંગ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## પ્રાથમિક સારવાર

● નરોડા (અમદાવાદ) ખાતે જી.વી.કે. (૧૦૮)ના ઉપક્રમે પ્રાથમિક સારવાર તાલીમ યોજાઈ હતી. જેમાં શિવહરિ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના શિક્ષકો ભાવિકભાઈ સુખડિયા અને ગાંધી સુનીતાએ તાલીમ મેળવી હતી. તાલીમ મેળવ્યા બાદ આ બંને શિક્ષકોએ શાળાના તમામ શિક્ષકોને અને વિદ્યાર્થીઓને કઈ રીતે પ્રાથમિક સારવાર આપવી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## બાલોત્સવ

● શ્રીમતી આર. એન. પ્રાથમિક સ્કૂલમાં તા. ૧૦ ડિસેમ્બરના રોજ તથા શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા. ૧૮-૧૨-૨૦૧૯ના રોજ 'બાલોત્સવ'ની ઉજવણી અંતર્ગત સુલેખન, વાર્તાકથન, બાળગીત, શ્રુતલેખન, વાંચન, ચિત્ર, યાદશકિત ચકાસણી, અભિનય ગીત, શીઘ્ર નિબંધ, એકપાત્રીય અભિનય, નૃત્ય વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

## યુવક મહોત્સવ

● ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગાંધીનગર દ્વારા ૫૩મા રાજ્યકક્ષાના યુવા ઉત્સવમાં મહેસાણા જિલ્લાના સ્પર્ધકોએ ૧૦ કૃતિઓમાં ભાગ લીધો હતો. આ પૈકી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી દ્વારા ૪ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી, જેમાં વેદ પ્રજાપતિ (ધોરણ-૧૨) એ રાજ્યકક્ષાએ બીજો નંબર પ્રાપ્ત કર્યો. આ ઉપરાંત લોકવાર્તામાં વાઢેર બંદિયા, સર્જનાત્મક કૃતિમાં પટેલ ક્રિમા, તબલા સહાયક અભિજિત, વક્તૃત્વમાં રબારી ભાથીભાઈએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડવાની કામગીરી શ્રી શૈલેશભાઈ ઓઝા અને શ્રી જીતુભાઈ નાયક દ્વારા કરવામાં આવી હતી.

## રમતગમત

● એસ.વી. અને એસ.જી. શાળાનો વાર્ષિક રમતોત્સવ તા. ૨૮-૧૨-૨૦૧૯ના રોજ સેક્ટર-૧૬માં સ્થિત મહાત્મા ગાંધી વિદ્યાલયના મેદાનમાં ઊજવાયો. આ પ્રસંગે કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, ભૂતપૂર્વ આચાર્યા કૌશલ્યાબહેન પરીખ, મહાત્મા ગાંધી વિદ્યાલયના આચાર્ય શ્રી નટુભાઈ લાડાણી, મહેસાણાના પીઆઈ શ્રી રાજુભાઈ ત્રિવેદી વગેરે મહેમાનપદે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે પરેડ, સૂર્ય નમસ્કાર, જીમ્નાસ્ટીક, યોગ, કરાટે, નૃત્ય વગેરે પ્રદર્શિત કર્યા બાદ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં તા. ૨૨-૦૧-૨૦૨૦ના રોજ ધોરણ- ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે ક્રિકેટ અને વિદ્યાર્થિનીઓ માટે બાસ્કેટ બૉલની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

● મમતા સ્પોર્ટ્સ સેન્ટર ખાતે તાલીમ લઈ રહેલી મૂલીયા રોયએ વિદ્યાર્થીઓ પૈકી અંન્ડર-૧૧ મીની રોલબોલ નૅશનલ ચૅમ્પિયનશિપ ૨૦૧૯-૨૦૨૦ તા. ૧૦-૧૩ જાન્યુઆરી, ૨૦૨૦ના દિવસોમાં દ્રોણાચાર્ય સ્ટેડિયમ કુરુક્ષેત્ર (હરિયાણા) ખાતે યોજવામાં આવી હતી

તેમાં સિલ્વર મેડલ અને હીર ઠાકુરે અંન્ડર-૧૪ સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઑફ ઇન્ડિયા દ્વારા ૧૮-૨૧ જાન્યુઆરી, ૨૦૨૦ દરમિયાન ઓરંગાબાદ (મહારાષ્ટ્ર) ખાતે આયોજિત રોલબોલ નૅશનલ ચૅમ્પિયનશિપ ૨૦૧૯-૨૦૨૦ બ્રોઝ મેડલ મેળવ્યો. અભિનંદન.

### રાજ્યપાલશ્રીની પરીક્ષાર્થીઓને શુભકામનાઓ

● ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૦માં લેવાનાર ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા સંદર્ભે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન હેતુ બાયસેગના માધ્યમથી માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા માનનીય શિક્ષણ રાજ્યમંત્રી વસુબહેન ત્રિવેદીનાં પ્રેરક વક્તવ્યોનું જીવંત પ્રસારણ તા. ૨૮-૦૧-૨૦૨૦ના રોજ સાયં ૪:૦૦ કલાકે 'વંદે ગુજરાત' ચેનલ નં. ૧૦ પરથી કરવામાં આવતાં શેઠ સી. એમ. હાઈસ્કૂલનાં ધોરણ - ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવતાં ગુજરાતના રાજ્યપાલ આચાર્યશ્રી દેવવ્રતે જણાવ્યું હતું કે પરીક્ષા એ જીવનનો અંતિમ પડાવ નથી. દીર્ઘકાલીન જીવનમાં સફળતા માટેના અનેક રસ્તા છે. નિરાશ થયા વિના ધૈર્ય, દ્રઢ મનોબળને જુસ્સાથી પરીક્ષા આપવી જોઈએ. ઈમાનદારીથી કરેલા પરિશ્રમનું પરિણામ અવશ્ય મળે છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ તણાવમુક્ત રહીને બોર્ડની પરીક્ષા આપવી જોઈએ.

### વક્તૃત્વ સ્પર્ધા

● શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન, મગોડી દ્વારા તા. ૨૨-૦૧-૨૦૨૦ના રોજ 'સંસ્કાર વર્ધક' વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થી પટેલ પ્રિત દેવેન્દ્રકુમારે ધોરણ ૧થી ૫ વિભાગમાં દ્વિતીય નંબર મેળવી રૂ. ૩૦૦/- રોકડ ઇનામ તથા પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું.

### વાર્ષિકોત્સવ

● શેઠ સી. એમ. હાઈસ્કૂલનો ૪૧મો વાર્ષિકોત્સવ અને તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવાનો સમારંભ તા. ૧-૧-૨૦૨૦ના રોજ યોજવામાં આવ્યો હતો. આ સમારંભના અધ્યક્ષપદે મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, ઉદ્ઘાટક તરીકે શ્રી ભગુભાઈ મંગળદાસ પટેલ (દાતાશ્રી યુ.એસ.એ.) તેમજ શ્રીમતી શારદાબહેન ભગુભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે શ્રી દલપતભાઈ પઢિયાર (નિવૃત્ત અધિક માહિતી નિયામકશ્રી અને જાણીતા સાહિત્યકાર) તેમજ વિશેષ ઉપસ્થિતિમાં શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓશ્રી ચિરાગ પટેલ (આઈ.પી.એસ. પોલીસ અધિક્ષક, મહીસાગર), ડૉ. કુમાર મહેતા (સુપર સ્પેસ્યાલિસ્ટ, અમદાવાદ), શ્રી યુવરાજસિંહ વાઘેલા (આર.ટી.ઓ. સુરેન્દ્રનગર), શ્રી યુવરાજસિંહ ચૌહાણ (ડિસ્ટ્રિક રજિસ્ટ્રારશ્રી, અમદાવાદ) અને મેહુલ જોષીનાં માતુશ્રી વીણાબહેન જોષી હાજર રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્યા ડૉ. ચેતના બૂચે સ્વાગત પ્રવચન કરીને શાળાની પ્રગતિનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. આ વાર્ષિકોત્સવમાં પૂજ્ય છગનભા મેડલ પારિતોષિક, પૂજ્ય દિવાળીબા, પૂજ્ય દાસકાકા અને પૂજ્ય માણેકલાલ એમ. પટેલસાહેબ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ એનાયત કરવામાં આવી. તમામ ધોરણોના તમામ વર્ગોમાં પ્રથમ આવનાર ૨૧ વિદ્યાર્થીઓને રૂ. ૨૩૨૮૨/- મેરિટ સ્કૉલરશિપ એનાયત કરવામાં આવી. આ ઉપરાંત નૅશનલ કક્ષાની રમતમાં ભાગ લેનાર બે વિદ્યાર્થીઓને રૂ. ૫૦૦૦/-નો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. વધુમાં, JEE / NEETમાં સારું પ્રદર્શન કરનાર વિદ્યાર્થિનીઓ પટેલ જીનલ અને પટેલ પૂજાનું મહેમાનશ્રીઓના હસ્તે શિલ્ડ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં વિદ્યાર્થીઓ દ્વારા 'નવરસ' થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો. સમારંભના અધ્યક્ષશ્રી ડૉ. કનુભાઈ પટેલે આ શાળાને પાયોનિયર સંસ્થા ગણાવી તેમાં ઉજ્જ્વળ પરિણામો બદલ તમામ સ્ટાફને અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. ઉદ્ઘાટક શ્રી ભગવાનદાસ પટેલે વિદ્યાર્થીઓને ઉચ્ચતમ કારકિર્દી માટે શુભાશિષ પાઠવ્યા હતા. શ્રીમતી વીણાબહેન જોશી દ્વારા કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને રૂ.૧,૦૦,૦૦૦/- (એક લાખ)નું દાન આપવામાં આવ્યું હતું.

### વિજ્ઞાન મેળો

● શ્રી કડી નાગરિક સહકારી બૅંક પ્રાથમિક શાળા, એસ. વી. કૅમ્પસ, કડી દ્વારા આયોજિત વિજ્ઞાન મેળાનું ઉદ્ઘાટન તા. ૮ જાન્યુઆરીના રોજ મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ અને શ્રી હીનાબહેન વી. ખમાર (પ્રમુખ, લાયન્સ કલબ ઑફ કડી) દ્વારા કરવામાં આવ્યું.

આ પ્રસંગે મંડળના મંત્રીશ્રીઓ અને ભગીની સંસ્થાઓના આચાર્યશ્રીઓ સહભાગી બન્યા હતા. પ્રિ. ડૉ. બાબુલાલ પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ વિજ્ઞાન મેળામાં ૧૨૧ વિદ્યાર્થીઓ દ્વારા ૪૧ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ મેળાનો લાભ કેમ્પસમાં સ્થિત શાળાઓના વિદ્યાર્થીઓએ લીધો હતો.

### શબ્દજોડણી

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૨૫-૦૧-૨૦૨૦ના રોજ અંગ્રેજી સ્પેલિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. શાળામાં વર્ષ દરમિયાન દરેક વર્ગમાં દરરોજ બે નવા સ્પેલિંગનું લેખન કરાવવામાં આવે છે. ત્યારબાદ વર્ષના અંતે દરેક વર્ગમાં સ્પર્ધા યોજવામાં આવે છે.

### શૈક્ષણિક પ્રવૃત્તિ

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી શાળામાં ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ ઍન્ડ ટેક્નૉલૉજી પ્રેરિત ગાંધીનગર જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર (નિસર્ગ સાયન્સ સેન્ટર) દ્વારા વૈજ્ઞાનિકોની વેશભૂષા તથા વક્તવ્યનો કાર્યક્રમ યોજવામાં આવતાં શિક્ષિકા શ્રીમતી હેતલબહેન પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ મેરી કયૂરી, થોમસ આલ્વા ઍડિસન, આલ્બર્ટ આઇન્સ્ટાઈન તથા ન્યૂટનની વેશભૂષામાં સજ્જ થઈ તેમના જીવન અને શોધો વિશે વાત કરી હતી.

### શૈક્ષણિક મુલાકાત

● કમળાબહેન અમૃતલાલ પટેલ શિવહરી સ્કૂલ, કડી દ્વારા 'સ્ટેચ્યૂ ઑફ યુનિટી'ની મુલાકાતનું આયોજન કરવામાં આવતાં ૩૧૨ વિદ્યાર્થીઓ અને ૨૨ શિક્ષકો જોડાયા હતા. આ ઉપરાંત વિધાનસભાની મુલાકાતનું આયોજન કરાયું હતું. જેમાં ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓએ વિધાનસભાની કાર્યવાહી નિહાળી હતી.

● એસ.જી. એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ ઑફિસ, નર્સરીની તથા સેક્ટર-૨૧ના પોલીસ સ્ટેશનની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના વિજ્ઞાન શિક્ષકોએ તા. ૩૦ જાન્યુઆરીના રોજ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, ગાંધીનગરની મુલાકાત લઈ ગુનાના પ્રકાર, ગુનાઓને આધુનિક ટેક્નિકથી ઓળખવાની પદ્ધતિઓ, પુરાવાઓની જાળવણી, ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ વગેરે વિશેની માહિતી મેળવી હતી. આ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતતા લાવવા માટે આચાર્યા ડૉ. ચેતના બુચના માર્ગદર્શન હેઠળ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

### સાંસ્કૃતિક પ્રવૃત્તિ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલમાં તા. ૨૨ જાન્યુઆરીના રોજ સાંસ્કૃતિક તેમજ વેશભૂષા કાર્યક્રમ યોજાયો. જેમાં ૨૯૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વાલીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ધોરણ ૧-૨ના વિદ્યાર્થીઓ દ્વારા દાબલા ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

### સંગીત

● એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ૨૨ જાન્યુઆરીના રોજ બેન્ડાસ્ટિક સ્પર્ધા યોજાઈ. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ સંગીતનાં વિવિધ સાધનોનો ઉપયોગ કરીને અલગ અલગ ગીતો રજૂ કર્યાં હતાં.

### સ્કાઉટ રેલી

● ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઇડ સંઘ પરિવાર દ્વારા ૩૯મી સ્કાઉટ ગાઇડ જિલ્લા રેલી તા. ૩ અને ૪ જાન્યુઆરીએ યોજાયેલ, જેમાં ૩૫ સ્કૂલોએ ભાગ લીધો હતો. આ રેલીમાં શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલની વિદ્યાર્થિની પટેલ નૈયા શૈલેશકુમારે (ધો-૮/ડ) ગાંઠોની સ્પર્ધામાં ત્રીજો નંબર તથા ઝાલા જયા રતનસિંહે (ધો-૮/અ) અવલોકન સ્પર્ધા તથા છાવણી નિરીક્ષણમાં ત્રીજો નંબર પ્રાપ્ત કરી ટ્રૉફી મેળવેલ છે.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૦, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૦, સળંગ અંક : ૫૫**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

સર્વ વિદ્યાલય, કડીમાં રાષ્ટ્રના ૭૧મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલના અધ્યક્ષપદે કરવામાં આવતાં ડૉ. રમણભાઈ પટેલ ધ્વજવંદન કરાવી રહ્યા છે તે દૃશ્ય અને આ પ્રસંગે રજૂ કરવામાં આવેલ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનાં દૃશ્યો.










**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 10, Issue No. 1 January-February 2020**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**




‘શ્રી માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ’ એનાયત સમારોહ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલના અધ્યક્ષપદે તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ આયોજિત કરવામાં આવતાં મંચસ્થ દાતાશ્રીઓ,મંડળના પદાધિકારીશ્રીઓ વગેરે દ્રશ્યમાન થાય છે. આ સમારોહમાં દાતાશ્રીઓના વરદહસ્તે **રૂ. ૧,૪૧,૦૦,૯૮૩/-**ના ચેક ૧૨૯૪ વિદ્યાર્થીઓને મેરિટ અને મિન્સ સ્કૉલરશિપ પેટે એનાયત કરવામાં આવ્યા હતા.

